પાનાં : ૨૮ કિંમત : રૂા. ૬-૦૦ ** તા. ૮ નવેમ્બર ૨૦૨૬ રવિવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો વદ - ૧૪ વર્ષ : ૯૪, અંક : ૩૦૪ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

વાંચના વિશેષ

શબ્દપૂર્તિ

પરમાણુ હુમલા સામે ટક્કર આપતું ટ્રમ્પનું ડૂમ્સ ડે પ્લેન અમેરિકાના આકાશમાં દેખાતા અનેક અટકળો

રદ્દ થવાયા ટ્રમ્પનો બીજા દિવસે ઈરાન પર હુમલો

નવા જૂનીના ભણકારા

(પીટીઆઈ) વોશિંગ્ટન, તા.૭

ઈરાન યુદ્ધના કારણે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં મિડટર્મ ચૂંટણીમાં પરાજયનો સામનો કરવો પડ્યો. આ હારથી ધૂંધવાયેલા પ્રમુખ ટ્રમ્પે શાંતિના બદલે ઈરાન સામે યુદ્ધને વધુ ભયાનક કરવાનો માર્ગ અપનાવ્યો છે. અમેરિકાએ સતત બીજા દિવસે ઈરાનના કેશમ ટાપુ પર હુમલો કર્યો હતો. આ હુમલાનો આશય ઈરાનની એર ડિફેન્સ સિસ્ટમનો નાશ કરવાનો હતો. આ સાથે પ્રમુખ ટ્રમ્પે ઈરાનના પરમાણુ કાર્યક્રમની વિગતો જાહેર કરનારને બે કરોડ ડોલર આપવાની જાહેરાત કરીને બળતામાં ઘી હોમ્યું છે. બીજીબાજુ ઈરાને તેની પરમાણુ હથિયારો અંગેની નીતિમાં પરિવર્તન કરવાની તૈયારી બતાવી છે. સાથે દાવો કર્યો છે કે તેની પાસેના હથિયારો અંગે અમેરિકા વિચારી પણ શકે તેમ નથી. સાથે ઈરાને કેશમ ટાપુ પર અમેરિકાનું ડ્રોન તોડી પાડ્યાનો પણ દાવો કર્યો હતો. વધુમાં ઈરાને હવે બેલેસ્ટિક મિસાઈલથી ૨,૦૦૦ કિ.મી. દૂર હુમલા કરવાની ચેતવણી આપી હતી.



રામાયણના સુંદરકાડમાં શ્રીરામ અને સમુદ્ર વચ્ચેનો સંવાદ ખૂબ ખાસ છે. આ સંવાદ પ્રભુ શ્રીરામની ધીરજની સાથે સાથે સમય આવ્યે દેખાડવામાં આવતા પરાક્રમને વર્ણવે છે. જ્યારે, સીતાજીની શોધમાં પ્રભુ વાનરસેનાને લઈને લંકા જવા માટે સમુદ્રકિનારે પહોંચે છે ત્યારે, સમુદ્ર પાર કરવા માટે શ્રીરામ સમુદ્રને આદર આપે છે. તેઓ સમુદ્ર કિનારે ચટાઈ બિછાવીને બેસે છે. ત્રણ દિવસ સુધી હાથ જોડીને સમુદ્રને પ્રાર્થના કરે છે. પરંતુ, જેમ અહંકારમાં ડૂબેલો માણસ કોઈનું ન સાંભળે તેમ સમુદ્ર શ્રીરામની પ્રાર્થના નથી સાંભળતો. જ્યારે, ત્રણ દિવસ બાદ પણ સમુદ્રે માર્ગ ન આપ્યો ત્યારે, પ્રભુ શ્રીરામ ગુસ્સે ભરાય છે. 'વિનય ન માનત જલધિ જડ, ગયે તીન દિન બીતિ, બોલે રામ સકોપ તબ, ભય બિનુ હોઈ ન પ્રીતિ'. શ્રીરામે જેવા ધનુષ પર પ્રલયકારી બાણ ચઢાવ્યું કે, અહંકારી સમુદ્ર ધ્રુજવા લાગ્યો અને રામસેતુ બનાવવાનો ઉપાય બતાવ્યો. આવી જ રીતે રાવણના અહંકારનું હતું. સત્તામાં બેઠેલા રાવણ પાસે વિશ્વની તમામ સુખસુવિધા હતી. સોનાનો મહેલ હતો. તેણે પોતાના જ ભાઈ વિભિષણની સલાહ ન માની. અને આખી સોનાની લંકા બળીને ખાખ થઈ ગઈ. આપણે આ પ્રસંગોથી શીખવું પડશે. દશેરાના દિવસે અધર્મ પર ધર્મની અને અસત્ય પર સત્યની જીત થઈ હતી. દશેરાના આશરે ૨૦ દિવસ બાદ પ્રભુ શ્રીરામ ૧૪ વર્ષનો વનવાસ પૂર્ણ કરીને અયોધ્યા પરત ફરે છે. આપણે આશા રાખીએ કે, દિવાળીના આ પાવન અવસરે શ્રીરામ આપણા તમામના જીવનમાં જીત લઈને આવે. સૌને શુભ દિપાવલી.

હવે બેલિસ્ટિક મિસાઈલથી ૨,૦૦૦ કિ.મી. દૂર હુમલા કરીશું, પરમાણુ હથિયારો અંગેની નીતિ બદલવા પણ તૈયાર : ઈરાનની ચેતવણી

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મિડટર્મ ચૂંટણી હારી ગયા પછી હવે ધૂંધવાયા બન્યા છે. અમેરિકન કોંગ્રેસમાં આપતા અમેરિકન આર્મીએ સતત બીજા દિવસે હોર્મુઝની ખાડીમાં કેશમ ટાપુ પર હુમલો કર્યો હતો. સાથે અમેરિકાએ સંભળાયા હતા. કેશમ ટાપુ પર બે મિસાઈલથી હુમલો કરાયો હતો. આ હુમલાથી નુકસાનની વિગતો હજુ સામે વિસ્તારમાં પણ વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા.

વધુમાં ટ્રમ્પે જાહેરાત કરી હતી કે ઈરાનના પરમાણુ કાર્યક્રમની માહિતી આપનારાને બે કરોડ ડોલર ઈનામ અપાશે. સાથે તેમને સુરક્ષિત સ્થળે રિલોકેટ પણ કરાશે. ઈરાનના પરમાણુ કાર્યક્રમમાં પરમાણુ સુવિધાઓ, ઉપકરણો, વૈજ્ઞાનિકો તેમજ પરમાણુ કાર્યક્રમ સંબંધિત વસ્તુઓના પરિવહન સંબંધિત માહિતી માગવામાં આવી છે.

(અનુસંધાન ૯મે પાને)

ઈરાનના પરમાણુ કાર્યક્રમની માહિતી આપનારાને બે કરોડ ડોલરનું ઈનામ આપવા ટ્રમ્પની જાહેરાત

બહુમત મેળવનારા ડેમોક્રેટ્સને સત્તા સંભાળી ટ્રમ્પ પર નિયંત્રણો મૂકવામાં બે મહિના જેટલો સમય લાગી શકે છે ત્યારે ટ્રમ્પે ઈરાન પર વધુ હુમલાને મંજૂરી ઈરાનના પરમાણુ એકમો પર પણ હુમલાની ચેતવણી આપી છે.

ઈરાને કહ્યું કે, કેશમ ટાપુના સુજા વિસ્તારમાં બે વિસ્ફોટોના અવાજ આવી નથી. જોકે, આ વિસ્તાર ઈરાનના ઓઈલની નિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ સમુદ્રી માર્ગ છે. કેશમ ટાપુની સાથે હેંગામ ટાપુ અને બંદર અબ્બાસ

યમનમાં એરસ્ટ્રાઈકમાં બે દિવસમાં ૬૩નાં મોત : હુથી બળવાખોરો

(પીટીઆઈ) સના, તા.૭

પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન યુદ્ધના તણાવ વચ્ચે સાઉદી અરબ અને યમનમાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરોનું યુદ્ધ પણ ભયાનક બન્યું છે. સાઉદી અરબના હવાઈ હુમલામાં બે દિવસમાં કુલ ૫૫ લોકોનાં મોત નીપજ્યાં હોવાનો હુથી બળવાખોરોએ દાવો કર્યો હતો. યમનમાં હુથી બળવાખોરો અને સાઉદી સમર્થિત યમન સરકાર વચ્ચે નવેસરથી

(અનુસંધાન ૯મે પાને)

શેલ્ટર હોમ પરના હુમલાનો મૃત્યુ આંક વધીને ૫૫ થયો

રશિયાએ યુક્રેનમાં વીજમથકોનો કચ્ચરઘાણ કાઢ્યો : અનેક વિસ્તારોમાં અંધારપટ

કીવ,તા.૭

રશિયાએ યુક્રેનમાં તબાહી મચાવી છે. તેણે વીજમથકો વીજલાઈનો સહિત દરેક પ્રકારના ઈન્ફ્રાસ્ટ્રકચર પર ભીષણ હુમલો કર્યો છે. તેના લીધે રાજધાની કીવમાં અંધારપટ છવાયો છે, લોકો પાણી વગર ટળવળવું પડે તેવી સ્થિતિ આવી છે. આ હુમલામાં નવને ઈજા થઈ છે. રશિયાએ અગાઉ કરેલા ભયંકર હુમલામાં મૃત્યુ આંક ૫૫ પર પહોંચ્યો છે. આ હકીકત બતાવે છે કે આ હુમલો કેટલો ભયાનક હતો. રશિયાએ યુક્રેનના કોમ્સીયાહુવખા ગામમાં કરેલા હુમલામાં સ્કૂલ અને તેની નજીકની શેલ્ટર ભોગ બન્યુ હતુ.

છત્તીસગઢ સરકારના નિર્ણયને સુપ્રીમે યોગ્ય ઠેરવ્યો

સરકારી કર્મીની ફરજિયાત નિવૃત્તિ એ કોઈ સજા નથી : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા. ૭

છત્તીસગઢની સરકાર દ્વારા પોતાના ચાર કર્મચારીઓને ફરજિયાત નિવૃત્ત કરવાનો આદેશ કરાયો હતો જેને સુપ્રીમ કોર્ટે યોગ્ય ઠેરવ્યો હતો. સાથે જ કહ્યું છે કે ફરજિયાત નિવૃત્તિનો આદેશ કોઈ સજા નથી કે ના તો આદેશના આધારે કર્મચારીના વર્તન પર કોઈ શંકા જાય છે.

ચોક્કસ આધાર પર કર્મચારીને ફરજિયાત નિવૃત્ત કરી શકાય તેવી સુપ્રીમની સ્પષ્ટતા

છત્તીસગઢ સરકારે પોતાના પાંચ કર્મચારીઓને ફરજિયાત નિવૃત્ત કરી દેતો આદેશ જારી કર્યો હતો, રાજ્ય સરકારે એવી દલીલ કરી હતી કે આ કર્મચારીઓની સેવાનું હવે કોઈ જાહેર હિત રહેતું નથ તેથી તેમને નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. આ નિર્ણયને યોગ્ય ઠેરવતા સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ફરજિયાત નિવૃત્ત કરી દેવાથી કર્મચારીના ચરિત્ર પર કોઈ જ લાંછન નથી લાગતું.

સાથે જ સુપ્રીમે કહ્યું હતું કે ફરજિયાત નિવૃત્ત કરી દેવાના આદેશથી કર્મચારીના વર્તન પર પણ કોઈ જ શંકા નથી જતી, ના તો આવા આદેશને ગેરવર્તનની સજા તરીકે જોવાની જરૂર છે.

મુખ્યત્વે એ જોવાનું રહે છે કે ખરેખર જે વ્યક્તિને નિવૃત્ત કરી દેવામાં આવી છે તેની કોઈ જરૂર છે કે પછી તે એક નકામી વ્યક્તિ બનીને રહી ગઈ છે? જોકે આવા નિર્ણયો માટે આધાર પણ હોવો જોઈએ. આ પહેલા છત્તીસગઢ હાઈકોર્ટે પણ રાજ્ય સરકારના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો.

નકારાત્મકતાથી સોશિયલ મીડિયા યુઝર્સ કંટાળ્યા

મિડટર્મમાં ડેમોક્રેટ્સની જીત બાદ અમેરિકામાં 'હોપસ્કોલિંગ'નો ટ્રેન્ડ

વોશિંગ્ટન, તા.૭

સોશિયલ મીડિયા પર સતત નકારાત્મક સમાચાર, ચિંતાજનક વીડિયો અને દુઃખદ ઘટનાઓ જોવાની આદતને 'ડૂમસ્કોલિંગ' કહેવામાં આવે છે. જોકે, હવે તેના વિરોધમાં એક નવો ટ્રેન્ડ શરૂ થયો છે, જેને 'હોપસ્કોલિંગ' નામ આપવામાં આવ્યું છે. તેમાં યુઝર્સ નકારાત્મક સમાચારોને બદલે આશા જગાડે તેવા વીડિયો, પ્રેરણાદાયી મેસેજ, સારા સમાચાર અને ખુશીની

(અનુસંધાન ૯મે પાને)

યુઝર્સ ડૂમસ્કોલિંગની જગ્યાએ આશા જગાડે તેવા વીડિયો, પ્રેરણાદાયી મેસેજ જોવાનું પસંદ કરી રહ્યા છે

યુક્રેનના વળતા પ્રહારમાં રશિયામાં એકનું મોતઃ રશિયાને આકરો જવાબ આપવાની યુક્રેનની ચેતવણી

જણાવ્યું નથી. તે અહીં માનવીય સહાય મેળવવા આવી હતી અને ત્યાં જ ત્રણ ટનનો બોમ્બ પડ્યો હતો. તે ક્યાં છે, એમ તે પૂછે છે. તે ઘરે પરત ફરી નથી. તેઓને ત્યાં તેમનો મૃતદેહ મળ્યો નથી. તેનો મૃતદેહ મોર્ગમાં પણ નથી અને તે જીવતી પણ નથી. કામિશુવાખા ગામ ઝાપોરિઝ્જિયા પ્રાંતમાં આવેલું છે. તેના રશિયાના બેલગોરોડ પ્રાંતમાં એકનું મોત થયું છે. યુક્રેનનું ડ્રોન ગ્રેવોરો ટાઉનના એક મકાન પર ત્રાટકતા આ મોત થયુ હતું. રશિયન સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેમના લશ્કરી દળોએ ૪૧૧ પછી રશિયાએ કીવ કરેલા વધુ એક મિસાઈલ હુમલામાં કુલ નવને ઈજા થઈ છે.

યુક્રેને કરેલા વળતા પ્રહારમાં યુક્રેનિયન ડ્રોન તોડી પાડ્યા છે. આ ડ્રોન રશિયાના કુલ ૧૦ પ્રાંત પર છોડવામાં આવ્યા હતા. તેમા બેલગોરોડનો પણ સમાવેશ થાય છે. રશિયન મીડિયાએ જણાવ્યું હતું કે સારાતોવ ઓઈલ રિફાઈનરી પર હુમલો થયો છે અને તેમાથી નીકળતા ધુમાડાની ઈમેજ શેર કરી હતી.

રશયાના ઓરીઓલ પ્રાંતમાં ગવર્નરે જણાવ્યું હતું કે યુક્રેનના હુમલાના લીધે કોમર્સિયલ વેરહાઉસ અને પ્રોડક્શન સાઈટને નુકસાન પહોંચ્યુ છે. હવે યુક્રેન

(અનુસંધાન ૯મે પાને)

પાંચ મિનિટમાં આધાર બની જાય, ગલીએ ગલીએ કેન્દ્રો

સરકારી યોજનાના લાભ માટે આધારનું સ્થાન મતદાર કાર્ડ લેશે : કેન્દ્રીય મંત્રી

નવી દિલ્હી, તા. ૭

સરકારી યોજનાઓ કે અન્ય સહાયના લાભાર્થીઓ અત્યાર સુધી આધાર કાર્ડના આધારે બેન્ક ખાતામાં નાણા મેળવતા હતા, જોકે હવે આધાર કાર્ડના સ્થાને ટૂંક સમયમાં ચૂંટણી કાર્ડ (એપિક) નંબરનો ઉપયોગ કરવામાં આવશે, આ જાહેરાત કેન્દ્રીય મંત્રી રાજીવ રંજનસિંહ ઉર્ફે લલનસિંહે કરી હતી. હવે ગલી ગલીએ આધાર કાર્ડ મળી રહ્યા છે. જેનું કહો તેનું પાંચ મિનિટમાં આધાર કાર્ડ બની જાય છે.

વોટિંગ કાર્ડ જ આધાર કાર્ડ ગણાશે, એપિક નંબરના આધારે સહાયના નાણાં જમા કરવામાં આવશે : લલનસિંહ

કેન્દ્રીય પંચાયતી રાજ, ફિશરિઝ વગેરે બાબતોના મંત્રી લલનસિંહે પંચાયતી રાજ મંત્રાલય દ્વારા આયોજીત રાષ્ટ્રીય સ્તરના એક વર્કશોપમાં પોતાનું ભાષણ આપતી વખતે આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે હવે દરેક ગલીમાં આધાર કેન્દ્રો છે, પાંચ જ મિનિટમાં કોઈને પણ આધાર કાર્ડ ઈશ્યૂ કરવું શક્ય છે. હવે લાભાર્થીઓ સુધી તેમનો લાભ પહોંચાડવા માટે આધારકાર્ડનો ઉપયોગ નહીં થાય. હવેથી

(અનુસંધાન ૯મે પાને)

દિલ્હીની વાત

રાહુલ ગાંધીના નિવાસસ્થાને દિવાળી પાર્ટી, જૂનિયર ગાંધીઓનો દબદબો

નવીદિલ્હી, તા. ૭

રાહુલ ગાંધીના નિવાસસ્થાને કોંગ્રેસે દિવાળી પાર્ટીનું આયોજન કર્યું હતું. આ પાર્ટીમાં કોંગ્રેસના દરેક મુખ્યમંત્રીઓ, સાંસદો અને સિનિયર નેતાઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમાં પ્રિયંકા ગાંધી વાડ્રા અને રોબર્ટ વાડ્રા છવાઈ ગયા હતા. પ્રિયંકા ગાંધી પોતાના પુત્ર રેહાન વાડ્રા અને એમની મગેતર અવિવા બેગ સાથે નજરે આવ્યા હતા. અવિવા બેગ ફોટોગ્રાફર છે. ૨૦૨૫માં રેહાન અને અવિવાની સગાઈ થઈ હતી. સગાઈ રણથંભોરમાં ખુબ જ સાદાઈથી કરવામાં આવી હતી.

(અનુસંધાન ૯મે પાને)

યુરોપમાં અનેક દેશોમાં ડેટા સેન્ટર વિરોધી ચળવળ ઉગ્ર બની

નેધરલેન્ડમાં માઈક્રોસોફ્ટના ડેટા સેન્ટરમાં દેખાવકારોનો હુમલો-તોડફોડ

(પીટીઆઈ) ધ હગ, તા.૭

પશ્ચિમી દેશોમાં એઆઈ ટેક્નોલોજીની સાથે ડેટા સેન્ટર્સનો વિરોધ વધી રહ્યો છે ત્યારે યુરોપ અનેક દેશોમાં ડેટા સેન્ટર વિરોધી ચળવળ વધી રહી છે. નેધરલેન્ડના એમ્સ્ટરડેમમાં માઈક્રોસોફ્ટના ડેટા સેન્ટરના નિર્માણ સ્થળ પર દેખાવકારોએ હુમલો કર્યો હતો અને તોડફોડ કરી હતી. દેખાવકારો માઈક્રોસોફ્ટના નવા ડેટા સેન્ટરના બાંધકામ સ્થળે પહોંચી ક્રેન પર ચઢી ગયા હતા અને ફ્લેર સળગાવ્યા હતા. ડચ પોલીસે વિરોધ દરમિયાન ટ્રેસપાસના આરોપ હેઠળ ૨૦૦ જેટલા દેખાવકારોની અટકાયત કરી હતી.

ડેટા સેન્ટરનો ઉપયોગ માત્ર એઆઈ યુદ્ધ, લોકોની જાસૂસી કરવા અને નરસંહાર માટે થશે : દેખાવકારોનો દાવો

એમસ્ટર્ડમમાં દેખાવકારોએ મોટા ડેટા સેન્ટરોના નિર્માણ અટકાવવાની માગ કરતા વીજળી અને પાણીના વપરાશ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. જર્મની અને ઈટાલી સહિત યુરોપના અન્ય દેશોમાં પણ ડેટા સેન્ટર વિરોધી દેખાવો વધી રહ્યા છે. દેખાવકારો એમસ્ટરડમમાં માઈક્રોસોફ્ટના નવા ડેટા સેન્ટરના નિર્માણ સ્થળમાં ઘૂસી ગયા હતા. તેમને અટકાવવા જતી પોલીસ સામે પણ દેખાવકારોને ઘર્ષણ થયું હતું. ગેફ તેગનગાસ નામના દેખાવકારોના જૂથના સભ્ય નાથન ટિમરે કહ્યું કે, તેઓ ડેટા સેન્ટરનું નિર્માણ કાર્ય રોકાવવા માટે આ જગ્યાનો કબજો જમાવીને બેઠા છે. આ જૂથના નામનો અર્થ છે 'વિરોધ કરો' અથવા 'પાછળ ધકેલો'. દેખાવકારોની માગ છે કે મોટાપાયે ડેટા સેન્ટર બનાવવા જોઈએ નહીં. આ કેન્દ્રોમાં જંગી પ્રમાણમાં વીજળી અને પાણીની જરૂર પડે છે, જેથી સમાજ અને પર્યાવરણ સંબંધિત ચિંતાઓ વધી રહી છે.

ટીમરે કહ્યું, ડેટા સેન્ટરનો ઉપયોગ માત્ર એઆઈ મારફત ખરાબ સામગ્રી બનાવવા, એઆઈ યુદ્ધ, લોકોનું નિરીક્ષણ રાખવા અને નરસંહાર કરવા માટે જ થશે. અમે આવું ઈચ્છતા નથી. ડેટા સેન્ટરનું નિર્માણ કાર્ય બંધ નહીં થાય

(અનુસંધાન ૯મે પાને)

ડચ પોલીસે પ્રદર્શનકારીઓને ડેટા સેન્ટરની બહાર ખદેડ્યા, ૨૦૦ની ધરપકડ કરી

બેધડક -મંજુલ



પત્તા રમવાની ફેશન તો હવે જૂની થઈ ગઈ... અમે તો હવે દિવાળીનું પ્રદૂષણનું સ્તર કેટલું હશે તેના પર સટ્ટો રમીએ છીએ !

પોલેન્ડમાં ભરબપોરે બેફામ ગોળીબાર : પાંચનાં મોત, ૧૨ ઘાયલ

ક્રેકો,(પોલેન્ડ),તા.૭

પોલેન્ડના ક્રેકો શહેરના માર્કેટ સ્કવેર પર શનિવારે બપોરે બંદૂકધારીએ કરેલા ગોળીબારમાં પાંચના મોત થયા છે અને ડઝનથી પણ વધુને ઈજા થઈ છે. આ બંદૂકધારી લોકોને બાનમાં લેવા માંગતો હતો, તે મેઈન સ્કવેરમાં ગાડી લઈ આવ્યો હતો. આ સ્થળ શહેરમાં આવેલું મહત્ત્વનું ટુરિસ્ટ કેન્દ્ર છે , એમ ક્રેકો પોલીસે જણાવ્યું હતું. પોલીસ ઓફિસરોમાં કેટલાકને ઈજા પહોંચી છે. બંદૂકધારી પોલીસ સાથેના ગોળીબારમાં ઈજા પામ્યો છે. ઘટનાસ્થળે ઈજાગ્રસ્ત પોલીસ ઓફિસરો અને એમ્બ્યુલન્સીસ દેખાય છે.

પોલીસ વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે પોલીસ હુમલાની ચકાસણી કરી રહી છે. પોલીશ પ્રમુખ કેરોલ નોરોસ્કીએ જણાવ્યું હતું કે તેમની અનુકંપા પીડિતો અને તેમના કુટુબો સાથે છે. ક્રેકો પોલેન્ડનું બીજા નંબરનું સૌથી મોટું શહેર છે અને તે રાજધાની વોરસોથી ૨૫૦ કિ.મી. દૂર આવેલું છે.

દાનની અપીલ

Bank Details : Navjyot Andhjan Mandal, HDFC Bank, Paldi Branch
Account No. : 50100219486592, IFSC CODE : HDFC0000299






દિવાળીના દિવસે સાંજે મનાવવામાં આવતી એક પ્રાચિન પરંપરા હવે વિસરાતી જઈ રહી છે. શેરડીના સાંઠા કે લાકડીના છેડે કપડુ વિંટાળી માટીથી તેને લીંપીને મશાલ જેવી તૈયાર કરવામાં આવતી ''ગાગ માગડી'' કાગ માગડી અથવા મેર-મરાળુ તરીકે ઓળખાય છે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં સદીઓથી પ્રચલિત પરંપરા છે. તેલ પુરાવોના સાદ સાથે બાળકો-યુવાનો ગાગ માગડી લઈ નીકળે અને તે સળગતી માગડીમાં લોકો તેલ પુરાવે અને તે માગડી મહોલ્લાના ચોરે મુકી આવવામાં આવતી હતી. આજે ઘણાને તેનું નામ સુધ્ધા ખબર નથી રહ્યું. શહેરમાં પહેલાંના વર્ષોમાં નાના બાળકો પણ આવી રીતે માગડી લઈને સોસાયટીમાં ફરતા અને પૈસા ભેગા કરતા હતા. જ્યારે બીજી તસ્વીરમાં દિવાળીના તહેવારોમાં ઘર ઓફિસે કોઈ વૃક્ષના પાનના તોરણ બંધાતા હોય તો તે એક માત્ર વૃક્ષ આસોપાલવ છે. અત્યારે તહેવારો દરમ્યાન આસોપાલવના પાનના તોરણ બનાવવા અનેક વૃક્ષોપરથી ઢગલાબંધ ડાળખીઓને કાપી નાંખવામાં આવી છે. પવિત્ર કાર્યોમાં આસોપાલવના પાન અને તોરણ જરૂરી છે ત્યારે દિવાળીના મુર્હતમાં ઘર-ઓફિસે બાંધવા આસોપાલવના તોરણ બનાવી રહેલા પરીવારો નજરે પડે છે. (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

મ્યુનિ.ના શાસકોને ઉલ્લુ બનાવી રહેલા અધિકારીઓ

સિટી સ્ક્વેર વિવાદ : પ્રોજેક્ટની સાચી કિંમત ૫૭૦ નહીં, પરંતુ ૧૨૦૦ કરોડ!

અમદાવાદ, શનિવાર

અમદાવાદના સિંધુ ભવન રોડ પર મ્યુનિ. દ્વારા સિટી સ્ક્વેર બનાવવાનું આયોજન ટેન્ડરિંગના તબક્કામાં જ વિવાદમાં સપડાયું છે. મ્યુનિ.ના હાલના પદાધિકારીઓ આ બાબતથી અજાણ હોવાની વાત થોડા દિવસો પહેલાં સામે આવી હતી. હવે આ પ્રોજેક્ટની સાચી કિંમતને લઈને ચર્ચાઓ જાગી છે. મ્યુનિ.એ તો સત્તાવાર રીતે આ પ્રોજેક્ટ ૫૭૦ કરોડ રૂપિયાનો હોવાનું જાહેર કરી દીધું છે. પરંતુ હકિકતમાં આ પ્રોજેક્ટની સાચી રકમ રૂ.૧૨૦૦ કરોડને પાર કરી જશે!

જૂના SOR મુજબનું બહાર પડાયેલું ટેન્ડર પાસ કરવામાં જ રૂપિયા દોઢસો કરોડ વધારવા પડશે, જમીનની કિંમત ધ્યાને લેવાઈ નથી

અમદાવાદ સિટી સ્ક્વેરને લઈને મ્યુનિ.ના અધિકારીઓ શાસકોને ઉલ્લુ બનાવી રહ્યા હોય તેવું ચિત્ર છે. બાંધકામ ક્ષેત્રના જાણકાર લોકોના મતે મ્યુનિ. દ્વારા અત્યારે બાંધકામને લગતા તમામ કામ બે વર્ષ જૂના ૨૦૨૪-૨૫ના એસઓઆર એટલે કે શિડ્યુલ ઓફ રેટ્સ અનુસાર આપવામાં આવે છે. એટલે મોટાભાગના કામ ૨૨થી ૨૫ ટકા ઓનમાં આપવા પડે છે. આ પરંપરા મુજબ સિટી સ્ક્વેરનું રૂ.૫૭૦ કરોડનું આયોજન ટેન્ડર પાસ થતા સુધીમાં લગભગ રૂ.૧૪૦થી ૧૫૦ કરોડ વધી જશે. વળી આ પ્રોજેક્ટ જ્યાં સાકાર થવાનો છે, તે જમીનની કિંમત તો ધ્યાને લેવાઈ જ નથી. ભલે મ્યુનિ.ની માલિકીની જમીન હોય, પરંતુ તેની કિંમત જરૂર ગણાય. સિંધુ ભવન રોડ પર મ્યુનિ.એ જ જાહેર હરાજીથી આપેલા પ્લોટનો પ્રતિ ચોમીનો ભાવ રૂ.ત્રણેક લાખ સુધી ઉપજ્યો છે. ૧૩,૧૪૪ ચોમી જગ્યામાં સિટી સ્ક્વેર આકાર લેશે. આ મુજબ જગ્યાનો ભાવ રૂ.૪૦૦ કરોડ આસપાસ થવા જાય છે. આમ એકંદરે પ્રોજેક્ટની કૂલ સાચી કિંમત રૂ.૧૨૦૦ કરોડથી વધારે થઈ જશે. ફક્ત અમદાવાદ શહેરની પ્રતિષ્ઠાના નામે આકાર લઈ રહેલા આ પ્રોજેક્ટના બદલે આટલી રકમમાં આરોગ્ય અને શિક્ષણ સહિતની પ્રજાલક્ષી જાહેર સુવિધાઓ વિકસાવવી વધારે જરૂરી છે. આજે પણ ૩૦થી ૪૦ ટકા અમદાવાદમાં પીવાના પાણીનો પ્રશ્ન છે.

મેયર બાદ સ્થાયી સમિતિએ પણ ઈજનેરોનો ક્લાસ લીધો

સિટી સ્ક્વેર પ્રોજેક્ટ જાહેર થયાના બીજા જ દિવસે મેયરે ઈજનેરોને બોલાવીને ક્લાસ લીધો હતો. આવી રીતે જ તાજેતરમાં મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં પણ સમિતિના સભ્યોએ ઈજનેરો સામે સવાલ ઉઠાવ્યા હતા. ખાસ કરીને આવડી મોટી રકમના પ્રોજેક્ટ બાબતે અત્યારના શાસકોને કોઈ જાણકારી ન હોવાની વાત ચર્ચાનું કેન્દ્ર હતી.

કરોડો રૂપિયાનો ખર્ચ કરાયા બાદ વ્યુ ગેલેરીમાં માત્ર ૭૫ લોકો જ ઉભા રહી શકશે!

કરોડો રૂપિયાનો ખર્ચ કરાયા બાદ સિટી સ્ક્વેરના ૧૭૫ મીટર ઉંચાઈના ટાવરની વ્યુ ગેલેરીમાં તો એક સાથે માત્ર ૭૫ લોકો જ ઉભા રહી શકશે. આ ગણતરી મુજબ દિવસ દરમિયાન ખુબ ઓછા લોકોને ઉંચાઈએથી અમદાવાદ જોવાનો લાભ મળશે.

સૌથી મોટી અને જૂની યુનિ.માં અંતે સંઘ અને સંઘવીનું ચાલ્યું

ગુજરાત યુનિ.માં પ્રથમવાર પાંચ વર્ષ માટે કુલપતિ તરીકે ડૉ.પૃથુલ દેસાઈ

અમદાવાદ, શનિવાર

ગુજરાતની સૌથી મોટી અને જુની એવી ગુજરાત યુનિ.ના નવા કાયમી કુલપતિની નિમણૂંક અંતે સરકારે આજે કરી દીધી છે અને ચૌદશે જ વાઈસ ચાન્સેલર માટેનો ઓર્ડર કરતા સુરતની ગ્રાન્ટેડ એવી પી.ટી સાર્વજનિક સાયન્સ કોલેજના આચાર્ય ડાૅ. પૃથુલ દેસાઈની કુલપતિ તરીકે નિમણૂંક કરી છે. જેઓ કોમન એક્ટ મુજબ પ્રથમવાર પાંચ વર્ષ માટે નિમાયા છે.આમ કુલપતિમાં ફરી એકવાર સંઘનું અને હવે સંઘવીનું પણ ચાલ્યુ છે.સરકારે પણ દિવાળીના એક દિવસ પહેલા જ ઓર્ડર કેમ કર્યો તેને પણ લઈને ચર્ચા છે.

સુરતની ગ્રાન્ટેડ સાયન્સ કોલેજના આચાર્ય ડૉ. દેસાઈ ગુજરાત યુનિ.ના ૧૯માં કુલપતિ બનશેઃ ચૌદશે જ વાઈસ ચાન્સેલરનો ઓર્ડર

ગુજરાત યુનિ.માં પ્રથમ મહિલા કુલપતિ તરીકે ડાૅ.નિરજા ગુપ્તાનો ત્રણ વર્ષનો કાર્યકાળ ગત ૩૦ જુને પુરો થયો હતો. જ્યાં સુધી સરકારે નવા કુલપતિ માટે સર્ચ કમિટી નીમી ન હતી અને ઈન્ચાર્જ કુલપતિ તરીકે ગુજરાત યુનિ.ના જ એચઆરડીસીના ડિરેક્ટર ડાૅ.જગદીશ જોશીની નિમણૂંક સરકારે કરી હતી.જેના થોડા દિવસો બાદ સર્ચ કમિટી નિમાઈ અને સર્ચ કમિટીએ મંગાવેલી અરજીઓમાં પ્રથમવાર ૧૦૦જેટલી અરજી આવી હતી.

સર્ચ કમિટીએ અરજીઓની સ્ક્રુટિની કર્યા બાદ ત્રણ નામો સરકારને સોંપ્યા હતા. જેમાં સૌરાષ્ટ્રના નિતિન પેથાણી તેમજ ટેકનિકલ શિક્ષણના અધ્યાપક અને વહિવટી અધિકારી એવા સચિન પરિખ તેમજ સુરતની સાયન્સ કોલેજના આચાર્ય પૃથુલ દેસાઈનું નામ હતુ. કમિટીએ નામ સોંપ્યાને પણ દોઢ મહિનાથી વધુ સમય થઈ ગયો હતો પરંતુ સરકારે નામ નક્કી કર્યુ ન હતું.કારણકે ભાજપ અને સંઘ વચ્ચે ગડમથલ ચાલતી હતી ત્યારે અંતે ચાર મહિનાની અટકળો બાદ સરકારે ફીઝિક્સના સીનિયર પ્રોફેસર ડાૅ.પૃથુલ દેસાઈની નિમણૂંક આજે કરી દીધી છે.

જો કે ઈન્ચાર્જ કુલપતિ તરીકે જગદીશ જોશીએ તેમની ચાર મહિનાથી વધુ સમયની ટર્મમાં સીએમને બોલાવીને અનેક સારા અને વિદ્યાર્થીલક્ષી તેમજ અધ્યાપકો માટેના પણ કામો કર્યા હતા અને તેઓને પૂર્ણ આશા હતી ઉપરાંત કુલપતિનો ચાર્જ આપવા સમયે પણ સિનિયર પ્રોફેસરો અને ડીનને બદલે તેઓને ચાર્જ અપાયો હતો.જેથી તેઓની પણ કુલપતિ બનવાની સંભાવના વધુ હતી. પરંતુ સંઘ અને હર્ષ સંઘવીનું ચાલ્યું પરંતુ સરકારે દિવાળીના એક દિવસ પહેલા જ નવા કુલપતિનો ઓર્ડર કરતા જગદીશ જોશીના દિવાળીના જશ્નમાં ભંગ પાડી દીધો હતો.

કારણકે હવે તો ૧૫મી સુધી યુનિ.માં વેકેશન છે ત્યારે નવા કુલપતિ ક્યારે ચાર્જ લેશે તે પણ પ્રશ્ન છે.મહત્વનું છે કે સૌરાષ્ટ્રના નીતિન પેથાણી પણ મજબૂત દાવેદાર ગણાતા હતા અને તેઓની ઈચ્છા પણ હતી.પરંતુ યુનિ.થી સરકાર સુધીના રાજકારણમાં કુલપતિની નિમણૂંક પણ કેટલાક સોગઠા ગોઠવવાનો એક ભાગ હોય છે તે ફરી એકવાર સાબીત થયું છે.

ત્રણ દિવસ તાપમાન ૧૮ની આસપાસ રહેશે

અમદાવાદમાં સિઝનમાં પ્રથમવાર ૨૦ ડિગ્રીથી નીચું તાપમાન

અમદાવાદ,શનિવાર

અમદાવાદમાં ઠંડીના ચમકારાનો પ્રારંભ થઈ ગયો છે. ગત રાત્રિના ૧૯.૫ ડિગ્રી સાથે સિઝનમાં પ્રથમ વખત સરેરાશ લઘુતમ તાપમાનનો પારો ૨૦ ડિગ્રીથી નીચે નોંધાયો હતો.

ઠંડીના ચમકારાનો પ્રારંભ : ૭ જિલ્લામાં લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે નોંધાયું

અમદાવાદના લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૧.૪ ડિગ્રીનો વધારો થયો હતો. બીજી તરફ આજે ૩૬.૪ ડિગ્રી સાથે સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૨.૪ ડિગ્રી વધારે હતું.

આગામી ૩ દિવસ અમદાવાદનું સરેરાશ લઘુતમ તાપમાન ૧૮ જ્યારે મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રીની આસપાસ રહેવાની હવામાન વિભાગની આગાહી છે. રાજ્યમાંથી અન્યત્ર અમરેલીમાં ૧૭.૬, નલિયામાં ૧૮,રાજકોટ-વડોદરામાં ૧૮.૨, ગાંધીનગર-પોરબંદરમાં ૧૯, ડીસામાં ૨૦, ભાવનગરમાં ૨૦.૨,સુરેન્દ્રનગરમાં ૨૧.૨, સુરત-ભુજમાં ૨૩.૨ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

અમદાવાદમાં છેલ્લા પાંચ વર્ષમાં નવેમ્બરમાં સૌથી નીચું તાપમાન

વર્ષ	તાપમાન
૧૮ નવે. ૨૦૨૫	૧૩.૫
૨૩ નવે. ૨૦૨૪	૧૫.૭
૧૩ નવે. ૨૦૨૩	૧૫.૬
૫ નવે. ૨૦૨૨	૧૨.૩
૨૫ નવે. ૨૦૨૧	૧૪.૩

ક્યાંક આસ્થા, ક્યાંક દબાણ : ધર્મ પરિવર્તન ફરી ચર્ચામાં

અમદાવાદમાં દર મહિને સરેરાશ ૧૨ લોકો ધર્માંતરણ માટે અરજી કરે છે

અમદાવાદ, શનિવાર

ગુજરાતમાં ધર્મપરિવર્તનનો મુદ્દો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે. એક તરફ વ્યક્તિગત શ્રદ્ધા, સામાજિક સમાનતા અને વૈચારિક માન્યતાઓના આધારે કાયદેસર રીતે ધર્મ બદલતા લોકોની સંખ્યા સામે આવી રહી છે, તો બીજી તરફ ધર્મપરિવર્તન માટે લાલચ-પ્રલોભન- દબાણ કે છેતરપિંડીનો ઉપયોગ થતો હોવાના આક્ષેપો સાથે પોલીસ ફરિયાદો પણ નોંધાઈ રહી છે. ખાસ કરીને સગીરાઓને લલચાવીને અન્ય સ્થળે લઈ જવા અને ધર્મપરિવર્તન કરાવવાના પ્રયાસના તાજેતરના બનાવોએ આ મુદ્દાને વધુ સંવેદનશીલ બનાવ્યો છે.

છેલ્લા ૧૦ મહિનામાં ૧૨૦ સહિત અઢી વર્ષમાં ૫૪૫ અરજી : ધર્માંતરણ કરાવનારા ૬૦ ટકા શહેરી વિસ્તારના

અમદાવાદમાં ધર્માંતરણની પ્રક્રિયા અંતર્ગત આ વર્ષે અત્યાર સુધીમાં ૧૨૦ જેટલી અરજીઓ આવી છે. જે પૈકી ૯૫ ટકા લોકોએ બૌધ્ધ ધર્મ અપનાવ્યો છે, બાકીના પાંચ ટકાએ અલગ-અલગ ધર્મમાં પરિવર્તન કર્યું છે. છેલ્લા અઢી વર્ષની વાત કરવામાં આવે તો ધર્માંતરણ માટે ૫૪૫ અરજીઓ આવી હતી. ધર્મપરિવર્તન કરનારાઓમાં આશરે ૬૦ ટકા લોકો શહેરી વિસ્તારના હતા.

પૂર્વ અમદાવાદના અમરાઈવાડી સહિતના વિસ્તારોમાં પ્રમાણ વધુ હોવાનું પણ જણાવાયું હતું. ધોળકા, સાણંદ અને વિરમગામ જેવા ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ અરજીઓ મળી હતી. લગ્ન, વ્યક્તિગત માન્યતાઓ અને સામાજિક પરિબળો ધર્મપરિવર્તન પાછળનાં કારણો હોવાનું સામે આવ્યું હતું.

ગુજરાતમાં ગુજરાત ધર્મ સ્વાતંર્ત્ય અધિનિયમ, ૨૦૦૩ અમલમાં છે. વર્ષ ૨૦૨૧માં તેમાં સુધારા કરીને બળજબરી, લાલચ, કપટપૂર્ણ રીતો અને લગ્નના માધ્યમથી કરાતા ગેરકાયદે ધર્મપરિવર્તન સામે કડક જોગવાઈઓ કરવામાં આવી હતી. આવા કેસોમાં કાયદાકીય કાર્યવાહી માટે જિલ્લા મેજિસ્ટ્રેટની પૂર્વ મંજૂરી સહિતની પ્રક્રિયા પણ મહત્ત્વપૂર્ણ છે. બીજી તરફ, ભારતીય બંધારણની કલમ ૨૫ દરેક નાગરિકને અંતરાત્માની સ્વતંત્રતા તથા પોતાનો ધર્મ માનવા, પાળવા અને તેનો પ્રચાર કરવાનો અધિકાર આપે છે.

ધર્મ સ્વતંત્રતા અધિનયમ હેઠળ લગ્ન કે અંગત કારણોસર સ્વેચ્છાએ ધર્મ બદલવા માટે કલેક્ટર કે સંબંધિત અધિકારીની પૂર્વ મંજુરી લેવી જરૂરી છે ત્યારે આ જોગવાઈને કારણે હવે વિધિવત અરજીઓ કરવાનું પ્રમાણ પણ વધ્યું છે.

તંત્ર દ્વારા પોલીસ વેરિફિકેશન અને જરુરી તપાસ બાદ આ મંજૂરી અપાય છે.

રોટલો મળે, પણ ઓટલો ન મળે... તેવી સ્થિતિ

અમદાવાદમાં ૭,૮૨૫ આવાસ માટે ૯૭,૧૦૨ અરજીઓ આવી

અમદાવાદ, શનિવાર

મુંબઈ માટે એક ગુજરાતી કહેવત છે, રોટલો મળે, પરંતુ ઓટલો ન મળે... તેવી સ્થિતિ હવે અમદાવાદ શહેરની થઈ ગઈ છે. અહીં લોકોને રોજગારી તો સરળતાથી મળી જાય છે, પરંતુ મિલકતોના વધેલા ભાવના કારણે ઘરનું ઘર વસાવવું મુશ્કેલ છે. શહેરમાં નવા તૈયાર થયેલા ૭,૮૨૫ અવાસ માટે આવેલી ૯૭,૧૦૨ અરજીઓ તેની સાબિતી છે.

સ્લમ ક્લિયરન્સ તેમજ આવાસ યોજના અંતર્ગતના EWS મળી કુલ ૯૦૦૧ આવાસોનો સોમવારે ડ્રો અને લોકાર્પણ

અમદાવાદ શહેરમાં આગામી સોમવારે સ્લમ ક્લિયરન્સ યોજના અંતર્ગત રામાપીરના ટેકરા તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧૧ સ્થળોએ તૈયાર કરાયેલા ઈડબલ્યુએસ મળીને કુલ ૯૦૦૧ આવાસ માટે લોકાર્પણ અને ડ્રોનો કાર્યક્રમ યોજાશે. જેમાં રામાપીરના ટેકરા ખાતે સેક્ટર-૫માં ૫૩૨ આવાસ અને ૧૬ દુકાનનું લોકાર્પણ અને ડ્રો તથા સેક્ટર-૧માં ૭૦૦ આવાસોનું લોકાર્પણ અને ૬૪૪નો ડ્રો રાખવામાં આવ્યો છે. જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના કુલ ૭,૮૨૫ આવાસોનો ડ્રો થશે. આ ઈડબલ્યુએસ આવાસ માટે ૯૭,૧૦૨ અરજીઓ આવી હતી.

અમદાવાદ શહેરમાં હવે કોઈ આવાસ યોજનાની જાહેરાત થાય કે તરત જ ફોર્મ ભરવા માટે લોકોની કતારો લાગી જાય છે. એટલે કે અમદાવાદ શહેરમાં હવે મધ્યમ વર્ગને બજાર કિંમતે ઘર વસાવવું મુશ્કેલ જ નહીં, લગભગ અશક્ય જેવું થઈ ગયું છે.

પોતાનું ડિઝાઈન યુનિટ ઉભું કરો : કમિટીની ભલામણ

મ્યુનિ.માં એમપેનલ સિવાયના ડિઝાઈન કન્સલ્ટન્ટ રાખવાનો નવો સિલસિલો

અમદાવાદ, શનિવાર

મકરબા રેલવે ઓવરબ્રિજના વિવાદ બાદ રસ્તા, બ્રિજની ખામીયુક્ત ડિઝાઈન અને કન્સલટન્ટની કામગીરી સામે સવાલો ઉઠ્યા હતા. તેવામાં મ્યુનિ.ની રોડ એન્ડ બિલ્ડિંગ કમિટીની આજે મળેલી બેઠકમાં ફક્ત એમપેનલ કરેલા ડિઝાઈન કન્સલટન્ટ, પીએમસી, ટીપીઆઈને જ કામ સોંપવાનો નિર્ણય કરાયો છે. બહારના કન્સલટન્ટને ખાસ કિસ્સા અને મંજૂરી વગર કામ આપી શકાશે નહીં. બીજી બાજુ નવી એલજી હોસ્પિટલના કામમાં સમયમર્યાદા અને ભાવામાં માંગવામાં આવેલો વધારો હાલ નામંજૂર કરાયો છે.

નવી એલજી હોસ્પિટલના કામમાં મુદત પર મુદત! કલરકામ માટે માંગેલો બે મહિનાનો સમય અને ભાવ વધારો હાલ પૂરતા નામંજૂર

અમદાવાદ મ્યુનિ.ની રોડ એન્ડ બિલ્ડિંગ કમિટીની આજે મળેલી બેઠકમાં ડિઝાઈન કન્સલટન્ટનો મુદ્દો ચર્ચામાં રહ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, મ્યુનિ. દ્વારા પહેલેથી જ ડિઝાઈન કન્સલટન્ટ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટ અને થર્ડ પાર્ટી ઈન્સપેક્શન માટે ધારાધોરણ મુજબ અમુક એજન્સી એમપેનલ એટલે નક્કી કરાઈ છે. આવી એજન્સીઓને પ્રોજેક્ટની ૧.૨૫થી ૧.૫ ટકા રકમ ફી પેટે ચૂકવાય છે. જો કે તેના બદલે એમપેનલ સિવાય બહારની એજન્સીઓને ૪થી ૫ ટકા ફી ચૂકવી કામ સોંપાઈ રહ્યા છે. ત્યારે હવે ઈજનેર ખાતાના કોઈ પણ કામમાં એમપેનલ એજન્સીઓને જ કામ સોંપવા સૂચના અપાઈ છે. ખાસ કિસ્સામાં બહારની એજન્સીને કામ સોંપવું હોય તો સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી લેવી પડશે. ઉપરાત વારંવાર કન્સલટન્ટને ફી ચૂકવવા કરતા મ્યુનિ.નું પોતાનું ડિઝાઈન યુનિટ બનાવવા ચેરમેન દ્વારા મ્યુનિ. કમિશનરને ભલામણ કરાઈ છે.

બીજી બાજુ નવી બનતી એલજી હોસ્પિટલના કામમાં કોન્ટ્રાક્ટરને કલરકામ માટે બે મહિનાની મુદ્દત અને ભાવ વધારો કરી આપવાની દરખાસ્ત પરત કરાઈ છે. આ અંગે ચેરમેન જણાવે છે કે, કલરકામ કોન્ટ્રાક્ટનો જ ભાગ હોય તેના માટે અલગથી કેમ પૈસા માંગવામાં આવે છે? તેમજ ફક્ત રંગરોગાન બાકી હોય તો તમામ મટીરિયલનો ભાવ વધારો શા માટે? અગાઉ આ કામની મુદ્દત વધારીને ૩૧ માર્ચ નક્કી કરાઈ હતી. હવે ફરી આ કામમાં મુદત વધારો મંગાયો છે. નવ મહિનાના વિલંબ પાછળ કોન્ટ્રાકટર, કન્સલટન્ટ કે અધિકારીઓ કોણ જવાબદાર છે? વગેરે બાબતે સ્પષ્ટતા માંગવામાં આવી છે. તેમજ ઈલેક્ટ્રિકલ ખર્ચમાં ૮ કરોડના ભાવ વધારાની વિગતો માંગવામાં આવી છે.

કૂડોની એસેસરિઝ ખરીદવાની ફરજ પાડી ટેક્સ ચોરીની કથિત ગેરરીતિ

પ્રવેશ કરાટેના નામે, તાલીમ કૂડોની : શ્રેયસ ફાઉન્ડેશનના કોચની અરજી રદ

અમદાવાદ,શનિવાર

શહેરના એલિસબ્રિજ વિસ્તારમાં શ્રેયસ ફાઉન્ડેશનમાં કરાટે, માર્શલ આર્ટના ઓઠા હેઠળ કૂડોની તાલીમ આપી, કૂડોની મોંઘી એસેસરીઝ તેમના ત્યાંથી જ રોકડમાં ખરીદવાની તાલીમાર્થીઓને ફરજ પડાતી અને રિસીપ્ટ નહી અપાતી હોવા અંગે એક તાલીમાર્થીના પિતા દ્વારા સંસ્થાના એકાઉન્ટીંગ-હિસાબોનું ઓડિટ જ નહી થતુ હોવાનો મુદ્દો ઉઠાવી અખબારી, ઈલેક્ટ્રોનિક કે સોશ્યલ મીડિયામાં આ વાતને ઉજાગર કરવાનો પ્રયાસ કરતાં શ્રેયસ ફાઉન્ડેશનના કોચ પ્રવીણ જાદવ દ્વારા તાલીમાર્થીના પિતા પર આ પ્રકારની બાબતોને પબ્લીકમાં ઉજાગર કરવા સામે વાંધો લઈ તેની સામે કાયમી મનાઈહુકમ આપવા દાદ માંગતી મનાઈ અરજી સીટી સિવિલ કોર્ટમાં કરી હતી. જો કે, ન્યાયાધીશ બી.બી.જાદવે અરજદાર કોચ પ્રવીણ જાદવની અરજી ધરાર ફગાવી દીધી હતી અને તેમને કોઈપણ પ્રકારની રાહત આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો.

તાલીમાર્થીના પિતાએ અવાજ ઉઠાવતાં સોશિયલ મીડિયામાં બદનામી નહીં કરવા અંગેની કોચ પ્રવીણ જાદવની મનાઈ અરજી કોર્ટે ફગાવી

સિવિલ કોર્ટે ખુદ અરજદાર કોચ પોતાની નિમણૂક, તાલીમ આપવાની લાયકાત તથા કૂડો (ગેર્ગ) તાલીમ આપવાની સત્તા અંગેના પ્રાથમિક દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા હોવાનું નોંધીને તેમની મનાઈ અરજી ફગાવી દીધી હતી. પાડવામાં આવતી હોય છે. નોંધનીય વાત એ છે કે, આ એસેસરીઝ કેશ(રોકડ)માં જ ખરીદવાનો આગ્રહ સંસ્થા દ્વારા રાખવામાં આવતો હોય છે અને તેની કોઈ રિસીપ્ટ કે પહોંચ પણ વિદ્યાર્થીઓને અપાતી નથી. તેથી વિદ્યાર્થી પ્રિતના પિતાએ આ મુદ્દો ઉઠાવી જો કૂડોની એસેસરીઝની આટલી મોટી રકમ અપાતી નહી હોવા મુદ્દે વિદ્યાર્થીના પિતા દ્વારા સોશ્યલ મીડિયા સહિતના માધ્યમો થકી ઝુંબેશ અને કાનૂની લડત ચલાવતાં બદનામીનો મુદ્દો આગળ ધરી શ્રેયસ ફાઉન્ડેશનના કરાટે-માર્શલ આર્ટ કોચ પ્રવીણ જાદવે સિવિલ કોર્ટમાં વિદ્યાર્થીના પિતા વિરૂધ્ધ દાવો કર્યો હતો અને તેમાં

વિદ્યાર્થીના પિતાએ ફિલ્મ સ્ટાર અક્ષયકુમાર સામે પણ લડત ઉપાડી

કરોડો રૂપિયાની ટેક્સ ચોરી અને સરકારી તિજોરીને આર્થિક નુકસાનને લઈ વિદ્યાર્થીના પિતા પ્રિત દિનેશભાઈ બહેલે કુડો ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયા કે જેના ચેરમેન ખુદ ફિલ્મસ્ટાર અક્ષયકુમાર છે તેમના સહિત શ્રેયસ ફાઉન્ડેશનના કરાટે-માર્શલ આર્ટ કોચ પ્રવીણ જાદવ સહિતના લોકો વિરૂધ્ધ લડત શરૂ કરી હતી. જેમાં અરજદાર પિતાએ પોલીસમાં ફરિયાદ નહી નોંધતા મેટ્રોપોલીટન કોર્ટમાં અને બાદમાં સેશન્સ કોર્ટમાં રિવીઝન અરજી કરી હતી. જો કે, બંને જગ્યાએ સફળતા ના મળતાં હવે તેઓ આગામી દિવસોમાં આ સમગ્ર મામલે ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન કરવા જઈ રહ્યા છે.

વિદ્યાર્થીને કૂડોની તાલીમ પરંતુ ફી રસીદોમાં કરાટેનો ઉલ્લેખ

કોર્ટે જણાવ્યું હતું કે, પ્રિત દિનેશ બહેલે શ્રેયસ ફાઉન્ડેશનમાં કરાટે શીખવા પ્રવેશ લીધો હોવા છતાં તેને કૂડો તાલીમ કયા અધિકાર હેઠળ આપવામાં આવી હતી તે પણ અરજદાર દ્વારા સ્પષ્ટ થયું નથી. વળી, દસ્તાવેજો મુજબ પુત્રને કૂડો તાલીમ આપવામાં આવી હોવા છતાં શ્રીયસ ફાઉન્ડેશનની ફી રસીદોમાં કરાટેનો ઉલ્લેખ છે. આ વિસંગતતા અંગે પણ અરજદાર સ્પષ્ટતા કરી શક્યા નથી.

કેસની વિગતો મુજબ, મૂળ ફરિયાદી દિનેશભાઈ બહેલે તેમના પુત્ર પ્રિતને શ્રેયસ ફાઉન્ડેશનમાં કરાટેની તાલીમ માટે પ્રવેશ અપાવ્યો હતો. જો કે, શ્રેયસ ફાઉન્ડેશનમાં કરાટોની સાથે સાથે કુડો(કરાટે મીક્સ માર્શલ આર્ટ)ની તાલીમ પણ વિનામૂલ્યે અપાતી હતી પરંતુ સંસ્થા તરફથી કૂડોની એસેસરીઝ કે જે બહુ મોંઘી આવતી હોય છે તે ત્યાંથી ખરીદવા બધા તાલીમાર્થીઓને ફરજ રોકડમાં તાલીમાર્થીઓ પાસે ઉઘરાવી તેની રિસીપ્ટ પણ ના અપાતી હોય તો તેના એકાઉન્ટીંગ-હિસાબોનું શું...? અને આ તો જીએસટી કે ટેક્સ ચોરી છે તો છેવટે તો સરકારી તિજોરીને મોટુ નુકસાન છે.

કૂડોની રમતના ઓઠા હેઠળ કેશ(રોકડ)માં જ તેની મોંઘીદાટ એસેસરીઝ ખરીદવાની ફરજ પાડવા, આ ખરીદી કે પેમેન્ટની કોઈ રિસીપ્ટ કે પહોંચ કાયમી મનાઈહુકમની અરજી કરી હતી કે, વિદ્યાર્થીના પિતા તેમની વિરૂધ્ધ કોઈપણ પ્રકારનો અપપ્રચાર કે પ્રસિધ્ધિ સોશ્યલ મીડિયામાં કે અન્ય કોઈ માધ્યમો દ્વારા ના કરાવે અને તેમની પ્રતિષ્ઠાને નુકસાન થાય તેવું કૃત્ય કરતાં કોર્ટ તેમને અટકાવે. જો કે, હાઈકોર્ટે કોચની આ દલીલો ફગાવી દીધી હતી અને મનાઈ અરજી ધરાર કાઢી નાંખી હતી.

સીઆઈડી ક્રાઈમે આઠ શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધ્યો

મકરબામાં મામા-માસાએ છેતરપિંડી કરી ૭૦ કરોડની જમીન વેંચી દીધી

અમદાવાદ,શનિવાર

ખેડા જિલ્લામાં રહેતા એક વ્યક્તિના નાનાનું અવસાન થતા તેમના નામની મકરબામાં આવેલી રૂપિયા ૭૦ કરોડની જમીન ફરિયાદી વ્યક્તિના સગા માસા અને મામાએ અન્ય લોકો સાથે મળીને જમીનના અસલી માલિકીનો જાણ બહાર બોગસ પાવર ઓફ એટર્ની અને બોગસ સહી કરીને વારસાઈ હક કમી કરાવીને જમીન બારોબાર અન્યને વેચીને છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ સીઆઈડી ક્રાઈમના અમદાવાદ ઝોનમાં નોંધવામાં આવી છે.

જમીનના અસલી માલિકોની જાણ બહાર પાવર ઓફ એટર્ની અને ખોટી સહીથી વારસાઈ હક કમી કરાવીને સમગ્ર કૌભાંડ કરાયું

ખેડા જિલ્લામાં ગોવિંદપુરા ગામમાં રહેતા અમરતજી ઠાકોરના નાના ચુંડાજી ઠાકોરની મકરબામાં અલગ અલગ સર્વે નંબરની કુલ ૭૦ કરોડની જમીન હતી. વર્ષ ૨૦૦૩માં ચુંડાજી ઠાકોરનું અવસાન થયું હતું. ત્યારબાદ અમરતજીના મામા બાબરજી ઠાકોર અને માસા પ્રહલાદજી ઠાકોર જમીન દલાલ ગીરીશ ત્રિવેદી (રહે. તુલસી રૉ હાઉસ, જોધપુર, સેટેલાઈટ) અને વિપુલ રાવલ (રહે.વેજલપુર)સાથે મકરબામાં આવેલા ચુંડાજીના ઘરે ગયા હતા. તેમણે જમીનના વારસાઈના કાગળો કરવા માટે અમરતજી અને અન્યની કોરા કાગળ પર સહી માંગી હતી. ત્યારબાદ બાબરજી ઠાકોર અને પ્રહલાદજીએ જમીન દલાલો તેમજ અન્ય મળતિયાઓ સાથે મળીને આ જમીન પર હક ધરાવતા ભાઈ-બહેનોના અંગુઠાના ખોટા નિશાન અને સહી કરીને બોગસ પાવર ઓફ એટર્ની અને સોંગધનામું તૈયાર કર્યા હતા. બાદમાં નોટરી ડી કે વ્યાસ (રહે.ભવાની પોળ, રાયપુર)ની મદદથી બોગસ દસ્તાવે બનાવીને તલાટી સમક્ષ રજૂ કર્યા હતા અને સરકારી રેકર્ડમાંથી અમરતજી અને અન્ય લોકોના હક ગેરકાયદે કમી કરીને જમીન ધીરૂભાઈ કાકડીયા (રહે. પંચવટી એપાર્ટમેન્ટ, વરાછા રોડ, સુરત) અને ગગજીભાઈ દેસાઈ (રહે. દેવળિયા ગામ, ભાવનગર)ને બારોબાર વેચી દીધી હતી. જમીનના દસ્તાવેજ અંગે જાણ થતા તેમણે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે દસ્તાવેજી પુરાવાને આધારે તપાસ શરૂ કરી છે.

ઘીના લેબલમાં પામ ઓઈલ વેચનારા સામે પગલાં લેવાશે

અમદાવાદ, શનિવાર

બજારમાં ગેરમાર્ગે દોરતા પ્લાસ્ટિક રેપર પર માત્ર ઘી લખીને વેચાતા પામ ઓઈલ જેવા ઉત્પાદનો સામે કાયદેસરના કેસ કરી ઉત્પાદકોને છોડવામાં નહીં આવે તેવી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા જાહેરાત કરાઈ છે. આ ઉપરાંત હોટેલ્સ, ફૂડ સ્ટ્રીટ્સ પર સ્વચ્છતાના ધોરણો અને એસઓપીનું ચુસ્ત પાલન સુનિશ્ચિત કરાશે.

ગીરના ગ્રામ્ય વિસ્તારોમાં ભૂકંપના બે આંચકા આવતા ફફડાટ

અમરેલી,શનિવાર

દિવાળી તહેવારોના સપરમા દિવસોમાં જ જિલ્લાના ખાંભા સહિતના ગીરના ગ્રામ્ય વિસ્તારોમાં આજે સાંજના સમયે ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો. સીસ્મોલોજી વિભાગ દ્વારા પણ બે ભૂકંપના આંચકા નોંધાયા હોવાની પુષ્ટિ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, સાંજે ૬-૦૮ કલાકે અને ત્યારબાદ ૬-૧૧ કલાકે એમ માત્ર ત્રણ મિનિટના અંતરે ભૂકંપના બે આંચકા નોંધાયા હતા. બંને આંચકાની તીવ્રતા અંદાજે ૨.૫ની આસપાસ નોંધાઈ હોવાનું જાણવા મળ્યું છે.ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉનાથી આશરે ૩૬ કિલોમીટર દૂર હોવાનું સામે આવ્યું છે. ખાંભા અને ગીરના ગ્રામ્ય વિસ્તારોમાં હળવા આંચકા અનુભવાયા હતા.જોકે, ભૂકંપની તીવ્રતા ઓછી હોવાના કારણે હાલ કોઈ જાનમાલના નુકસાનના સમાચાર પ્રાપ્ત થયા નથી.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ ગાંધીનગરના સબ-ડિસ્ટ્રીકટ ગાંધીનગર (ઝોન-૩) ના તાલુકા ગાંધીનગરના ગામ મોજે વલાદની સીમના રી-સર્વે અનુસાર સર્વે નંબર-૨૬૨ (જુના સર્વે નંબર-૧૨૫/૨) ની કુલ ૧૬૨૮૯ ચોરસમીટર જમીન પૈકી ૪૯૪૯ ચોરસમીટર જમીન પૈકી ૨૫૭૧ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન (૧) ભલાભાઈ બાપુભાઈ (૨) ભીખીબેન તે જેણાભાઈની વિધવા ઔરત (૩) રમેશભાઈ જેણાભાઈ (૪) કૈલાશબેન જેણાભાઈ (૫) કોકીલાબેન જેણાભાઈ તથા (૬) કમુબેન જેણાભાઈએ તેઓની સંપૂર્ણપણે સંયુક્ત માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ (પંદર) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૧૦૪૩૧

તારીખ : ૦૮-૧૧-૨૦૨૬

શરદ એન. દરજી
(એડવોકેટ એન્ડ નોટરી)
(એમ.કોમ., એલ.એલ.બી.)

ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬ ૦

ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

સરકારને મન સિંહોનું નહીં, ધંધાર્થીઓનું મહત્વ વધુ

ગીરના ભોગે પ્રવાસનઃ જંગલ પર નવી ૧૦૦ જીપ્સીનું તોળાતું ભારણ

જૂનાગઢ, શનિવાર

રાજ્ય સરકાર અને તેના વન વિભાગ દ્વારા જંગલ અને વન્ય પ્રાણીઓનાં સંરક્ષણની જવાબદારી ભૂલીને ગીરના જંગલોને માત્ર પ્રવાસન ઉદ્યોગનું કેન્દ્ર બનાવવામાં આવી રહ્યું છે. કોઈ પણ જાતના વૈજ્ઞાનિક અભ્યાસ વગર ઉપરથી લેવાઈ રહેલા આડેધડ નિર્ણયોને કારણે ગીરની ઇકો-સિસ્ટમ પર ગંભીર જોખમ ઊભું થયું છે. હાલ સાસણનાં જંગલમાં પહેલેથી જ ક્ષમતા કરતા વધુ ભારણ છે, ત્યારે હવે વન વિભાગ દ્વારા વધુ ૧૦૦ જીપ્સીઓનું બર્ડન વધારવાની પેરવી શરૂ કરવામાં આવી છે જેને લઈને સ્થાનિક જીપ્સી સંચાલકો અને ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે.

સફારી પરમિટની સંખ્યા અને પ્રાણીઓનાં જીવનમાં ખલેલ વધશેઃ ગિરનાર, બરડા જંગલ સફારી પછી ફરી ગીરમાંથી અર્થોપાર્જન!

સાસણ ખાતે અત્યાર સુધીની વ્યવસ્થા મુજબ જંગલ સફારી માટે સામાન્ય દિવસોમાં સવાર, બપોર અને સાંજના સત્ર મળીને કુલ ૧૫૦ (દર સત્રએ ૫૦) તેમજ વીક-એન્ડ અને તહેવારોમાં કુલ ૧૮૦ (દર સત્રએ ૬૦) ઓનલાઈન પરમિટો આપવામાં આવતી હોય છે. આ પરમિટો પર અત્યાર સુધી માત્ર સાસણ ગામના સ્થાનિકોની ૧૮૨ જીપ્સીઓ જ સંચાલન કરતી આવી છે. સરકાર દ્વારા હવે જે નવી પોલિસી અમલમાં મૂકવામાં આવી રહી છે તેમાં સાસણને બાદ કરી, સાસણની આસપાસના ૧૦ કિલોમીટરના સરાઉન્ડિંગ એરિયાના કુલ ૨૧ ગામોમાં 'ડ્રો' પધ્ધતિ દ્વારા નવા વાહનોને મંજૂરી આપવાનું નક્કી કરાયું છે. આ ૨૧ ગામોની કુલ ૩૦ હજારની વસ્તી સામે દર ૩૦૦ લોકોની વસ્તીએ એક જીપ્સી ફાળવવાનું આયોજન કરાયું છે, જેનાથી સફારી પરમિટોમાં મોટો વધારો થશે.

વૈજ્ઞાનિકો અને પર્યાવરણવિદો લાંબા સમયથી ચેતવણી આપી રહ્યા છે કે ગીરના સંવેદનશીલ જંગલમાં માનવીય દખલ અને વાહનોનો અતિશય વધારો સિંહોની પ્રજનન ક્ષમતા, વર્તણૂક અને વન્યજીવોના કોરિડોરને નુકસાન પહોંચાડે છે. અગાઉ ગિરનાર જંગલ સફારી અને પોરબંદરના બરડા જંગલમાં સફારી શરૂ કરવામાં આવી અને હવે સાસણમાં જીપ્સીઓની સંખ્યામાં આડેધડ વધારો કરવાના નિર્ણયો જંગલની ખરા અર્થમાં ઘોર ખોદવા સમાન છે. પ્રવાસનના નામે વન વિભાગ દ્વારા વાણિજ્યિક દ્રષ્ટિકોણ અપનાવવામાં આવી રહ્યો છે જે સિંહ જેવા લુપ્તપ્રાય વન્યજીવ માટે ઘાતક સાબિત થઈ શકે છે.

માનવ-વન્યજીવ સંઘર્ષ ટાળવા અને પાણીનાં આયોજન ઘડવાને બદલે કમાણીનાં કરાઈ રહેલા નવા ગતકડાં

દુષ્કાળની પરિસ્થિતિમાં માનવ અને વન્યજીવ વચ્ચે ઘર્ષણના મોટા બનાવોની શક્યતાઓ છે. હાલમાં થોડા સમયથી માનવ અને સિંહ-દીપડા વચ્ચે સંઘર્ષ વધી ગયો છે, જેમાં માનવને જીવ ગુમાવવાનો અને પ્રાણીને જેલ ભોગવવાનો વારો આવી રહ્યો છે. બીજી તરફ વન્યજીવો માટે પાણીનું સુચારૂ આયોજન કરવું જરૂરી છે. ઘર્ષણ ટાળવા અને પાણીની સમસ્યા નિવારવાને બદલે સરકારે આવા ગતકડા કરી વિવાદો ઉભા કરવાને બદલે ખરા અર્થમાં માનવ અને વન્યજીવ માટે કામ જરૂરી બની ગયું છે.

સરકારની નવી જંગલ સફારી નીતિ સામે રોષ, સ્થાનિક જીપ્સી સંચાલકો દ્વારા તહેવારોમાં સફારી બહિષ્કારની શક્યતા

જો સરકાર દ્વારા આ નવી નીતિ પાછી ખેંચવામાં નહીં આવે અને જીપ્સી વધારવાનો નિર્ણય નહીં અટકાવવામાં આવે તો આગામી તહેવારોની સિઝનમાં જ સાસણના સ્થાનિક જીપ્સી સંચાલકો દ્વારા સફારીનો સંપૂર્ણ બહિષ્કાર કરી જીપ્સીઓ સદંતર બંધ કરી દેવાનો નિર્ણય લેવાય તેવી શક્યતાઓ છે. જો આ સ્થિતિ સર્જાશે તો દેશ-વિદેશથી સાસણ આવતા પ્રવાસીઓને હાલાકી થશે અને પ્રવાસન ક્ષેત્રે અરાજકતા ફેલાશે.

વહીવટી તંત્ર ઉપરાંત હવે હોટલોની ગાડી પણ સફારીમાં ફરશે

દેવળીયામાં પણ જીપ્સી માટે હોટલો પર સરકાર અને વનતંત્ર ઓળઘોળ

જૂનાગઢ, શનિવાર

ગીર જંગલ અને વન્યપ્રાણીઓની સુરક્ષા માટે જવાબદાર વન વિભાગ જ વન્યજીવોના ભોગે હોટેલ સંચાલકોને મલાઈદાર ફાયદો કરાવવા માટે કેટલી હદે નીચલી કક્ષાએ જઈ રહ્યો છે તેનો એક ચોંકાવનારો નમૂનો સામે આવ્યો છે. ગાંધીનગર સ્થિત અગ્ર મુખ્ય વન સંરક્ષકની કચેરી દ્વારા દેવળીયા ગીર પરિચય ખંડ ખાતે પ્રવાસન વ્યવસ્થાપન માટે એક વિવાદાસ્પદ આદેશ જારી કરવામાં આવ્યો છે જેણે વન વર્તુળમાં ભારે ચર્ચા જગાવી છે.

CFની દરખાસ્ત, અગ્ર મુખ્ય વન સંરક્ષકની મંજૂરીઃ જંગલ અને સિંહોનું રક્ષણ કરવાને બદલે હોટેલોનાં વાણિજ્યિક હિતોનાં રખોપાં

અગ્ર મુખ્ય વન સંરક્ષક જયપાલ સિંઘ, ગાંધીનગર દ્વારા તા.૩-૧૦-૨૦૨૬ના રોજ વન સંરક્ષક, વન્યપ્રાણી વર્તુળ, જૂનાગઢને લખાયેલા પત્રમાં જણાવાયું છે કે, દેવળીયા ગીર પરિચય ખંડ ખાતે પ્રવાસન વ્યવસ્થાપન માટે સ્થાનિક હોટેલોના વાહનોના સંચાલન અંગે જૂનાગઢ વન સંરક્ષક કચેરી દ્વારા એક દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. આ દરખાસ્તના આધારે ગીર અભ્યારણ્યની નજીક આવેલા મેંદરડા અને તાલાલા તાલુકાની હોટેલોને પ્રતિ હોટેલ એક સફારી વાહન ચલાવવા માટે ટોકન આપવાની છૂટ આપવામાં આવી છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, તા.૧-૭-૨૦૧૫ પહેલાં નોંધણી થયેલાં અને તમામ કાયદેસરની મંજૂરીઓ તેમજ એન.ઓ.સી. ધરાવતાં હોટેલ વાહનોને આ વિશેષ છૂટ આપવામાં આવી છે. આ વિવાદાસ્પદ નિર્ણયને લઈને વન્યપ્રાણી પ્રેમીઓ અને તટસ્થ વર્તુળોમાં તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા છે.

હાલ દેવળીયામાં પાંજરાવાળી ૧૫૦ જીપ્સી ચાલી રહી છે તે સિવાયની હોટલ સંચાલકોને મંજૂરી મળે તો ૧૦૦ જેટલી નવી જીપ્સી દેવળીયામાં શરૂ થાય તેમ છે. વન વિભાગનું કામ જંગલ અને સિંહ જેવા મૂલ્યવાન વન્યજીવોનું રક્ષણ કરવાનું છે, નહીં કે હોટેલ ઉદ્યોગના વાણિજ્યિક હિતોનું સંચાલન કરવાનું. જૂનાગઢ સીએફની આ વિવાદાસ્પદ દરખાસ્ત અને ગાંધીનગર કચેરી દ્વારા આપેલી મંજૂરી સમગ્ર વન તંત્રની પારદર્શિતા સામે મોટા સવાલો ખડા કરે છે. આ મામલે ઉચ્ચ સ્તરેથી નિષ્પક્ષ તપાસ થાય અને સિંહના ભોગે ચાલતી આ વેપારી નીતિઓ પર રોક લગાડવામાં આવે તે સમયની માંગ છે.

UPSC ફાઈનલ માટે ગુજરાતના ૫૯થી વધુ ઉમેદવારો સિલેકટ

અમદાવાદ,શનિવાર

યુપીએસસી દ્વારા જાહેર કરાયેલા મેઈન્સના રિઝલ્ટમાં આ વર્ષે ગુજરાતની સ્પિપાના ૫૯થી વધુ ઉમેદવારો ક્વોલિફાઈ થયા છે.જેઓ આગામી ફેબ્રુઆરી-માર્ચમાં ઈન્ટરવ્યુ-પર્સનલ ટેસ્ટમાં ઉપસ્થિત રહેશે. ગત વર્ષે જ્યાં ૮૨ ઉમેદવારો મેઈન્સમાં ક્વોલિફાઈ થયા હતા ત્યારે આ વર્ષે ગુજરાતમાંથી ક્વોલિફાઈ થનારા ઉમેદવારો ઘટ્યા છે.આ વર્ષે યુપીએસસી દ્વારા સિવિલિ સર્વિસીસની ૯૩૩ જગ્યાઓ માટે પસંદગી પ્રક્રિયા હાથ ધરવામા આવી છે. ગત વર્ષે જગ્યાઓમાં થોડો ઘટાડો થયો છે.મહત્વનું છે કે ગત વર્ષે સ્પિપા-ગુજરાતના ૩૫ ઉમેદવારો ફાઈનલમાં સિલેક્ટ થયા હતા.

એસ.ટી. કર્મીઓને અડધો પગાર એડવાન્સ અપાશે

અમદાવાદ,શનિવાર

ગાંધીનગર ખાતેથી એસ.ટી. નિગમની ૧૦૧ નવી બસનું લોકાર્પણ કરાયું છે. આ નિમિત્તે સરકાર દ્વારા એસ.ટી. નિગમના કર્મચારીઓને દિવાળીના તહેવારોની ઉજવણી માટે અડધો પગાર એડવાન્સમાં આપવાની જાહેરાત કરવામાં આવી હતી.

અમદાવાદના કાલુપુર, સાબરમતી સ્ટેશને ભીડ

રેલવેએ વોર રૂમ શરૂ કર્યો, ૬ દિવસમાં ૮.૨૦ લાખ મુસાફર

અમદાવાદ, શનિવાર

અમદાવાદ શહેરમાં મોટા પ્રમાણમાં યુપી, બિહાર સહિતના ઉત્તર ભારતના રાજ્યોના મુસાફરો વસવાટ કરે છે. દિવાળી બાદ આવતા છઠ્ઠ પૂજાના તહેવારમાં લાખો લોકો પોતાના વતનમાં જતા હોય છે. ત્યારે કાલુપુર, સાબરમતી, અસારવા સહિતના રેલવે સ્ટેશનો પર ભીડ અને ટ્રેનોના નિયંત્રણ માટે ડીઆરએમ ઓફિસમાં ૨૪ કલાક ધમધમતો વોર રૂમ શરૂ કરવામાં આવ્યું છે.

૩.૬૫ લાખને સીટનું રિઝર્વેશન મળ્યું જ્યારે ૪.૫૫ લાખ લોકોએ જનરલ કોચમાં મુસાફરી કરવી પડી

આ વોર રૂમમાંથી સીસીટીવી કેમેરાના આધારે ટ્રેન અને રેલવે સ્ટેશન પર મુસાફરોની ભીડ સહિતની તમામ બાબતોનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. બીજી તરફ રેલવેએ દાવો કર્યો છે કે, ૧થી ૬ નવેમ્બરના છ દિવસમાં જ અમદાવાદ વિભાગના રેલવે સ્ટેશનો પરથી કુલ ૮.૨૦ લાખ મુસાફરોએ ટ્રેનમાં મુસાફરી કરી છે. જેમાં ૩.૬૫ લાખને સીટનું રિઝર્વેશન મળ્યું હતું. જ્યારે ૪.૫૫ લાખ લોકોએ જનરલ કોચમાં મુસાફરી કરી હતી. અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર ૩.૨૦ લાખ, સાબરમતી રેલવે સ્ટેશન પર ૧.૩૦ લાખ અને અસારવા રેલવે સ્ટેશન પર ૫૦ હજાર મુસાફરો નોંધાયા છે.

ગુજરાતમાંથી નવેમ્બર મહિના દરમિયાન યુપી, બિહાર, રાજસ્થાન અને મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં ટ્રેનની કુલ ૭૩ વિશેષ ટ્રીપ ચલાવવામાં આવી છે.

સિવિલ કોર્ટની જેમ હવે

ક્રિમિનલ કોર્ટોમાં પણ દિવાળી-ઉનાળુ વેકેશન આપવા માગણી

અમદાવાદ,શનિવાર

અમદાવાદ શહેરની ઘી કાંટા ફોજદારી કોર્ટ (મેટ્રોપોલિટન કોર્ટ) સહિત રાજ્યભરની ક્રિમિનલ કોર્ટોમાં દિવાળી તાકડે કોર્ટો ચાલુ રહેતાં અને વેકશન નહી મળતાં ક્રિમિનલ કોર્ટોના વકીલોમાં ઉગ્ર રોષની લાગણી પ્રવર્તી રહી છે. કારણ કે, છેલ્લા ૨૫ વર્ષથી ક્રિમિનલ કોર્ટોને દિવાળી અને ઉનાળુ વેકેશન સત્તાવાર રીતે અપાતું નથી, તેની સામે સિવિલ કોર્ટોમાં ઉનાળામાં ૨૮ દિવસનું વેકેશન હોય છે. તેથી વિવિધ વકીલમંડળોએ ઉગ્ર માંગણી કરી છે કે, ક્રિમિનલ કોર્ટોમાં પણ દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખી અને ઉનાળાની કાળઝાળ ગરમીને લક્ષ્યમાં લઈ આ બંને વેકેશન સત્તાવાર રીતે જાહેર કરવામાં આવે.

દિવાળી સમયે કોર્ટો ચાલુ રહેતા અને વેકેશન નહીં મળતાં વકીલોમાં રોષ : વિવિધ વકીલમંડળોએ ઠરાવો કર્યા

આ વર્ષે પણ ધનતેરસ સહિતના દિવાળીના તહેવારોમાં ક્રિમિનલ કોર્ટો ચાલુ રહેતાં ક્રિમિનલ કોર્ટોમાં પ્રેકટીસ કરતાં વકીલોમાં આક્રોશની લાગણી ફેલાઈ હતી કારણ કે, તેઓ દિવાળીના તહેવારો પરિવાર સાથે માણી શકતા નથી. આ વિષયને લઈ અમદાવાદ ક્રિમીનલ કોર્ટસ બાર એસોસીએશન, અમદાવાદ ડિસ્ટ્રીક્ટ બાર એસોસીએશન, ફેમીલી કોર્ટસ બાર એસોસીએશન સહિતની વિવિધ વકીલમંડળો દ્વારા વિધિવત્ ઠરાવ પણ પસાર કરવામાં આવ્યા હતા કે, દિવાળીના તહેવારોમાં બે દિવસ કોઈ વકીલ કે પક્ષકારો કેસની મુદતમાં હાજર ના રહી શકે તો તેમના કેસમાં કોઈ વિપરીત હુકમ કરવા નહી.

બીજીબાજુ, અમદાવાદ સહિત રાજ્યભરના વિવિધ વકીલમંડળો તરફથી ખાસ કરીને ક્રિમીનલ કોર્ટોમાં વેકશનને લઈ થઈ રહેલા અન્યાયને લઈ ગંભીર સવાલો ઉઠાવ્યા છે. રાજ્યભરની સિવિલ કોર્ટોમાં સત્તાવાર વેકેશન અપાય છે તો ક્રિમીનલ કોર્ટોમાં કેમ નહી. ૨૫ વર્ષ પહેલાં ક્રિમીનલ કોર્ટોમાં દસ દિવસ અડધી કોર્ટો ચાલુ રહે અને બીજા દસ દિવસ બાકીની કોર્ટો ચાલુ રહે એ પ્રકારે ૨૦ દિવસનું વેકેશન અપાતું હતુ પરંતુ તે પ્રથા બંધ કરી તહેવારોની રજા પ્રમાણે માંડ અઠવાડિયાની રજા જાહેર કરાતી હોય છે. તેના બદલે અમદાવાદ સહિત રાજયભરની ક્રિમીનલ કોર્ટોમાં દિવાળીમાં ૧૨ દિવસનું અને ઉનાળામાં બે અઠવાડિયાનું સત્તાવાર વેકેશન જાહેર કરવા વિવિધ વકીલમંડળોએ માંગણી ઉઠાવી છે, વેકેશનના બદલામાં સામે ક્રિમીનલ કોર્ટોના વકીલોએ કેસોની સુનાવણીને અસર ના થાય તે માટે બીજો અને ૪થો શનિવાર જે રજા હોય છે તે દિવસે કોર્ટો ચાલુ રાખી તેમાં સહકાર આપવાના પ્રસ્તાવની તૈયારી બતાવી છે. સિવિલ કોર્ટો અને ક્રિમીનલ કોર્ટો વચ્ચે એકસમાનતા અને એકસરખુ વલણ દાખવવા પણ વિવિધ વકીલમંડળોએ માંગ કરી છે.

એમ.એસ.યુનિ.પાસે હવે ૧૧ સુપર કોમ્પ્યુટર

અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીએ યુનિ.ને બે કરોડના સુપર કોમ્પ્યુટરની ભેટ આપી

વડોદરા,શનિવાર

અમદાવાદની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીએ એમ.એસ.યુનિવર્સિટીને સંશોધન માટે બે કરોડ રુપિયાના સુપર કોમ્પ્યુટરની ભેટ આપી છે.જેના કારણે યુનિવર્સિટી પાસે હવે ૧૧ સુપર કોમ્પ્યુટર થઈ ગયા છે.

યુનિ.ના રિસર્ચ સેલે પીઆરએલ સાથે વાટાઘાટો કરી હતી, તમામ સંશોધકો ઉપયોગ કરી શકે તે માટે કોમ્પ્યુટર સેન્ટરમાં સુપર કોમ્પ્યુટર ઈન્સ્ટોલ કરાયું

યુનિવર્સિટીના રિસર્ચ સેલ અને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી વચ્ચે આ બાબતે વાતચીત ચાલતી હતી અને એ પછી યુનિવર્સિટીમાં ચાલી રહેલા સંશોધન અંગે અપાયેલી જાણકારી બાદ પીઆરએલ દ્વારા યુનિવર્સિટીને આ કોમ્પ્યુટર આપવાનો નિર્ણય લેવાયો હતો.

રિસર્ચ સેલના ડાયરેકટર પ્રો. પી કે ઝાનું કહેવું છે કે, પીઆરએલ પાસે આ સુપર કોમ્પ્યુટર ૨૦૧૫થી હતું અને હવે લેબોરેટરીએ નવું સુપર કોમ્પ્યુટર ખરીદ્યું છે. ૨૦૧૫ના કોમ્પ્યુટરનો ઉપયોગ હવે એમ.એસ.યુનિવર્સિટી કરશે.આ કોમ્પ્યુટરની જે ક્ષમતા છે તે જોતા હાલમાં તેની કિંમત બે કરોડ રુપિયા જેટલી થવા જાય છે.આ સુપર કોમ્પ્યુટરને યુનિવર્સિટીના સુપર કોમ્પ્યુટરમાં ઈન્સ્ટોલ કરવામાં આવ્યું છે.જેનાથી તમામ ફેકલ્ટીઓના સંશોધકોને તેનો લાભ મળશે.સંશોધન માટે અટપટી ગણતરીઓ કરવા માટે અને વર્ચ્યુઅલ એક્સપરિમેન્ટ કરવા માટે આ સુપર કોમ્પ્યુટર ઉપયોગી પૂરવાર થશે.પાંચ વર્ષ અગાઉ રાજ્ય સરકારે યુનિવર્સિટીને એક સુપર કોમ્પ્યુટર આપ્યું હતું.એ પછી આઈઆઈટી, મુંબઈ અને કેન્દ્ર સરકારના અનુસંધાન રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં યુનિવર્સિટીના ફિઝિક્સ વિભાગને નવ સુપર કોમ્પ્યુટર આપવામાં આવ્યા હતા.આમ યુનિવર્સિટી હવે ૧૧ સુપર કોમ્પ્યુટરથી સજજ થઈ છે.



પીઆરએલ દ્વારા યુનિ.ની પસંદગી થઈ તે ગર્વની વાત છે

પીઆરએલ એટલે કે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી દેશની સૌથી શ્રેષ્ઠ સંશોધન કરતી સંસ્થાઓ પૈકીની એક છે.તેના આખા દેશની શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાણ છે ત્યારે સુપર કોમ્પ્યુટર માટે એમ.એસ.યુનિવર્સિટીને પસંદ કરી તે યુનિવર્સિટી માટે પણ ગૌરવની વાત છે.આ સુપર કોમ્પ્યુટર ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મટિરિયલ સાયન્સ, કોમ્પ્યુટેશનલ મોડેલિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં સંશોધન કરતા સંશોધકો માટે ઘણું ઉપયોગી પૂરવાર થશે.યુનિવર્સિટી બહારના સંશોધકોને પણ તેનો ઉપયોગ કરવા દેવો કે નહીં તે અંગે વિચારણા ચાલી રહી છે.

પ્રો.પી.કે.ઝા, ડાયરેકટર, યુનિવર્સિટી રિસર્ચ સેલ

પ્રતિ સેકન્ડ ૫.૨ ટ્રિલિયન ગણતરીની ક્ષમતા

* સુપર કોમ્પ્યુટર ૬ નોડ એટલે કે ૬ ડિવિઝનમાં વહેંચાયેલું છે
* દરેક નોડમાં ૨.૩૦ ગીગાહર્ટઝની ક્ષમતા ધરાવતા બે પ્રોસેસર, કુલ ૨૪ સીપીયુ કોર અને ૨૫૬ જીબી રેમ છે
* દરેક નોડ પ્રતિ સેકન્ડ ૮૮૩ અબજ ગણતરીઓ કરી શકે છે.તમામ નોડની સંયુક્ત ગણતરી ક્ષમતા પ્રતિ સેકન્ડ ૫.૨ ટ્રિલિયન ગણતરી કરવાની છે.
* દરેક બ્લેડમાં ૧૪૪ સીપીયુ કોર અને ૧.૫ ટેરાબાઈટ રેમ ઉપલબ્ધ છે
* દરેક નોડમાં ૯૦૦ જીબીની હાર્ડ ડિસ્ક મેમરી છે

જગતપુરમાં ખોટા સરનામા પર કંપની બતાવી

૧૫ લાખના રોકાણ સામે ૧૦ મહિનામાં ૨૫ લાખની લાલચ આપી છેતરપિંડી

અમદાવાદ, શનિવાર

વડોદરાના આજવા રોડ પર આવેલી બહાર કોલોનીમાં રહેતા પરવેઝ સૈયદ બ્રોકર તરીકે કામ કરે છે અને આશરે બે વર્ષ પહેલા તેમનો પરિચય સોનિયા શેખ (રહે.બ્લુ વોટર્સ ટાવર, સરખેજ) સાથે થયો હતો. સોનિયાએ જણાવ્યું હતું કે તે ઈન્વેસ્ટમેન્ટના વ્યવસાય સાથે જોડાયેલી છે અને તેણે બિલ્ડ ફ્યુચર નામની કંપનીના પ્રોપાઈટર જયેશ શાહ સાથે મુલાકાત કરાવી હતી. જેમની ઓફિસ જગતપુરમાં આવેલા સેન્ટર પોઈન્ટ કોમ્પ્લેક્સમાં હોવાનું જણાવ્યું હતુ. સોનિયાએ પરવેઝને કંપનીની સ્કીમ સમજાવતા કહ્યું હતું કે જો તે ૧૫ લાખનું રોકાણ કરશે તો ૧૦ મહિના સુધી અઢી લાખ રૂપિયા આપશે. આમ તેને કુલ ૨૫ લાખ મળશે. જેથી વિશ્વાસ કરીને ૧૫ લાખનું રોકાણ કરીને એગ્રીમેન્ટ કર્યો હતો. પરંતુ, બીજા જ મહિને આપેલો ચેક બાઉન્સ થયો હતો. જેથી સોનિયાએ નાણાં રોકડ કે ઓનલાઈન આપવાનું કહીને વાત ટાળી હતી. જેથી પરવેઝે કંપનીના સરનામા પર જઈને તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે ત્યાં ઓફિસ નહી પણ ફ્લેટ હતો. જે બે વર્ષથી બંધ હતો. આમ, તેની સાથે આબાદ છેતરપિંડી કરવામાં આવી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે ગુનો નોંધીને તપાસ કરતા આરોપીઓ અન્ય લોકો સાથે પણ લાખોની છેતરપિંડી કરી હોવાનું જાણવા મળ્યું હતું.







વાવણી વખતે જ મિનિ ટ્રેક્ટર પર વીમો-પાસિંગ ફરજિયાત

ગુજરાતમાં ખેડૂતોની સાથે ક્રુર મજાક ડાબા હાથે 'રાહત', જમણાં હાથે 'લૂંટ'

અમદાવાદ,શનિવાર

કુદરત રૂઠી હોય ત્યારે ખેડૂતોને વહારે આવવાને બદલે સરકારે ખિસ્સા હળવા કરવાની 'અનોખી કળા અજમાવી રહી છે. જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને કચ્છ જેવા દુષ્કાળગ્રસ્ત જિલ્લાના ખેડૂતો માટે સરકારે હેક્ટર દીઠ સહાયની મોટી-મોટી જાહેરાતો કરી વાહવાહી લૂંટવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ આ જાહેરાતની શાહી હજુ સુકાઈ નથી, ત્યાં જ મીની ટ્રેક્ટર અને ટ્રોલીના વીમા તેમજ પા સગના પૈસા ભરવા મેસેજ મોકલાયાં છે પરિણામે ધરતીપુત્રો અકળાયાં છે. આને કહેવાય 'ડાબા હાથે આપવું અને જમણા હાથે ડબલ કરીને પરત લઈ લેવું!

એક બાજુ, ખેડૂતોને ૧૭ હજાર સહાય, બીજી બાજુ, RTO-વીમાના ૧૪ હજારની વસૂલી : દુકાળમાં ધરતીપુત્રો અટવાયા

દુકાળ જાહેર થયાં પછી ખેડૂતોના ફોન પર હવે સહાયના જમા થયાના નહીં, પણ મીની ટ્રેક્ટર અને ટ્રોલીના વીમા તેમજ પાર્સિંગ પેટે રૂા.૧૪,૪૫૦ ભરવાના મેસેજ આવી રહ્યા છે. લાખો રૂપિયાના મોટા ટ્રેક્ટર ન ખરીદી શકે ત્યારે ખેતી અને માત્ર વાવણીના ગણતરીના દિવસોમાં ખેડૂતો 'મીની ટ્રેક્ટર' વસાવે છે. આ નાનકડુ ટ્રેક્ટર હાઈવે પર ધૂમ સ્ટાઈલથી દોડાવવા માટે નથી હોતા, માત્ર ખેતરના કાળા મોંમાં પરસેવો પાડી અનાજ પકવવા માટે હોય છે. તેમ છતાં, સરકારી તંત્રએ મીની ટ્રેક્ટરના થર્ડ પાર્ટી વીમાના નામે રૂા.૮,૬૫૦ અને પીયુસીના રૂા.૩૦૦ ઉઘરાવવાનું શરૂ કર્યું છે. માંડ માંડ ડીઝલના પૈસા ભેગા કરે છે, તેની પાસેથી આટલી રકમ વસૂલવી એ સરેઆમ સરકારી લૂંટ સમાન છે તેવો ખેડૂતોનો આરોપ છે.

હદ તો ત્યાં થાય છે કે ખેડૂતો મૂળ ટ્રેક્ટરનું પાર્સિંગ અને વીમો નિયમિત ભરતો જ હોય છે. તેમ છતાં તેની પાછળ જોડાતી ટ્રોલી માટે અલગથી પાર્સિંગ અને વીમાના નામે રૂા.૫,૫૦૦નો ફતવો બહાર પાડવામાં આવ્યો છે. ખેડૂત સંગઠનો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો એન્જિનનો વીમો લીધેલો હોય, તો પાછળ લટકતી ટ્રોલી માટે અલગથી વીમો શા માટે? શું ટ્રોલી ટ્રેક્ટર વગર એકલી રોડ પર દોડવાની છે? આ નીતિ માત્ર ને માત્ર સરકારી તિજોરી ભરવા અને વીમા કંપનીઓને ગર્ભશ્રીમંત બનાવવાનું કૌભાંડ હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

આ પરિસ્થિતિ પર વચ્ચે ખેડૂતોનું કહેવું છેકે, સરકાર કૃષિ મહોત્સવો કરીને ખેડૂતોની આવક બમણી કરવાની વાતો કરે છે, પણ વાસ્તવિકતા એ છે કે ખેડૂતોનું દેવું બમણું થઈ રહ્યું છે. દુકાળમાં હજુ તો રૂા.૧૭,૦૦૦ સહાયના તો ઠેકાણાં નથી ત્યારે પાસિંગ-વિમા અને પીયુસાની નામે રૂા.૧૪,૪૫૦નું ઉઘરાણું શરૂ કરાયુ છે. આમ છતાં સરકાર ખેડૂતોની હામી હોવાનો દાવો કરે છે.

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

દિવાળી વેકેશનના આયોજન ખોરવાયા

અમદાવાદ એરપોર્ટથી અનેક ફ્લાઈટ અચાનક જ રદ, મુસાફરો અટવાયા

અમદાવાદ,શનિવાર

દિવાળીના તહેવારોમાં વેકેશન માણવા જવા નીકળેલા મુસાફરો માટે હવાઈ મુસાફરી મુશ્કેલીભરી બની છે. અમદાવાદ એરપોર્ટ પરથી શનિવારે સ્પાઈસ જેટની અનેક ફ્લાઈટો રદ થતાં અથવા નિર્ધારિત સમય કરતાં મોડી પડતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

એરલાઈનના કર્મચારીઓ સાથે મુસાફરોની રકઝક, વૈકલ્પિક ફ્લાઈટની ટિકિટ રૂ. ૨૮ હજાર સુધી પહોંચી

કેરળ, પટનો અને બાગડોગરા જવા નીકળેલા અનેક પરિવારો એરપોર્ટ પર કલાકો સુધી અટવાઈ પડ્યા હતા. ફ્લાઈટ રદ થવા કે મોડી પડવા અંગે સમયસર જાણ કરવામાં નહીં આવતાં મુસાફરોમાં રોષ ફેલાયો હતો. દિવાળીના વેકેશનની મજા માણવાની આશા સાથે નીકળેલા પરિવારોની રજાઓ જાણે એરપોર્ટ પર જ અટવાઈ ગઈ હતી.

ફ્લાઈટના વિલંબ અને રદ થવા અંગે સ્પષ્ટ જવાબ નહીં મળતાં મુસાફરોએ સ્પાઈસ જેટના કર્મચારીઓનો ઉધડો લીધો હતો. એરપોર્ટ પરના કેટલાક વીડિયોમાં મુસાફરો કર્મચારીઓ સામે રોષ વ્યક્ત કરતા અને જવાબદાર અધિકારીને બોલાવવાની માગ કરતા જોવા મળ્યા હતા.

દિવાળીના વેકેશનના કારણે અન્ય એરલાઈન્સમાં પણ ટિકિટના ભાવ ઊંચા હોવાથી મુસાફરોની મુશ્કેલીમાં વધારો થયો હતો. એક મુસાફરના જણાવ્યા મુજબ વૈકલ્પિક ફ્લાઈટની ટિકિટ માટે અંદાજે રૂ. ૨૮ હજાર ચૂકવવાની સ્થિતિ ઊભી થઈ હતી. મૂળ ટિકિટની સરખામણીએ બીજી એરલાઈનમાં મુસાફરી ત્રણથી ચાર ગણી મોંઘી પડતી હોવાના આક્ષેપ પણ મુસાફરોએ કર્યા હતા. બીજી તરફ, ટિકિટનું રિફંડ ક્યારે મળશે અને વૈકલ્પિક વ્યવસ્થા કોણ કરશે તે અંગે પણ સ્પષ્ટતા નહીં થતાં મુસાફરો મૂંઝવણમાં મુકાયા હતા.

વાત વાતમાં

દિવાળીના રોદણિયાંને ચોપડાવો !

અમુક વડીલો હંમેશાં ફ્લેશ-બેકમાં જ હોય છે. ભલે હોય, વાંધો નથી. પણ એમાંના અમુક વડીલો સતત રોદણાં રડ્યા કરતા હોય છે ! ખાસ તો તહેવારો આવે ત્યારે !

તો આ વખતે એમને ચોપડાવી જ દેવી જોઈએ...

* * *

રોદણું :

'એક જમાનામાં પપ્પા ફટાકડા અપાવે એને વિચારી વિચારીને વાપરતા હતા...'

ચોપડાવો...



તો વડીલ આજેય 'વિચારી વિચારીને' વાપરોને ? કોઈ ના પાડે છે ?

* * *

રોદણું :

'ફટાકડાનું તો રેશનિંગ થતું ! એક બોક્સમાં દસ કોઠી હોય તો બે ધનતેરસ પર, એક કાળીચૌદસે, પાંચ દિવાળીએ, એક બેસતા વરસે ફોડતા !'

ચોપડાવો :

'વડીલ, આજે તમે કમાઈને બેઠા છો છતાં આજે પણ રેશનિંગ કરોને ? સાલું, એ બહાને તમારું એટલું પ્રદૂષણ ઓછું થશે !'

* * *

રોદણું :

'એ સમયે ઓટલા પર બેસીને ટિકડીઓ ફોડવામાં પણ કેટલો આનંદ મળતો હતો ?'

ચોપડાવો :

'તો કાકા, આજે પણ તમારા ઘરના ઓટલા પર બેસીને ટિકડીઓ ફોડો ને ? સુપ્રીમ કોર્ટે એની ઉપર કોઈ પ્રતિબંધ નથી મુક્યો !'

* * *

રોદણું :

'એક એવી પણ દિવાળી હતી જ્યારે મમ્મીને મઠીયાં તળવામાં મદદ કરવાની કેટલી મજા પડતી હતી ?'

ચોપડાવો :

'આજે તમારી વહુને મદદ કરવા માટે કીચનમાં પગ મુકી જુઓ તો ખરા ! અને સાચું કહું તો તમારાં મેરેજ થયાં પછી તમે વાઈફને થોડી મદદ કરી હશે, પણ મમ્મીને તો નહીં જ કરી હોય !'

* * *

રોદણું :

'એવી પણ દિવાળી હતી જ્યારે ચાર રસ્તે વડાં મુકવા જતા, પણ પાછું વળીને નહીં જોવાનું ! જોઈએ તો બીક લાગતી !'

ચોપડાવો :

તો શું આજે ચાર રસ્તે પોલીસો બેસાડી છે ? ઘરમાં વડાં નથી બનતાં ? અને દાદા, આજનાં ટેણિયાં તમારા જેવાં ફટ્ટુસ નથી રહ્યાં, ઓકે ?

* * *

રોદણું :

'એ વખતે આપણે ખરેખર દિવાળી મનાવતા હતા !'

ચોપડાવો :

'તો તમને શું લાગે છે ? આપણે આજકાલ 'બેસણાં' મનાવી રહ્યા છીએ ? વાત કરો છો...'

- મન્નુ શેખચલ્લી

મ્યુનિ.ના ૫૯ સિનિયર ક્લાર્કને દિવાળી ! હેડ ક્લાર્ક તરીકે બઢતી

અમદાવાદ, શનિવાર

અમદાવાદ મ્યુનિ.માં સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા ૫૯ કર્મચારીઓને આજે ધન તેરસના દિવસે જ હેડ ક્લાર્ક તરીકે બઢતી આપવામાં આવી છે. હેડ ક્લાર્કની ખાલી પડેલી જગ્યાઓ પૈકી નિયમ અનુસાર ૬૭ ટકા જગ્યા બઢતીથી ભરવાની હોય છે. આ ૬૭ ટકા અનુસાર આજે ૫૯ કર્મચારીઓને હેડ ક્લાર્કનું પ્રમોશન આપવામાં આવ્યું છે. અલબત, બઢતી પામેલા આ કર્મચારીઓએ હાલમાં જે કામગીરી સંભાળે છે, તે કામ જ કરવાનું રહેશે. તેમના પોસ્ટિંગ અંગેના વિગતવાર હુકમ હવે પછી કરવામાં આવશે.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

સુરંગકાંડના ૧૩ વર્ષ બાદ તપાસનીશ અધિકારીની બેદરકારીને લઈ સવાલ

સાબરમતી જેલ સુરંગકાંડમાં અસલ સીડી અને પેન ડ્રાઈવ રજૂ કરવા હુકમ

અમદાવાદ, શનિવાર

અમદાવાદના સાબરમતી સેન્ટ્રલ જેલમાં વર્ષ ૨૦૧૩માં સર્જાયેલા ચકચારભર્યા સુરંગકાંડના કેસમાં અમદાવાદની સેશન્સ કોર્ટે મહત્ત્વનો હુકમ કર્યો છે. કેસની તપાસ દરમિયાન એકત્રિત કરવામાં આવેલા ડિજિટલ પુરાવા અને તપાસનીશ અધિકારી દ્વારા તૈયાર કરવામાં આવેલા ચાર્જશીટને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. જેલમાં કરવામાં આવેલી ફોટોગ્રાફીની સીડી કોર્ટમાં રજૂ કરવામાં આવી હોવા છતાં હાલ તે ઓપન જ થતી નહી હોવાની બાબત સામે આવતાં કોર્ટે હવે મૂળ(ઓરીજનલ) ડિજિટલ પુરાવા રજૂ કરવાનો આદેશ આપ્યો છે. સરકારી વકીલની અરજી મંજૂર રાખીને કોર્ટે ફોટોગ્રાફીની સીડી, પેનડ્રાઈવ અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫(બી)(૪) હેઠળનું સ ટ્રફિકેટ રજૂ કરવા હુકમ કર્યો છે.

કેસમાં સૌથી મહત્ત્વના પુરાવા સમાન સુરંગકાંડ વખતે કરાયેલી ફોટોગ્રાફીની સીડી ઓપન જ થતી નથી : રાણીપ ઈન્ચાર્જ પોલીસ અધિકારીને સમન્સ

સાબરમતીજેલના સુરંગ કાંડ કેસની કાર્યવાહી દરમિયાન સાબરમતી જેલમાં એ વખતે કરવામાં આવેલી ફોટોગ્રાફીને લગતો ડિજિટલ રેકોર્ડ મહત્ત્વનો બન્યો છે. તપાસ દરમિયાન જેલમાં થયેલી ફોટોગ્રાફીની સીડી તૈયાર કરવામાં આવી હતી, પરંતુ કોર્ટ સમક્ષ રજૂ થયેલી સીડી હાલ ઓપન થતી ન હોવાની સમસ્યા સામે આવી છે. આ સ્થિતિમાં ડિજિટલ પુરાવાની વિશ્વસનીયતા અને તેની ઉપલબ્ધતા જળવાઈ રહે તે માટે સરકારપક્ષ દ્વારા કોર્ટ સમક્ષ અરજી કરાઈ હતી અને જણાવાયું હતું કે, સાબરમતી જેલમાં કરવામાં આવેલી ફોટોગ્રાફીનો રેકોર્ડ આ કેસમાં બહુ મોટો અને મહત્ત્વનો પુરાવો છે. પરંતુ સીડી ઓપન થતી નહી હોવાથી મૂળભૂત ડિજિટલ રેકોર્ડ એટલે કે સીડી અને પેનડ્રાઈવ કોર્ટ સમક્ષ રજૂ કરાવવાની જરૂર છે. ડિજિટલ પુરાવાને કાયદેસર રીતે રેકોર્ડ પર લેવા માટે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫(બી)(૪) હેઠળનું સર્ટિફિકેટ પણ જરૂરી છે. સરકારપક્ષની અરજી મંજૂર રાખતાં કોર્ટે સાબરમતી જેલની ફોટોગ્રાફી સંબંધિત સીડી અને પેનડ્રાઈવ રજૂ કરવાનો આદેશ આપ્યો છે. સાથે જ ડિજિટલ પુરાવાની કાયદેસર પ્રમાણિકતા સ્થાપિત કરવા કલમ ૬૫(બી)(૪) હેઠળનું સર્ટિફિકેટ રજૂ કરવામાં આવી હતી. કોર્ટે આ માંગને પણ મંજૂરી આપી છે. આથી તપાસ દરમિયાન સાક્ષીઓની ઓળખ, તેમની વિગતો એકત્રિત કરાશે.

કોર્ટે રાણીપ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ અધિકારીને સમન્સ જારી કરતો પણ હુકમ કર્યો છે કે જેથી સંબંધિત રેકોર્ડ અને પુરાવા કોર્ટ સમક્ષ રજૂ કરવાની કાર્યવાહી આગળ વધી શકે.આ કેસમાં તપાસનીશ અધિકારીની કામગીરી સામે બીજો પણ મહત્ત્વનો મુદ્દો સામે આવ્યો છે. જે ફોટોગ્રાફી કરનાર વ્યક્તિને કેસમાં સાક્ષી તરીકે કોર્ટ સમક્ષ બોલાવવાની માંગ કરવામાં આવી છે, તેનું નામ તપાસનીશ અધિકારીએ ચાર્જશીટમાં સાક્ષી તરીકે દર્શાવ્યું નહોતું.તેમ છતાં સરકારી પક્ષ દ્વારા આ વ્યક્તિને કોર્ટ સમક્ષ સાક્ષી તરીકે બોલાવવાની અરજી કરવામાં આવી હતી. કોર્ટે આ માંગને પણ

૧૩-૧૩ વર્ષોના વ્હાણાં વીત્યા બાદ પણ આટલો સંવેદનશીલ કેસ પત્યો નથી

સાબરમતી જેલ સુરંગકાંડના અતિસંવેદનશીલ અને મહત્ત્વના એવા કેસમાં ૧૩-૧૩ વર્ષોના વ્હાણાં વીત્યા બાદ પણ કેસનો ટ્રાયલ હજુ પત્યો નથી. કેસની ન્યાયિક પ્રક્રિયા મંથર ગતિએ ચાલી રહી છે. આ કેસમાં મોટાભાગના આરોપીઓ સાબરમતી જેલમાં તો કેટલાક મધ્યપ્રદેશની જેલમાં પણ છે અને તેઓ સંબંધિત કાર્યવાહી વીડિયો કોન્ફરન્સીંગથી ચાલે છે. અગાઉ કલમ-૧૩૦ની કાયદેસરતાને લઈ લીટીગેશન્સ હાઈકોર્ટ સુધી પહોંચ્યા હતા અને બાદમાં મેટર પાછી સેશન્સ કોર્ટમાં શરૂ થઈ હતી. આમ એક પછી એક કાનૂની આંટીઘૂંટીઓ અને લીટીગેશન્સના તબક્કાઓ વચ્ચે છેલ્લા ૧૩ વર્ષથી આટલો મહત્ત્વનો કેસ હજુ પડતર છે, ન્યાયમાં વિલંબનું આ વધુ એક ઉદાહરણ છતુ થાય છે.

સાબરમતી જેલના સુરંગકાંડમાં ૨૪ આરોપીઓ, મોટાભાગના બ્લાસ્ટ કેસના

સુરંગકાંડની તપાસ દરમિયાન કુલ ૨૪ કેદીઓ સામે ગુનો નોંધાયો હતો. આ કેસમાં જેલમાંથી ફરાર થવાના કથિત પ્રયાસ ઉપરાંત જેલની સુરક્ષા વ્યવસ્થા અને પુરાવા સાથે ચેડાં થયાં હોવાના મુદ્દાઓ પણ તપાસના કેન્દ્રમાં આવ્યા હતા. જેલના તત્કાલીન અધિકારીઓની ભૂમિકા અંગે પણ સવાલો ઉઠયા હતા. આ કેસમાં મોટાભાગના આરોપીઓ બ્લાસ્ટ કેસના આરોપીઓ છે, જઓએ જેલમાં નાસી છૂટવા સાબરમતી જેલમાં લાંબી ટનલ જેવી સુરંગકાંડના ખતરનાક કાવતરાને અંજામ આપ્યો હતો.

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28






















જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, વૈશાલી નવીનચંદ્ર સોની રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા ધોળકાના મોજે ગામ ભોળાદની સીમના(૧)રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૧૨૦૫(જુના સર્વે/બ્લોક નંબર-૪૮૫ પૈકી ૧)ની ૧૧૧૩૮ ચોરસમીટરની જમીન તથા (૨) રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૧૨૩૧ (જુના સર્વે/બ્લોક નંબર-૫૬૯ પૈકી ૧) ની ૧૨૧૪૧ ચોરસમીટરની જમીન મળી કુલ ૨૩૨૭૯ ચોરસમીટરની જમીનો તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીનો અમારા અસીલે વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીનો અંગેના ઉપરોક્ત જમીન માલિકના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીનો ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીનો ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૪(ચૌદ)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીનો ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનોના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનોના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૦૭-૧૧-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, શાહ શેરીલ કિરીટભાઈ વાઈફ ઓફ દેવ ઠક્કર, રહેવાસી- ગામ-રાંચરડા, તાલુકો-કલોલ, જિલ્લો-ગાંધીનગરનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ મહેસાણાના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા કડીના ગામ મોજે સેડફાની સીમના સર્વે/બ્લોક નંબર-૧૦ પૈકી ૧(જુના સર્વે/બ્લોક નંબર-૧૦કે જેનો જુનો સર્વે/બ્લોક નંબર-૮૩)ની ૩૫૬૭ ચોરસમીટરની બિનખેતીની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર,આગવી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીનમાલિકના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૦૭-૧૧-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફ્લોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

હીરો ભારતની કલાકૃતિઓની ઉજવણી કરે છે. તમિલનાડુના રમેશકુમાર ટી દ્વારા તાંજોર કલા દર્શાવવામાં આવી છે.

Hero

Hero

ભરોસો
સોનાથી ખરો

દિવાળીની હાર્દિક શુભકામનાઓ



દરરોજ એક હીરો ટુ-વ્હીલર* જીતવાનો મોકો મેળવો.

જીતવાનો મોકો મળે સોનાના સિક્કા અને ઘણું બધું*

કેશ ડિસ્કાઉન્ટ
₹3 000 સુધી

ઈસ્ટર્ન કેશબેક
₹10 000* સુધી

SBI card · HDFC BANK · pine labs

ઓછું ડાઉન પેમેન્ટ
₹999* થી શરૂ

કોર્પોરેટ ઓફર
₹2 200 સુધી

For bulk / institutional inquiries, please write to us at : institutionalsales@heromotocorp.com | Available in CSD

5 YEAR WARRANTY

Hero GoodLife

Also Available on: Flipkart amazon.in

Hero MotoCorp Ltd. Regd. Office: The Grand Plaza, Plot No.2, Nelson Mandela Road, Vasant Kunj Phase - II, New Delhi - 110070, India. | CIN: L35911DL1984PLC017354 | For further information, contact your nearest Hero MotoCorp authorized outlet or visit us on www.HeroMotoCorp.com. Accessories and features shown may not be a part of standard fitment. Always wear a helmet while riding a two-wheeler. *Offer amount and combination of offer may vary for model/variant and states and it is applicable on select models only, for a limited time period or till stock lasts. Cash discount, Exchange & Corporate offer are exclusive and can't be availed together. *Finance/Card offer are at the sole discretion of the finance/bank. Subject to their respective T&Cs. Offer available only on limited stores. *Offer is only for New GoodLife members. Limited period offer. T&C apply.

TOLL FREE
1800 266 0018

Authorised Dealers: Shradha Hero: 9289922683; Raj Hero: 9289923439; Rajdeep Hero: 9289922511; Shradha Hero: 9289922209; Rajdeep Hero: 9289922511; Rajdeep Hero: 9289922511; Bikes Hero: 9289922253; Marvi Hero: 9879080031; Chiranjya Hero 9289923287; Bikes Hero: 9289923049; Raj Hero: 9289923435; Prakash Hero : 9289922377; Legacy Hero: 9289923136; Shiv Shakti Hero: 9821739780; Anas Hero : 9289922241; Navniit Hero : 9289922254; Vamdoot Hero : 9289923136; Vimco Hero : 9289922429; Patel Hero: 9289922512; Capital Hero : 9289922235; K.D. Hero : 9289922480; Patel Hero: 9289923201; Supreme Hero: 9289922542; Shree Laxminarayan Hero: 9289922242; Quality Hero : 9289922249; Nanda Hero : 9289922238; Century Hero: 9104400559; Everest Hero : 9289922594; Shreeji Hero : 9289923041; Hansalia Motors : 9289922621; Kanan Hero : 9289922670; Gokul Hero: 9289923051; Ashok Hero : 9289922610; Jagdish Hero: 9289922239; Umiya Hero : 9289922248; Umiya Hero : 9289922249; Shakti Hero: 9289922809; Shubham Hero: 9289922750; Vinay Hero: 9289922625; Pavan Hero : 9289922628; Jai Ganesh Hero : 9289923481; Metro Hero : 9289922250; Horizon Hero : 9289922247; Anas Hero : 9289922241; Sarthi Hero : 9289923155; Shiv Hero : 9289922243; Sarthi Hero : 9289922426; Jayshree Hero : 9289922494; Jay Kay Hero : 9289922715; Perfect Hero : 9289922235; Jai Ganesh Hero : 9289923067; Gopinath Mobility : 7490904512; Anil Motors : 9289924308; Jalaram Hero : 9289923027; Tapi Motors : 7069726000; Sadguru Hero : 9289922982; Shivani Hero : 9289922755; Sadguru Hero: 9289923909; GK Hero : 9289923910; Rajdeep Hero: 9821737820; Jai Ganesh Hero : 9289923144; Century Hero : 9289922210; Century Hero: 9289922210; Century Hero :9289922210; Kumar Hero : 9289922205; Kumar Hero: 9289922206; Kumar Hero : 9289922252; Kumar Hero: 9289922252; Jaydeep Hero : 9289923199; Metro Hero : 9289922251; Shanti Hero : 9289923190; Auto World Hero : 9289923055; Jagdish Hero : 9289923300; Shanti Hero : 9289922234; Modheshwary Hero : 9289922096; Wheel Hero : 9289923732

Chell 01/10/25

ચાઈલ્ડ વેલ્ફેર કમિટી સહિતના સત્તાધીશોને નોટિસ

સગી માતાના ત્રાસથી કંટાળી ખુદ સગીર પુત્રએ હાઈકોર્ટમાં રિટ કરી

અમદાવાદ, શનિવાર

ખુદ પોતાની સગી જનેતાના ઘરકામ કરાવવાથી માંડી, હિંસક હુમલો સહિત અમાનવીય વર્તનથી કંટાળીને ૧૫ વર્ષના એક સગીર છોકરાએ ગુજરાત હાઈકોર્ટમાં જુવેનાઈલ જસ્ટિસ એક્ટ હેઠળ પોતાના રક્ષણ માટે અને તેને પોતાની દાદીની સુરક્ષિત કસ્ટડીમાંથી દૂર કરવામાં ના આવે તે મતલબની દાદ માંગતી રિટ અરજી ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરી છે. દાદી મારફતે અરજી કરનાર સગીરના કેસમાં હાઈકોર્ટે ચાઈલ્ડ વેલ્ફેર કમીટી, પોલીસ સહિતના સંબંધિત સત્તાવાળાઓને નોટિસ જારી કરી તા.૨૮મી ડિસેમ્બર સુધીમાં જવાબ માંગ્યો છે.

માતા ઘરકામ કરાવવાથી માંડી, હિંસક હુમલો કરવા સહિત અમાનવીય ત્રાસ ગુજારતી હોવાની સગીરની ફરિયાદ

અરજદાર સગીરે પોતાની સગી છૂટાછેડા લીધેલી માતા વિરૂધ્ધ અરજી કરી એવી આક્ષેપભરી રજૂઆત કરી હતી કે, સગીરના માતા-પિતાના ૨૦૨૦માં છૂટાછેડા થયા હતા, ત્યારબાદ તેની કસ્ટડી સરખેજ વિસ્તારમાં રહેતી માતા પાસે હતી. સગીરના પિતા આફ્રિકાના અંગોલામાં નોકરી કરે છે અને પિતૃપક્ષ મોરબીમાં વસે છે. સગીરે ગંભીર આરોપ લગાવ્યો છે કે, તેની માતા છેલ્લા કેટલાક મહિનાઓથી તેની સાથે હિંસક અને અપમાનજનક વર્તન કરતી હતી. તેની પાસે ઘરકામ કરાવવામાં આવતું હતું. જ્યારે પણ તે ઘરમાં એકલો હોય ત્યારે તેને માનસિક ત્રાસ આપવા માટે માતા વીજ પુરવઠો બંધ કરી દેતી હતી. આટલું જ નહીં, એક પ્રસંગે માતાએ તેના પર છરી વડે કથિત હુમલો પણ કર્યો હતો, જેના પગલે તેણે પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને સરખેજ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપી માતા સામે ગુનો નોંધવા માગ કરી હતી.

સગીરે અદાલતનું ધ્યાન દોર્યું હતું કે, પોલીસ અને બાળ કલ્યાણ સમિતિમાં માત્ર નિવેદનો નોંધાયા સિવાય કોઈ નક્કર રક્ષણાત્મક પગલાં ન લેવાતાં સગીર મોરબી ખાતે પોતાના દાદા-દાદી પાસે પહોંચી ગયો હતો. ત્યાંથી તેણે પોતાની દાદી મારફતે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી તેને તેના દાદા-દાદી સાથે રેહવા દેવા માંગણી કરી હતી. અરજીમાં આક્ષેપ કરાયો છે કે, સત્તાવાળાઓ જ્યુવેનાઈલ જસ્ટિસ એક્ટ અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા હેઠળ પોતાની કાનૂની ફરજો નિભાવવામાં નિષ્ફળ રહ્યા છે. અદાલતે બાળકની અગાઉની ફરિયાદો પર તંત્ર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી તે અંગે સ્પષ્ટતા માગી છે.

આરટીઓની ઈ ચલણની એપીકે ફાઈલ મોકલીને છેતરપિંડી

અમદાવાદ,શનિવાર

સેટેલાઈટ ખાતે રહેતા અજીતભાઈ પિમ્પળેને કોઈએ મોબાઈલ ફોન પર આરટીઓની ઈ-ચલણની એપીકે ફાઈલ મોકલી હતી. જે આરટીઓનો મેસેજ સમજીને તેમણે ફાઈલ ડાઉનલોડ કરી હતી. બાદમાં થોડી વિગતો અપડેટ કરી હતી. આ દરમિયાન તેમને બેંક એકાઉન્ટમાંથી પાંચ લાખ રૂપિયા અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર થયાનો મેસેજ આવતા કોઈએ છેતરપિંડી કરી હોવાની જાણ થઈ હતી.

સુરતમાં ફટાકડાના તણખાથી બે સ્થળે ભીષણ આગ લાગતા ભાગદોડ

સુરત, શનિવાર

દિવાળી પર્વ દરમિયાન સુરત શહેરમાં ફટાકડાના તણખાથી આગ લાગવાના બનાવો બનવાના શરૂ થયા છે. તેવા સમયે ઉધના રોડ પર મોડી રાત્રે ફટાકડા ફોડવા દરમિયાન સર્જાયેલા તણખાથી એક બંધ મકાન અને વેસ્ટેજના ગોડાઉનમાં આગ ફાટી નીકળતા ત્યાં અફડાતફડી અને નાસભાગ થઈ જવા પામી હતી.ફાયર બ્રિગેડ પાસેથી મળેલી વિગત મુજબ મુળ ઉત્તર પ્રદેશના વૃંદાવનના વતની અને હાલમાં ઉધના રોડ પર સુવિધા હોસ્પિટલની ગલીમાં આવેલી કાશીનગર સોસાયટીના પહેલા માળે મકાનમાં રહેતા નિકુંજભાઈ દિવાળીના તહેવાર નિમિત્તે પરિવાર સાથે ઘર બંધ કરીને વતન ગયા હતા. શુક્રવારે રાતે તેમના ઘર પાસે કેટલાક લોકો ફટાકડા ફોડતા હતા ત્યારે તણખો મકાનની ખુલ્લી બારીમાંથી અંદર ઘૂસીને પડદા પર પડતા આગ ભભૂકી હતી. અને સમગ્ર રૂમમાં ફેલાઈ ગઈ હતી. ધુમાડો ફેલાતા આસપાસના લોકો ઊંઘમાંથી જાગીને દોડી આવ્યા હતા અને આગ બુઝાવવાનો પ્રયાસ કર્યો હતો.

'પડતર'ની પળોજણ

(છેલ્લા પાનાનું ચાલુ)

કળા સાથે થાય છે. ચંદ્રની કળાના આધારે બનતી તિથિઓ આધારિત મહિનાઓ અને દિવસો વડે ગણતરી મંડાય છે. એક મહિનામાં ચંદ્રની કળાઓને ૩૦ ભાગમાં વહેંચવામાં આવી છે. જયારે હકિકતમાં ચંદ્ર ૩૦ કળાઓને ૩૦ દિવસ કરતા ઓછા સમયમાં પૂર્ણ કરી લે છે. આથી દર મહિને પંચાગમાં એક તિથિનો ક્ષય થાય છે અથવા તો વધારો થાય છે. સામાન્ય રીતે ચંદ્રની તિથિ સૂર્યોદય સમયે જે હોય તેને આખા દિવસ માટે ગણી લેવામાં આવે છે.

ચંદ્ર ૩૦ કળાઓને ૩૦ દિવસ એટલે કે એક મહિનાના સમય કરતા પહેલા પૂરી કરી લે છે. આ ગણતરીના આધારે પંચાગમાં તિથિમાં વધ ઘટ થાય છે. આથી ઘણી વાર દિવસ દરમિયાન જ તિથિ બદલાઈ જતી હોય એવું પણ બનતું હોય છે. આવી ગણતરી મુજબ જ ધોકાના દિવસે સૂર્યોદય સમયે અમાસ હોય છે અને નવા વર્ષની તિથિ શરૂ થઈ હોતી નથી. નવા વર્ષનો પ્રથમ દિવસ અત્યંત મહત્વનો હોય છે તેનું સ્વાગત લોકો દેવદર્શન જવાથી કરે છે.

દિવાળીના તહેવારોના

(છેલ્લા પાનાનું ચાલુ)

ઝેર ભેળવી રહ્યો છે. આ ઉપરાંત કેટલીક ફેક્ટરીઓ રાત્રિના સમયે જૂના ટાયર, પ્લાસ્ટિક અને નકામું ઓઈલ સળગાવતી હોવાનું પણ સામે આવ્યું છે. શહેરમાં સતત વધી રહેલા વાહનો અને ટ્રાફિક જામના કારણે હવામાં કાર્બન મોનોક્સાઈડનું પ્રમાણ વધે છે.

... તો ચાર સિગારેટનો ધુમાડો શ્વાસ મારફતે ફેફસામાં પ્રવેશે છે

આ ઝેરી હવામાં શ્વાસ લેવાને કારણે હોસ્પિટલોમાં ખાસ કરીને શ્વાસ સંબંધી ઈમરજન્સીના કેસો વધવાની આશંકા ડોક્ટરો વ્યક્ત કરી રહ્યા છે. ઝેરી હવવાને લીધે લોકોને આંખોમાં બળતરા, ગળામાં ઈન્ફેક્શન અને સતત ઉધરસની સમસ્યા થઈ રહી છે. અસ્થમા, બ્રોન્કાઈટીસ અને હૃદયના દર્દીઓ માટે આ સ્થિતિ જીવલેણ સાબિત થઈ શકે છે. તબીબોના મતે, લાંબા સમય સુધી આવી પ્રદૂષિત હવામાં રહેવાથી ફેફસાના કેન્સરનું જોખમ વધી જાય છે. ૧૫૦થી વધુ એર ક્વોલિટી ઈન્ડેક્સ હોય તો, ચાર સિગારેટનો ધુમાડો શ્વાસ મારફતે ફેફસામાં પ્રવેશે છે. આવા સમયે વયોવૃદ્ધો, બાળકો અને શ્વાસના દર્દીઓએ વહેલી સવારે કે મોડી રાત્રે બહાર નીકળવાનું ટાળવું જોઈએ અને માસ્કનો ઉપયોગ કરવો હિતાવહ છે.

અમદાવાદમાં ઠેર-ઠેર ચાલી રહેલા મેગા પ્રોજેક્ટ્સ અને ઈમારતોના બાંધકામ દરમિયાન ધૂળ ઉડતી અટકાવવાના યોગ્ય નિયમોનું પાલન ન થવાને કારણે હવામાં પટીક્યુલેટ મેટરનું પ્રમાણ વધ્યુ છે. પીરાણા ડમ્પિંગ સાઈટમાં અવારનવાર લાગતી આગ અને તેમાંથી નીકળતા ઝેરી વાયુઓ આસપાસના વિસ્તારોની હવાને સતત દૂષિત કરે છે. ઉલ્લેખનીય છેકે, વટવા,નારોલ અને ઓઢવ સહિતના વિસ્તારોમાં પ્રદૂષણ ફેલાવતાઔદ્યોગિક એકમોને ક્લોઝર નોટિસ ફટકારીને તાળા મારી દેવામાં આવ્યા હોવા છતાં, પ્રદૂષણની સ્થિતિ પર કાબૂ મેળવી શકાયો નથી.

અમદાવાદ કલેક્ટરને

(છેલ્લા પાનાનું ચાલુ)

હતો. જો કલેક્ટર દ્વારા આ રકમ જમા ના કરાવાય તો સરકારના સત્તાવાળાઓએ અમદાવાદ જિલ્લા કલેક્ટરના પગારમાંથી દંડની એક લાખ રૂપિયાની રકમ કાપીને રજિસ્ટ્રીમાં જમા કરાવવાની રહેશે. દંડની રકમ જમા થયેથી તે અરજદાર મહિલાને ચૂકવી આપવા પણ હાઈકોર્ટે હુકમ કર્યો હતો.

હાઈકોર્ટના હુકમ બાદ પણ કલેક્ટરે એના એ જ કારણો આપ્યા

હાઈકોર્ટના ચુકાદા બાદ અરજદારે એપ્રિલ ૨૦૨૬માં ફરીથી એનએ પરવાનગી માટે અરજી કરી હતી. પરંતુ અમદાવાદ કલેક્ટરે ૬ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ફરીથી અરજી નામંજૂર કરી દીધી હતી.આ વખતે પણ મામલતદાર સહિતના સત્તાવાળાઓના નકારાત્મક અભિપ્રાય, ડેપ્યુટી કલેક્ટર (લેન્ડ રિફોર્મ્સ)ના અભિપ્રાય, જમીનના અગાઉના વ્યવહારો અને ટેનન્સી એક્ટની જોગવાઈઓનો આધાર લેવામાં આવ્યો હતો. એટલું જ નહીં, હાઈકોર્ટના અગાઉના ચુકાદા સામે સરકાર દ્વારા લેટર્સ પેટન્ટ અપીલ દાખલ કરવાની પ્રક્રિયા ચાલી રહી હોવાનું પણ કારણ દર્શાવાયું હતું. જો કે, હાઈકોર્ટ સમક્ષ રાજ્ય સરકારના વકીલે સ્વીકાર્યું હતું કે, અગાઉના ચુકાદા સામે આજદિન સુધી કોઈ અપીલ દાખલ કરાઈ નથી.





જાહેર નોટિસ

મોજે - તારાપુર

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ ગાંધીનગર ઝોન- ૧ ગાંધીનગર તાલુકાના મોજે - તારાપુર ગામની સીમના રી-સર્વે મુજબ નવા (એ) બ્લોક નં.૨૪૯ (જુના બ્લોક નં.૧૪૫/બ/૨) ની હે.આરે.ચો.મી. : ૦-૯૧-૦૮ ની ખેતીની જમીન (૧) વિનોદભાઈ હિરાભાઈ પ્રજાપતિ, (૨) દેસાઈ પાયલબેન રમેશભાઈના દિકરી તે અર્પણભાઈ દેસાઈના પત્ની, (૩) વિનોદકુમાર હીરાલાલ પ્રજાપતિ તથા (બી) બ્લોક નં.૨૫૨ (જુના બ્લોક નં.૧૪૭/બ/૨) ની હે.આરે.ચો.મી. : ૦-૨૫-૭૧ ની ખેતીની જમીન (૧) હિરાભાઈ મગનભાઈ પ્રજાપતિ, (૨) ભરતભાઈ હિરાભાઈ પ્રજાપતિ, (૩) વિનોદભાઈ હિરાભાઈ પ્રજાપતિની સંયુકત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૮-૧૧-૨૦૨૬.

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ /૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને ખબર આપવામાં આવે છે કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ અને સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૪ (પાલડી) તાલુકા વેજલપુરના મોજે સરખેજની સીમના સરવે/બ્લોક નંબર ૧૧૬ ની ૨૦૨૩ ચોરસમીટર (ખાતા નંબર ૧૪૬૨) ની જુની શરતની ખેતીની જમીન કે, જેનો સમાવેશ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૨૦૧ (સરખેજ-ઓકાફ-ફતેહવાડી-સનાથલ) માં થતા ફાઈનલ પ્લોટ નંબર ૪૫ ની ૧૨૧૪ ચોરસમીટરની જમીન ફાળવવામાં આવેલ છે, તેવી જમીન ભીખુભા ફતેસિંહ ગોહિલ તથા અક્ષયકુમાર ભીખાભાઈ મોટણ ધરાવે છે. તેઓએ સદરહુ જમીન તેઓની કુલ સ્વતંત્ર સહમાલીકી, પ્રત્યક્ષ સહકબજા ભોગવટાની તેમજ સર્વે પ્રકારના બોજાઓથી મુક્ત હોવાનું જણાવી વેચાણના હેતુથી ટાઈટલ ચકાસણીની કામગીરી અમોને સોંપેલી છે. સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર, બીલ્ડર, ઓર્ગેનાઈઝર, કોન્ટ્રાક્ટર, પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ, કે ફાઈનાન્સર તરીકે, કે બાનાખતના કરાર, ભાડાચીઠ્ઠી ભાડા કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજુતી કરાર, હુકમનામું કે કોર્ટ કાર્યવાહી હેઠળ, અન્ય કોઈ લખાણ હેઠળ કે કુટુંબના સભ્ય/સહવારસ, સગીર કે અગાઉ ગુજરનારના વારસદાર તરીકે કે મજકુર જમીનના જુના દસ્તાવેજો-ટાઈટલ ડીડ્સ બાબતે કે રેવન્યુ રેકર્ડમાં થયેલ વખતોવખતના ફેરફારો બાબતે કે બીજી કોઈપણ રીતે સદરહુ જમીન પર સીધો કે આડકતરો હક્ક, દાવો, કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેના સરનામે કરવી. નહિતર આવા હક્ક, દાવા કે અલાખા પર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય અને જતા (waive) કરેલા છે તેવું ગણી સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફિકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.

મેસર્સ એચ. દેસાઈ એન્ડ કંપની
એડવોકેટસ એન્ડ સોલીસીટર્સ,
૨૦૨, સેકન્ડ ફ્લોર, ટાઈટેનીયમ વન, રાજપથ ક્લબની પાસે, એસ.જી.હાઈવે, અમદાવાદ-૩૮૦૦૫૯
ફાઈલ નંબર-૧૮૫/૨૦૨૬/HHD/KHD

જાહેર નોટિસ

મોજે- વાયણા

ડીસ્ટ્રીકટ ગાંધીનગર સબ - ડીસ્ટ્રીકટ કલોલ તાલુકાના મોજે - વાયણા ગામની સીમના રી-સર્વે મુજબના બ્લોક નંબર : ૧૨૭, ૧૨૯, ૧૩૪, ૧૩૫, ૧૫૪ તથા ૧૫૫ (જુના બ્લોક નંબર : ૧૦૮ પૈકી, ૧૨૦, ૧૨૧, ૧૨૬, ૧૩૨ પૈકી તથા ૧૩૪) ની જમીન ઉપર વિશ્વહર્ષ કો-ઓ.હા.સો.લિ. આવેલ છે. જે ''કર્મભુમી-૧'' ના નામથી ઓળખાય છે. તેમાં ખાનગી પ્લોટો પૈકી સબ પ્લોટ નંબર : ૩૧/૩ (સેકટર-૩) ની ચો.વાર : ૫૦૦.૦૦ યાને ચો.મી.૪૧૮.૦૬ (રોડ રસ્તા તથા કોમન પ્લોટની વગર વહેંચાયેલ જમીન સહિત) કે જેનો નેટ પ્લોટ આશરે ચો.વાર : ૩૮૦ યાને ચો.મી. ૩૧૭.૭૨ ની ખુલ્લા પ્લોટ વાળી મિલકત નીતાબેન હરીસંગ બારોટની માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તથા કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે, સદર મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો બોજો, ચાર્જ, લીયન, બાના હક્ક, કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર મીલકતમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર મીલકતનું ટાઈટલ કલીયરન્સ અંગેના અભિપ્રાયનુ પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૮-૧૧-૨૦૨૬.

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ /૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

મોજે- રુપાવટી

ડીસ્ટ્રીકટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ - ડીસ્ટ્રીકટ સાણંદ તાલુકાના મોજે - રુપાવટી ગામની સીમના (એ) સર્વે નં. ૧૨ ની જમીનને સીટી સર્વે વોર્ડ : રુપાવટી (બિનખેતી) માં સમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નં. NA12 ની ચો.મી. ૨૬૩૦, (બી) સર્વે નં. ૧૮ ની જમીનને સીટી સર્વે વોર્ડ : રુપાવટી (બિનખેતી) માં સમાવેશ કરીને ફાળવેલ સીટી સર્વે નં. NA18 ની ચો.મી. ૩૨૨૯ તથા (સી) સર્વે નં. ૭૦૬ ની ચો.મી. ૭૧૭ એમ મળીને કુલ ત્રણેય સર્વે નં. ની ચો.મી. ૬૫૭૬ ની જમીન રઘુભાઈ સોમાભાઈ આજરાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, લીયન, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૮-૧૧-૨૦૨૬.

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ /૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૧ (અસલાલી) ના તાલુકા વટવા ના મોજે વટવા ની સીમના સર્વે/બ્લોક નં.૧૭૨ પૈકી ની ૧૩૯૬૨ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૧૨૮ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૯૪ ની ૮૩૭૭ચો.મી. જમીનમાં એ.એમ.સી. દ્વારા પાસ થયેલ ડેવલોપમેન્ટ પરમીશન મુજબ S.P NO. 94/2 OF F.P No. 94 ની ૨૦૮૮ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન અલ્પેશકુમાર રમણલાલ પટેલ (૧૦ ટકા હિસ્સો), સુનિલકુમાર અંબાલાલ પટેલ (૩૦ ટકા હિસ્સો), નિતિનકુમાર સોમાભાઈ પટેલ (૧૦ ટકા હિસ્સો), મયુરકુમાર કાંતિલાલ પટેલ (૩૦ ટકા હિસ્સો), વિજયકુમાર ચંદુલાલ જાવિયા (૧૦ ટકા હિસ્સો), વિનયકુમાર રામજીભાઈ પટેલ (૧૦ ટકા હિસ્સો) તા. ૧૬.૦૯.૨૦૨૬ નારોજ અનુક્રમ નં.૨૦૯૪૫ થી AXIS INFRA એ નામની ભાગીદારી પેઢીએ વેચાણ રાખેલ હોવાથી ઉપરોક્ત જમીન તેઓની માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

અમો વિરેન્દ્ર આર. પટેલ એડવોકેટ, અમારા અસીલની સૂચના અને ફરમાઈશથી આ નોટીસ આપી જણાંવીએ છીએ કે જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીક્ટ સાણંદના તાલુકે સાણંદના મોજે ગામ મખીયાવના સાણંદ સીટી સર્વે કચેરીના, સીટી સર્વે વોર્ડ : મખીયાવ (બીનખેતી)ના, સીટી સર્વે નં. NA 120/2, શીટ નં. NA99 (બ્લોક/સર્વે નં. 120/2) ની 4480 હે.આરે.ચો.મી.ની બહુહેતુક ઉપયોગની બીનખેતીની જમીનના માલિક J3 INFRASPACE એ નામની ભાગીદારી પેઢીની કુલ સ્વતંત્ર/સંપૂર્ણ માલિકી કબજા ભોગવટાની, બિન બોજાની, બિનતકરારી, ન દાવાવાળી હોવાનું જણાંવી સદર મિલકત પરત્વેના તેઓના રાઈટ્સ ટાઈટલ્સ ક્લીઅર અને માર્કેટેબલ હોવાનું જણાંવી તે મિલકતમાં તેઓ સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો કે બોજો અલાખો નથી તેમ જણાંવી તેવી મિલકતના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તો સદર મિલકત કે તેના કોઈ ભાગ ઉપર ઉપરોક્ત સદર મિલકતના માલિક/કબજેદાર સિવાય અન્ય કોઈપણ ઈસમ કે નાણાંકીય સંસ્થા સહિતની હરકોઈ સંસ્થા, બેંક, કોર્પોરેશન, કંપની, પેઢી કે મંડળીના કોઈપણ પ્રકારના હક્ક, હિત, હિસ્સા, સંબંધ, લાગભાગ, ભાગીદારી, બોજા, ગીરો, લીયન, ચાર્જ હોય કે પઝેશન/ લીઝ/ લાયસન્સ/ ટેનન્સી રાઈટ્સ/ ઈઝમેન્ટ/ બાનાચિઠ્ઠી/ બાનાખત/ એમ.ઓ.યુ./ ડેવલપમેન્ટ/ ભરણપોષણ-રહેણાંકના કે રસ્તાના હક્ક સહિતના અન્ય કોઈપણ પ્રકારના હક્ક પોષાતા હોય તો તેઓએ તે અંગેની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ (સાત)માં મળે તે રીતે પ્રમાણીત દસ્તાવેજી પુરાવા સહીત લેખીતમાં અમોને નીચે દર્શાવેલ સરનામે અચુક કરવી, જો તેમ કરવામાં નહીં આવે તો સદર મિલકત કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હક્ક, હિત, હિસ્સા, સંબંધ, લાગભાગ, ભાગીદારી, બોજા, અલાખા કે કોઈ જ લેવાદેવા નથી અને હોય તો તે તમામ મજકુર મિલકતના માલિકની તરફેણમાં રાજીખુશીથી જતા યાને વેવ (WAIVE) કરેલ છે તેમ સમજી અમો મુદત વિત્યે ટાઈટલ સર્ટીફીકેટ ઈસ્યુ કરી દઈશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ-ફરીયાદ તકરાર ચાલશે નહીં.

તારીખ: 6/11/2026

વિરેન્દ્ર આર. પટેલ (એડવોકેટ)
૪૧, ખોડીયાર કોમ્પલેક્ષ, વિજયનગર પેટ્રોલ પંપની સામે, વિજયનગર રોડ, નારણપુરા, અમદાવાદ
મો. નં. : 9898409624

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને તથા લાગતા - વળગતા તમામ ને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ : અમદાવાદ નાં રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીકટ : અમદાવાદ-૦૪ (પાલડી) નાં તાલુકા : સાબરમતી નાં મોજે ગામ : પાલડી ની સીમનાં નગર રચના યોજના નં. ૨૨ (પાલડી) માં સમાવેશ થતા ફાળવવા માં આવેલ અંતિમ ખંડ નં. ૧૮ ની ૫૩૮.૦૦ ચોરસ મીટર ની બિનખેતી ની જમીન (''સદરહુ જમીન'') તથા તેનાં ઉપરદળ નાં બાંધકામ વાળી મિલકત માં આવેલ ૮૫૫.૦૦ ચોરસ ફૂટ યાને કે ૭૯.૪૩ ચોરસ મીટર નું ભોયરૂ તથા તેનાં ઉપર આવેલ ૧,૯૬૬.૦૦ ચોરસ ફૂટ યાને કે ૧૮૨.૬૫ ચોરસ મીટર નાં ગ્રાઉન્ડ ફ્લોરનાં બાંધકામ એમ મળી કુલ-૨,૮૨૧.૦૦ ચોરસ ફૂટ યાને કે ૨૬૨.૦૨ ચોરસ મીટર નાં બાંધકામ વાળી મિલકત (''સદરહુ મિલકત'') હાલ અમારા અસીલ પાર્થ દેવાંગ શાહ, રહેવાસી : ૭૦૨, શ્રી પાર્શ્વ અન્ટીલીયા, પાલડી, જલારામ મંદિર પાસે, અમદાવાદ - ૩૮૦૦૦૬ નાં એ પોતાની સંપૂર્ણ, સ્વતંત્ર, માલિકી, કબજા-ભોગવટા તથા બોજા-રહીત ની આવેલ હોવાનું જણાવેલ છે. સદરહુ મિલકત અમારા અસીલે તા.૧૩/૧૦/૨૦૨૬ નાં રોજ નાં એક કાયદેસરનાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૯૯૭૧ થી મે. પ્રીસીશન એન્ડ મશીન ટુલ્સ (ઈન્ડીયા) કોર્પોરેશન નાં વતી અને તરફથી તેમનાં અધિકૃત ભાગીદાર ઉમેશકુમાર ચીમનલાલ બ્રોકર પાસેથી વેચાણ રાખેલ છે. વધુમાં, સદરહુ મિલકત અગાઉ ઉમેશકુમાર ચીમનલાલ બ્રોકર નાં નામથી કબજા ભોગવટા ની ચાલતી આવેલ અને ત્યારબાદ તા.૧૯/૦૮/૧૯૭૫ નાં રોજ નાં તેઓ એ સદર મે. પ્રીસીશન એન્ડ મશીન ટુલ્સ (ઈન્ડીયા) કોર્પોરેશન નાં ભાગીદારો (૧) ઉમેશકુમાર ચીમનલાલ બ્રોકર, (૨) મયુરકુમાર હસમુખલાલ, (૩) દક્ષાબેન ગૌતમકુમાર તથા (૪) કાશમીરાબેન વિક્રમકુમાર ને અસાઈમેન્ટ નો લેખ લખી આપેલ, જે મે. સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રી, અમદાવાદ ની કચેરી સમક્ષ અનુક્રમ નં. ૧૧૯૫૯/૧૯૭૫ થી તા.૨૨/૦૮/૧૯૭૫ નાં રોજ નોંધણી થયેલ છે. એ રીતે સદરહુ મિલકત નો ઉત્તરોત્તર નો કાયદેસરનો તા. ૧૯/૦૮/૧૯૭૫ નાં રોજ નાં રજીસ્ટર્ડ અસાઈમેન્ટ નો લેખ કે જે મે. સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રી, અમદાવાદ ની કચેરી સમક્ષ અનુક્રમ નં. ૧૧૯૫૯/૧૯૭૫ થી તા.૨૨/૦૮/૧૯૭૫ નાં રોજ નોંધાયેલ છે તે અસલ લેખ તથા તેની નોંધણીની અસલ પહોંચ શરત ચુકથી સદરહુ મિલકત નાં અગાઉ નાં માલિક થી ગેરવલ્લે / ખોવાઈ ગયેલ છે અને ઘણી શોધખોળ કરવાથી પણ મળી આવેલ નથી. સદરહુ મિલકત નો ઉપરોકત અસલ લેખ તથા તે અંગેની અસલ પહોંચ કોઈ વ્યકિત, સંસ્થા, બેંક, પેઢી કે ઈસમો નાં કબજા, જપ્તી, ભોગવટા, ટાંચ, બોજામાં, વિગેરે હોઈ અગર તેવા દસ્તાવેજ નાં કબજા નાં આધારે અન્ય કોઈપણ રીતે કોઈનો પણ હકક, હિત, હિસ્સો તથા લાગભાગ માં હોઈ તો તે બાબતની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અસલ પુરાવાઓ સાથે અમોને લેખીતમાં નીચે નાં સરનામે કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ મિલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, બોજો કે તકરાર નથી અને હોય તો તમામ જતા (વેવ) કરેલ છે તેમ સમજી સદરહુ જમીન નાં ખોવાઈ ગયેલા અસલ દસ્તાવેજો અંગે ની આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની જાહેર જનતા એ તથા લાગતા - વળગતા તમામ એ સ્પષ્ટ નોંધ લેવી.

M/s. A. M. Kothari, Advocates
Since 1966
Avnish C. Kothari
Chetan A. Kothari
Anantrai M. Kothari
A/604, Shilp Corporate Park, Rajpath Rangoli - Road, Nr. Rajpath Club,Bodakdev, Ahmedabad - 380054.
M: +91-9909221000

જાહેર નોટિસ

આથી નોટીસ આપી જણાવવાનુ કે મોજે ગામ:-ગરમાલા,તા:-માતર,જી:-ખેડાની સીમના ખાતા નં.૯૮૦,બ્લોક સર્વે નં.-૫૦૫ ક્ષેત્રફળ. ૦-૨૦-૨૩ આકારઃ ૧-૨૫ પૈસા વાળી ખેતીની જમીનમાં હરીસીંહ મોહનભાઈ સ્વતંત્ર નામે ચાલતી આવેલ છે. સદર જમીનનુ ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ માંગણી અમારી પાસે કરવામાં આવેલ છે. જેથી આ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકાર નો લાગભાગ હકક, હીત, હીસ્સો, બોજો, સુખાધીકાર, ઈલાખો, બાનાખત ગીરો હકક, ધરાવતા હોય તો તેમણે તે અંગેના પુરાવા સાથે લેખીતમાં નીચેના સરનામે દિન-૧૦ માં લેખીતમાં રજી. પોસ્ટ. એડીથી જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો આ જમીનમાં કોઈનો કોઈ પણ પ્રકારનો લાગભાગ હકક, હીત, હીસ્સો, બોજો, સુખાધીકાર, ઈલાખો, બાનાખત ગીરો હકક, ધરાવતા નથી કે હોય તો જતો (વેવ) કરેલ છે. તેમ માની સદરહુ જમીન અંગે ટાઈટલ સર્ટીફીકેટ આપી દેવામાં આવશે અને ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની સ્પષ્ટ નોધ લેવી.

તારીખ :- ૦૭/૧૧/૨૦૨૬

સકીલઅહેમદખાન.વાય.પઠાણ
એડવોકેટ
રહે. ડી-૧૦૩, સીટી સેન્ટર, મું.માતર તા. માતર જિ. ખેડા
મો. ૮૬૬૬૫ ૫૮૫૮૧

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે,રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ ગાંધીનગરના સબ-ડિસ્ટ્રીક્ટ અને તાલુકા કલોલના ગામ મોજે ખોરજડાભીની સીમના નવા બ્લોક નંબર-૬૩(જુના બ્લોક નંબર-૩૯)ની કુલ ૧૭૭૦૩ ચોરસમીટર પૈકી ૩૨૬૮ ચોરસમીટર જુની શરતની ખેતીની જમીન ભીખીબેન નાગરજી ઠાકોર તથા લાલાજી ગાંડાજી ઠાકોરે તેઓની સંપુર્ણપણે સંયુક્ત, માલિકી,કબજા,ભોગવટાની તમામ બોજાઓ રહીત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫(પંદર)માં અમોને તે બદલના જરૂરી પુરાવાઓ સહીત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ,હક્ક, હીત,હીસ્સો,દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ માનીને અમો સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં.

તારીખ-૦૮/૧૧/૨૦૨૬

કૌશિક.જી.પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)
(બી.એસ.સી.,એલ.એલ.બી.)
ઓફીસ :-૧૨,બીજો માળ, જે. બી. આર. આર્કેડ, આર.કે.રોયલ હોલની બાજુમાં, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
મો.નં.૯૮૨૪૬૭૮૭૬૯

જાહેર નોટિસ

મોજે - તારાપુર

ડીસ્ટ્રીકટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ ગાંધીનગર ઝોન- ૧ ગાંધીનગર તાલુકાના મોજે - તારાપુર ગામની સીમના રી-સર્વે મુજબ નવા બ્લોક નં.૨૪૮ (જુના બ્લોક નં.૧૪૬ પૈકી ૨) ની જમીન કે જેને બિનખેતીમાં તબદીલ કરતા જેનો સીટી સર્વે વોર્ડ : તારાપુર (બીનખેતી) માં સમાવેશ કરી ફાળવેલ સીટી સર્વે નં. NA248 ની ચો.મી.૮૦૪૯ ની બિનખેતીની જમીન (૧) અશોકકુમાર પ્રહલાદભાઈ પ્રજાપતિ, (૨) સ્નેહાબેન ગૌતમભાઈ પ્રજાપતિ તથા (૩) સગીર દિવ્યમ ગૌતમકુમાર પ્રજાપતિની સંયુકત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૧૫ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૦૮-૧૧-૨૦૨૬.

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ /૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩.

જાહેર નોટિસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામ ને આ જાહેર નોટિસ આપીને જણાવીએ છીએ કે, જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદ ના તાલુકા દસક્રોઈ ના મોજે જેતલપુર ગામની સીમમાં આવેલ ખાતા નંબર:- ૪૬૩ ના રેવન્યુ સર્વે નં:-૧૪૫૮ ની ક્ષેત્રફળ ૦-૫૮-૬૮ હે.આરે.ચોમી યાને કે ૫૮૬૮ ચોરસ-મીટર જમીન કે જેનો આકાર રૂ . ૪.૩૮/- સત્તા પ્રકાર જુની શરત ની ખેતીલાયક જમીન મિલકત જે જમીનો ના ખેડુત ખાતેદારશ્રી (૧) જીકુબેન ભૂરુભાઈ ગટોરભાઈ ની વિધવા (૨) બળદેવભાઈ ભુરુભાઈ નાઓ ની ખેતીલાયક જમીન તેઓ ની માલિકી કબજા ભોગવટા ની અને તમામ બોજાઓ થી મુક્ત હોવાનું જણાવી ને અમારી પાસે થી સદર જમીન નું ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફિકેટની માંગણી કરેલ છે. સદર જમીન માં અન્ય કોઈ નો કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો, દાવો, અલાખો કે લાગભાગ, બાનાચિઠ્ઠી નો હક્ક, બાનાખત હોલ્ડર તરીકે નો હક્ક, ભરણપોષણ નો હક્ક, ગણોત હક્ક, કે રેવન્યુ ચાર્જિસ,લિયનચાર્જ કે સુખાધિકાર હક્ક કે અન્ય કોઈપણ પ્રકારના હક્કો પોષાતા હોય તો આ નોટિશ પ્રસિદ્ધ થયે થી દિન-૭ માં તમામ દસ્તાવેજી પુરાવાની પ્રમાણિત નકલો સહિત નીચે જણાવેલા સરનામે અમો ને રજી.એડી થી જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થયે થી સદર જમીન માં અન્ય કોઈ ના કોઈપણ પ્રકાર ના હક્ક કે હિસ્સો પોષતા ન હતા અને નથી અને/અગર તેવા હક્ક જતાં યાને કે વેવ કરેલ છે. તેમ ગણીને અમો દ્વારા ઉપરોક્ત જમીન નું ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફિકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈપણ ની તકરાર ચાલસે નહીં એ આથી જાણવું.

અમદાવાદ

તારીખ :- ૦૮/૧૧/૨૦૨૬.

ANKIT. B. PATEL
(B.COM, M.COM, LLB, LLM)
ADVOCATE
Address :- Office No :- 210, Paarijat Business Centre, Vatva-Gamdi Road S.P Ring Road, Near Shakti Gardenia, New Vatva, District : - Ahmadabad, Gujarat -382440.
MO :- 9974092903.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે ડીસ્ટ્રીક્ટ : અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીકટ:અમદાવાદ-૯ (બોપલ) ના તાલુકા : ઘાટલોડીયાના મોજે : બોપલ ગામની સીમના બ્લોક નંબર-૩૧૦ પૈકી ખાનગી સબ-પ્લોટ નંબર બી/૨ તથા બી/૩ તથા બી/૫ ની બાલેશ્વર વિહાર ઓનર્સ એસોસીએશનની માલિકીની જમીન ઉપર આવેલ ''બાલેશ્વર વિહાર'' સ્કીમના જુદાજુદા બ્લોક પૈકી બ્લોક-'એ'માં બીજા માળ ઉપર આવેલ ફલેટ નંબર-એ/૨૦૨, કે જે આશરે ૮૭-૭૯ ચોરસમીટર (એટલે કે ૧૦૫ ચોરસવાર) (સુપર બિલ્ટ-અપ) સહિતની મીલકત, આસિતકુમાર ધીરજલાલ પટેલની કુલ સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, ભોગવટામાં આવેલી હોવાનું જણાવી તથા મજકુર મીલકત અંગેના તમામ અસલ ટાઈટલ ડીડઝ પૈકી બાલેશ્વર વિહાર ઓનર્સ એસોસીએશને, રામબિલાસ કામતશરણ શુકલાની તરફેણમાં કરી આપેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ (રજી. નંબર-૭૪૩૩ તારીખ : ૨૦/૧૨/૨૦૦૪) ગેરવલ્લે થયેલ/ખોવાઈ ગયેલ હોવાનું જણાવી, મજકુર મીલકત પરત્વેના તેઓના ટાઈટલની ચકાસણીનું કામ અમોને સોંપવામાં આવેલ છે તથા સદરહુ મીલકત અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદરહુ મીલકત અને/અગર ઉપર જણાવેલ અસલ ટાઈટલ ડીડઝ ઉપર/પરત્વે જો અન્ય કોઈપણ વ્યક્તિ, બેંક, નિગમ, પેઢી કે સંસ્થાનો કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, બોજો, ચાર્જ, દાવો કે લીસપેન્ડન્સ હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તેની લેખિત જાણ દસ્તાવેજી આધાર-પુરાવા સહિત રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે કરવી. જો તેમ નહિં કરવામાં આવે તો આવા હક્ક, દાવા કે અલાખા પર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય ઉપરોકત મીલકતના ટાઈટલની ચકાસણી અંગેની કાર્યવાહી સંપન્ન કરવામાં આવશે અને ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર કે દાવા-દુવી ચાલશે નહીં તે જાણવું.

આઈ. આર. પટેલ લો એસોસીએટસ્
ઈન્દ્રવદન આર. પટેલ, એડવોકેટ
૩૦૧, ચાણક્ય બિલ્ડીંગ, ટોરેન્ટ હાઉસની બાજુમાં, ઈન્કમ ટેક્ષ, અમદાવાદ - ૩૮૦૦૦૯
ફોન નંબર - ૨૬૫૮૧૨૧૪

નોટબંધીની ફળશ્રૂતિ : રોકડ અઢી ગણી વધીને ૪૩ લાખ કરોડ

ભ્રષ્ટાચાર ડામવા કરાયેલી કવાયત એળે ગઈ : આર્થિક વૃદ્ધિને પણ નોંધપાત્ર ગતિ ના મળી : નોટબંધી પછીના દાયકામાં યુપીઆઈ વ્યવહારોમાં જબરદસ્ત ઉછાળો

અમદાવાદ, તા. ૭

દસ વર્ષ પહેલાં, ૮ નવેમ્બર, ૨૦૧૬ના રોજ, ચલણમાં રહેલા કુલ નાણાંના (કરન્સી ઈન સરક્યુલેશન)મૂલ્યના ૮૬.૪% જેટલી નોટોની માન્યતા (લીગલ ટેન્ડર દરજ્જો) રદ કરી દેવામાં આવી હતી. કાળું નાણું ડામવું, નકલી ચલણ નાબૂદ કરવું અને આતંકવાદી ભંડોળ રોકવા સહિતના બહુવિધ ઉદ્દેશ્યો સિદ્ધ કરવા માટે સરકારે નોટબંધીનું અસાધારણ પગલું ભરાયું હતું.

ડિજિટલ અને ઓછી રોકડ આધારિત અર્થતંત્રને પ્રોત્સાહન આપવાનો મુદ્દો ત્યારબાદ આ લક્ષ્યાંકોની યાદીમાં ઉમેરવામાં આવ્યો હતો. પરંતુ અફસોસ કે આજે પણ લોકો ડિજિટલ પોમોન્ટની સાથોસાથ રોકડને પણ પ્રાધાન્ય આપી રહ્યાછે.

નોટબંધી પછી UPI ટ્રાન્ઝેકશન્સ

નાણાંકીય વર્ષ	UPI ટ્રાન્ઝેકશન
૨૦૧૭	૦.૦૭
૨૦૧૮	૧
૨૦૧૯	૯
૨૦૨૦	૨૧
૨૦૨૧	૪૧
૨૦૨૨	૮૪
૨૦૨૩	૧૩૯
૨૦૨૪	૨૦૦
૨૦૨૫	૨૬૧
૨૦૨૬	૩૧૪

(આંકડા રૂ. લાખ કરોડમાં)

નોટબંધી પૂર્વના વર્ષ એટલે કે FY16ના અંતે ચલણમાં રહેલું રોકડ નાણું આશરે રૂ. ૧૬.૬ લાખ કરોડ હતું, જે ત્યારથી ૨.૬ ગણું વધીને ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં રૂ. ૪૩.૨ લાખ કરોડ થઈ ગયું છે. જીડીપીના પ્રમાણ તરીકે જોતાં, FY26માં તે ૧૨% ને સ્પર્શી ગયું છે, જે લગભગ FY16 જેટલું જ છે. નોટો પાછી ખેંચાયા પછીની તાત્કાલિક અસર હેઠળ FY17માં ચલણમાં રહેલું રોકડ નાણું ઘટીને રૂ. ૧૩.૪ લાખ કરોડ અથવા જીડીપીના ૮.૩% જેટલું થઈ ગયું હતું.

નોટબંધીએ આર્થિક વૃદ્ધિને કોઈ વધારાની ગતિ આપી હોય એવું જણાતું નથી. FY06 અને FY16 વચ્ચે સરેરાશ જીડીપી વૃદ્ધિદર ૬.૮% રહ્યો હતો, જે તે પછીના દાયકા (FY17-FY26) ના ૬% કરતાં સહેજ ઓછા દરે રહેલા વિકાસદર કરતાં વધારે હતો. અલબત્ત, પછીના સમયગાળાની વૃદ્ધિ મહામારી (કોવિડ) ના આંચકાથી મર્યાદિત રહી હતી. કર ઉછાળો (નોમિનલ જીડીપી વૃદ્ધિના સાપેક્ષમાં કરની આવકનો વૃદ્ધિદર પણ નોટબંધી પછીના સમયગાળામાં નોંધપાત્ર રીતે સુધર્યો નથી, જ્યારે ટેક્સ-ટુ-જીડીપી રેશિયોમાં નજીવો વધારો જોવા મળ્યો છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ લગભગ ૯૯.૩% રદ કરાયેલી નોટો બેંકિંગ સિસ્ટમમાં પરત આવી ગઈ હતી, જે એ ધારણાથી વિપરીત હતું કે બિનહિસાબી સંપત્તિ (કાળા નાણાં)નું પ્રતિનિધિત્વ કરતો મોટો હિસ્સો સિસ્ટમમાંથી નાબૂદ થઈ જશે.

નોટબંધી પછીના છેલ્લા દાયકામાં યુપીઆઈ વ્યવહારોમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો છે, જે ગ્રાહક-મૈત્રીપૂર્ણ સાબિત થવાની સાથે સરકારી કલ્યાણકારી યોજનાઓના પરિણામોમાં પણ સુધારો લાવ્યો છે. રસપ્રદ વાત એ છે કે, આટલા મોટા પાયે યુપીઆઈ વધવા છતાં પણ જીડીપીના હિસ્સા તરીકે રોકડ ચલણનું મૂલ્ય લગભગ સ્થિર જ રહ્યું છે.



ભારતમાં નોટબંધીના ઈતિહાસ પર નજર

૧. પ્રથમ નોટબંધી (૧૨ જાન્યુઆરી ૧૯૪૬)

બ્રિટિશ શાસન દરમિયાન વાઈસરોય વેવેલ દ્વારા પ્રથમવાર નોટબંધી કરવામાં આવી હતી. તે સમયે રૂ. ૫૦૦, રૂ. ૧૦૦૦ અને રૂ. ૧૦,૦૦૦ ની નોટો રદ કરવામાં આવી હતી.

૨. દ્વિતીય નોટબંધી (૧૬ જાન્યુઆરી ૧૯૭૮):

વડાપ્રધાન મોરારજી દેસાઈની સરકાર દ્વારા આ નિર્ણય લેવાયો હતો. તે સમયે રૂ. ૧,૦૦૦, રૂ. ૫,૦૦૦ અને રૂ. ૧૦,૦૦૦ ની મોટી નોટો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

૩. તૃતીય નોટબંધી (૮ નવેમ્બર ૨૦૧૬):

વડાપ્રધાન મોદી દ્વારા રાત્રે ૮:૦૦ વાગ્યે ટેલિવિઝન પર જાહેરાત કરીને દેશમાં રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ ની જૂની નોટો તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી હતી. તેના વિકલ્પ તરીકે નવી રૂા. ૫૦૦ અને રૂા.૨૦૦૦ ની નોટો દાખલ કરવામાં આવી હતી

છેલ્લા છ વર્ષથી શેરબજારમાં મુહૂર્ત ટ્રેડિંગ દરમિયાન પોઝિટિવ ટ્રેન્ડ

અમદાવાદ, તા ૭

દર વર્ષની પરંપરા મુજબ આ વખતે પણ બીએસઈ અને એનએસઈ ખાતે નવા વિક્રમ સંવત વર્ષ ૨૦૮૩ની શરૂઆત વિશેષ 'મુહૂર્ત ટ્રેડિંગ' સત્ર દ્વારા કરાશે. હિન્દુ કેલેન્ડર અનુસાર આ સત્ર માત્ર એક પરંપરા નથી, પરંતુ નવા નાણાકીય વર્ષની શુભ અને સમૃદ્ધ શરૂઆતનું પ્રતીક પણ માનવામાં આવે છે.

બીએસઈ અને એનએસઈ ખાતે આ વર્ષે 'મુહૂર્ત ટ્રેડિંગ' સત્ર તા. ૮ નવેમ્બર ને રવિવારના રોજ બપોરે ૨:૨૦ થી ૩:૩૦ વાગ્યા સુધી યોજાશે. જો કે ડેરિવેટિવ્ઝના અમુક સેગમેન્ટ માટે સત્ર ૩:૪૦ સુધી લંબાઈ શકે છે.

છેલ્લા પાંચ વર્ષના મુહૂર્ત ટ્રેડિંગના ડેટા પર નજર કરીએ તો દરેક વર્ષે સેન્સેક્સ અને નિફ્ટી બંને ઈન્ડેક્સ વધારા સાથે 'ગ્રીન ઝોન'માં બંધ રહ્યા છે.સંવત ૨૦૭૭ના મુહૂર્ત ટ્રેડિંગ દરમિયાન (૧૪ નવેમ્બર, ૨૦૨૦) : સેન્સેક્સ ૧૯૫ પોઈન્ટ અને નિફ્ટી ૬૦ પોઈન્ટના વધારા સાથે બંધ રહ્યો હતો.સંવત ૨૦૭૮ના મુહૂર્ત ટ્રેડિંગ દરમિયાન (૪ નવેમ્બર, ૨૦૨૧) : સેન્સેક્સ ૨૯૬ પોઈન્ટ અને નિફ્ટી ૮૮ પોઈન્ટ વધીને બંધ રહ્યા હતા.

સંવત ૨૦૭૯ના મુહૂર્ત ટ્રેડિંગ દરમિયાન (૨૪ ઓક્ટોબર, ૨૦૨૨) : સેન્સેક્સ ૫૨૫ પોઈન્ટ અને નિફ્ટી ૧૫૫ પોઈન્ટના ઉછાળા સાથે બંધ રહ્યા હતા.સંવત ૨૦૮૦ના મુહૂર્ત ટ્રેડિંગ દરમિયાન (૧૨ નવેમ્બર, ૨૦૨૩) : સેન્સેક્સ ૩૫૫ પોઈન્ટ અને નિફ્ટી ૧૦૦ પોઈન્ટના સુધારા સાથે બંધ રહ્યા હતા.સંવત ૨૦૮૧ના મુહૂર્ત ટ્રેડિંગ દરમિયાન (૧ નવેમ્બર, ૨૦૨૪) : સેન્સેક્સ ૩૩૫ પોઈન્ટ વધીને ૭૯,૭૨૪ પર અને નિફ્ટી ૯૯ પોઈન્ટ વધીને ૨૪,૩૦૪ પર બંધ થયા હતા.

સંવત ૨૦૮૨ના મુહૂર્ત ટ્રેડિંગ દરમિયાન (૨૧ ઓક્ટોબર, ૨૦૨૫) : સેન્સેક્સ ૬૩ પોઈન્ટ વધીને અને નિફ્ટી ૨૫ પોઈન્ટ વધીને બંધ થયા હતા.બજાર નિષ્ણાતોના મતે બજારની વર્તમાન તેજી પાછળના મુખ્ય પરિબળોમાં આર્થિક વાતાવરણમાં સકારાત્મક સંકેતો દેખાઈ રહ્યા છે. આ ઉપરાંત આગામી સમયમાં ભારતમાં એલટીસીજી ટેક્સ નાબૂદ થવાના સંકેતો પાછળ વિદેશી રોકાણકારો દ્વારા છેલ્લા દસ દિવસમાં મોટા પાયે નવી લેવાલી હાથ ધરવામાં આવી છે. બીજી તરફ ક ડ ઓઈલના ભાવમાં ઘટાડો તેમજ અમેરિકી ડોલર સામે રૂપિયામાં સંગીન સુધારાની પણ શેરબજાર ઉપર સાનુકૂળ અસર જોવા મળી છે.



છેલ્લા છ વર્ષમાં મુહૂર્ત ટ્રેડિંગમાં બજારનો દેખાવ

સંવત વર્ષ	તારીખ	સેન્સેક્સમાં વધારો	નિફ્ટીમાં વધારો
૨૦૭૭	૧૪ નવેમ્બર, ૨૦૨૦	+૧૯૫ પોઈન્ટ	+૬૦ પોઈન્ટ
૨૦૭૮	૪ નવેમ્બર, ૨૦૨૧	+૨૯૬ પોઈન્ટ	+૮૮ પોઈન્ટ
૨૦૭૯	૨૪ ઓક્ટોબર, ૨૦૨૨	+૫૨૫ પોઈન્ટ	+૧૫૫ પોઈન્ટ
૨૦૮૦	૧૨ નવેમ્બર, ૨૦૨૩	+૩૫૫ પોઈન્ટ	+૧૦૦ પોઈન્ટ
૨૦૮૧	૧ નવેમ્બર, ૨૦૨૪	+૩૩૫ પોઈન્ટ	+૯૯ પોઈન્ટ
૨૦૮૨	૨૧ ઓક્ટોબર, ૨૦૨૫	+૬૩ પોઈન્ટ	+૨૫ પોઈન્ટ

ફૂડ ઓઈલમાં ઘટાડો તેમજ અમેરિકી ડોલર સામે રૂપિયામાં સંગીન સુધારાની શેરબજાર ઉપર સાનુકૂળ અસર

૧૫.૬૨ કરોડ સાથે ઓકટોબરમાં ઈ-વે બિલ જનરેટ થવાની સંખ્યામાં નવો વિક્રમ

મુંબઈ, તા. ૭

ઓકટોબરમાં દેશમાં ઈ-વે બિલ જનરેટ થવાની સંખ્યા વાર્ષિક ધોરણે ૨૩.૧૫ ટકા વધી ૧૫.૬૨ કરોડ વિક્રમી રહી હતી. ગયા વર્ષના ઓકટોબરમાં આ સંખ્યા ૧૨.૬૮ કરોડ રહી હતી, એમ ગુડસ એન્ડ સર્વિસીઝ ટેકસ નેટવર્ક (જીએસટીએન)ના ડેટા જણાવે છે. સપ્ટેમ્બરની સરખામણીએ ગત મહિનાના ઈ-વે બિલની સંખ્યા ૧૦.૩૫ ટકા વધુ રહી છે.

ઊંચી સંખ્યાથી માલસામાનની માગ પ્રોત્સાહક હોવાના સંકેત

રૂપિયા ૫૦,૦૦૦થી વધુના મૂલ્યના માલસામાનની હેરફેર માટે ઈ-વે બિલ જનરેટ કરવાનું ફરજિયાત છે.

સપ્ટેમ્બરમાં ૧૪.૧૫ કરોડ સાથેનો આંક અત્યારસુધીનો વિક્રમી હતો. ઓકટોબરનો આંક દેશમાં તહેવારો દરમિયાન માલસામાનની વ્યાપક હેરફેર થયાનું સૂચવે છે.

તહેવારો નિમિત્તેની માગ પણ વર્તમાન વર્ષમાં ઊંચી જોવા મળી છે. ગયા વર્ષના સપ્ટેમ્બરમાં જીએસટીના દરમાં કરાયેલા ઘટાડાને કારણે પણ વિવિધ ચીજવસ્તુનું વેચાણ વોલ્યુમ ઊંચું જોવા મળી રહ્યું છે.

વર્તમાન નાણાં વર્ષમાં ઓકટોબરમાં ઈ-વે બિલ સંખ્યામાં વૃદ્ધિનો આંક સૌથી ઊંચો રહ્યો છે. ઓકટોબરમાં નવરાત્રી-દશેરાના તહેવારને કારણે કન્ઝ્યુમર એપ્લાયન્સીસ તથા વાહનોની માગ ઊંચી રહી હતી.

આ વર્ષ દશેરા તથા દિવાળી અલગ-અલગ મહિનામાં પડતા નવેમ્બરમાં પણ ઈ-વે બિલની સંખ્યા ઊંચી જોવા મળવા સંભવ છે.

વર્તમાન નાણાં વર્ષમાં ઈ-વે બિલની સતત ઊંચી સંખ્યાથી દેશમાં આર્થિક પ્રવૃત્તિ મજબૂત હોવાના સંકેત મળી રહ્યા છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ ત્રિમાસિકનો જીડીપી વૃદ્ધિ દર પણ ૭.૮૦ ટકા સાથે અપેક્ષા કરતા સારો રહ્યો છે.

સપ્ટેમ્બરથી નવેમ્બરના ગાળામાં ગણપતિ, નવરાત્રી તથા દિવાળી જેવા તહેવારોને પગલે આ મહિનાઓમાં ઈ-વે બિલ જનરેટ થવાની માત્રા ઊંચી રહી છે.

ગયા વર્ષથી જીએસટીના દરમાં ઘટાડા તથા સખત ફરજપાલન ધોરણોને જોતા ઈ-વે બિલની સંખ્યા ઊંચી જોવા મળી રહી છે, એમ એક વેરા નિષ્ણાતે જણાવ્યું હતું. ઈ-વે બિલની સંખ્યા પરથી દેશમાં વેપાર માનસની સ્થિતિનો પણ અંદાજ મળી રહે છે.

જીએસટીના અમલ બાદ દેશમાં ટેકનોલોજી સંચાલિત વેરા વહીવટ અસરકારક રીતે થતો હોવાનું જીએસટીની વસૂલી પરથી કહી શકાય એમ છે.

વધતા ભાવને ધ્યાનમાં રાખી ચોખાનો સ્ટોક જાહેર કરવાનું ફરજિયાત

મુંબઈ, તા. ૭

દેશમાં ચોખાના વધી રહેલા ભાવને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકારે ટ્રેડરો, મિલરો, પ્રોસેસર્સ, રિટેલર્સ તથા હોલસેલર્સને ચોખા તથા ડાંગરનો સ્ટોક જાહેર કરવા નિર્દેશ આપ્યો છે એટલું જ નહીં ચોખાની સંગ્રહખોરી અટકાવવા દક્ષિણના પાંચ રાજ્યોને સ્ટોક લિમિટ લાગુ કરવાની પણ પરવાનગી આપી છે.

દક્ષિણના પાંચ રાજ્યોને ચોખાની સ્ટોક લિમિટ લાગુ કરવા પરવાનગી અપાઈ

કેન્દ્ર સરકાર દ્વારા જારી કરાયેલા આદેશ પ્રમાણે દરેક રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશનો ટ્રેડરો, મિલરો, પ્રોસેસર્સ, રિટેલર્સ તથા હોલસેલર્સે છ પ્રકારના ચોખા-બાસમતિ, નોન બાસમતિ પ્રીમિયમ ચોખા, નોન-બાસમતિ ચોખા, ઉકળા ચોખા, ટૂકડા ચોખા તથા ડાંગરનો સ્ટોક જાહેર કરવાનો રહેશે.

સ્ટોકની માહિતી ફૂડ સ્ટોક પોર્ટલ પર દર શુક્રવારે જાહેર કરવાની રહેશે. જે એકમો આ માહિતી પૂરી નહીં પાડે તેમની વિરુદ્ધ એસેન્સિઅલ કોમોડિટીઝ એકટ,૧૯૫૫ની કલમ ૬ અને ૭ હેઠળ કાર્યવાહી કરવાની પણ ચીમકી આપવામાં આવી છે.

દક્ષિણના પાંચ રાજ્યો તેલંગણા, આન્ધ્ર પ્રદેશ, તામિલનાડુ, કેરળ તથા કર્ણાટકને ચોખા તથા ડાંગરની સ્ટોક લિમિટ લાગુ કરવા પણ છૂટ આપવામાં આવી છે.

સદર આદેશ ૩૧ જાન્યુઆરી ૨૦૨૭ સુધી અમલી રહેશે. વર્તમાન વર્ષમાં દેશમાં ચોમાસુ નબળુ રહેતા ચોખાના ઉત્પાદનમાં ઘટ જોવા મળવાનો અંદાજ મુકાયો છે.

પૂરવઠા ખેંચની સ્થિતિમાં ચોખાની સંગ્રહખોરી અટકાવવા કેન્દ્ર તથા રાજ્યો દ્વારા આદેશના અમલીકરણના પાલન માટે ખાસ દેખરેખ રાખવામાં આવશે.

ખુલ્લા બજારમાં ચોખાની ઉપલબ્ધતા વધારવા નાફેડ, એનસીસીએફ તથા કેન્દ્રીય ભંડારને કેન્દ્ર તરફથી વધારાનો સ્ટોક પૂરો પાડવામાં આવી રહ્યો છે. જેનું વેચાણ ભારત રાઈસ તરીકે કરાશે.

સરકારી એજન્સીઓને ચોખાના વિતરણ માટે દરેક શકય માધ્યમો તપાસવા પણ સૂચના આપવામાં આવી હોવાનું અન્ન મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું.

ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ ઘરઆંગણે ઈ-ઓકશન મારફત ચોખાના વેચાણનો ટાર્ગેટ ૨૦૨૬-૨૭ માટે ૨૫ લાખ ટનથી વધારી ૫૦ લાખ ટન કરાઈ છે. ૩૧ ઓકટોબર સુધીમાં અંદાજે ૨૫ લાખ ટન ખાનગી પાર્ટીઓને વેચાણ કરી દેવાયું છે.

અલ નિનોની અસરને કારણે નવા માલનું આગમન ધીમુ પડવાની ધારણાંએ વિવિધ પ્રકારના ચોખાના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે.

NSE, BSEમાં આજે બપોરે મૂહુર્ત ટ્રેડિંગ સેશન યોજાશે

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ તા.૭

શેર બજારોમાં સંવત ૨૦૮૨ના અંત શુકનિયાળ નીવડ્યો છે અને હવે સંવત ૨૦૮૩નો આરંભ થવા જઈ રહ્યો છે, ત્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ)માં આ વર્ષે દિવાળીના દિવસે આજે-રવિવારે ૮, નવેમ્બર ૨૦૨૬ના રોજ ખાસ મૂહુર્ત ટ્રેડિંગ સત્ર બપોરે ૨:૨૦ વાગ્યાથી શરૂ થશે અને ૩:૩૦ વાગ્યે બંધ થશે.

આ ખાસ મૂહુર્ત ટ્રેડિંગ સત્ર રવિવારે દિવાળીના દિવસે ૨:૨૦ વાગ્યે શરૂ થશે. જે શેરો ક્લોઝિંગ ઓકશન સેશન (સીએએસ) હેઠળ છે, એમાં કન્ટીન્યુઅસ ટ્રેડિંગ બપોરે ૩:૧૫ વાગ્યા સુધી ચાલુ રહશે. ત્યાર બાદ ક્લોઝિંગ ઓકશન યોજાશે, જ્યારે અન્ય શેરોમાં ટ્રેડિંગ ૩:૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. ઈક્વિટી ફયુચર્સ અને ઓપ્શન્સમાં ટ્રેડિંગ બપોરે ૨:૨૦થી ૩:૪૦ વાગ્યા સુધી યોજાશે. એનએસઈ પર ટ્રેડ મોડિફિકેશન-સુધારાનો સમય કેશ માર્કેટ માટે સાંજે ૪:૧૫ વાગ્યાનો અને ઈક્વિટી ડેરિવેટીવ્ઝ માટે ૩:૫૦ વાગ્યાનો રહેશે.

ડોલર ઈન્ડેક્સ ઉછળ્યોઃ સોના-ચાંદી, ફૂડમાં બેતરફી વધઘટઃ રૂપિયામાં તેજીને બ્રેક

(વાણિજય પ્રતિનિધિ) મુંબઈ, શનિવાર

મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. બંધ બજારે જોકે સોના- ચાંદીના ભાવ ઉંચા બોલાઈ રહ્યા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ વધ્યા હતા. જ્યારે વૈશ્વિક ચાંદીના ભાવ જોકે ઘટાડા પર રહ્યા હતા. મુંબઈ બજારમાં ધનતેરસના વેપાર એકંદરે સારા રહ્યા પછી હવે દિવાળીના દિવસે માગ કેવી રહે છે તેના પર નજર રહી હતી.

ચુંટણીમાં ટ્રમ્પની પીછેહટના પગલે ફૂડમાં વિકલી ભાવ ઘટાડામાં છ વર્ષનો રેકોર્ડ તૂટ્યોઃ ડોલર ફરી રૂ.૯૪ પાર

દરમિયાન, અમેરિકામાં જોબગ્રોથના આંકડા ફેન્ટાસ્ટીક આવતાં વિશ્વબજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ૦.૭૩ ટકા ઉછળ્યાના સમાચાર હતા. ત્યાં ઓક્ટોબરના જોબગ્રોથ ૬૫થી ૭૦ હજાર આવવાની અપેક્ષા હતી તેના બદલે હકીકતમાં જોબગ્રોથ વધી ૧૬૫૦૦૦ આવ્યાના સમાચાર મળ્યા હતા. ત્યાં સપ્ટેમ્બરનો જોબગ્રોથ જે અગાઉ ૨૯ હજાર જાહેર થયો હતો તે પછી અપવર્ડ રિવીઝનમાંરે ૬૦ હજાર જાહેર થયાના સમાચાર મળ્યા હતા.

અમેરિકામાં જોબમાર્કેટ મજબુત બનતાં ત્યાં આગળ ઉપર વ્યાજ દર વધવાની શક્યતા વધતાં વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ઉછળી ઉંચામાં ૧૦૨.૩૬ થઈ છેલ્લે ૧૦૨.૨૮ રહ્યો હતો. દરમિયાન, મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૯૩.૯૧ વાળા ફરી વધી રૂ.૯૪ પાર કરી રૂ.૯૪.૦૮થી ૯૪.૦૯ બોલાતા થયા હતા.

દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં આજે જીએસટી વગર સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૩૦૦ વધી ૯૯પના રૂ.૧૪૧૨૦૦૦ તેના ૯૯૯ના રૂ.૧૪૧૮૦૦ રહ્યા હતા. જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર કિલોદીઠ રૂ.૧૧૦૦ વધી રૂ.૧૮૪૦૦૦ બોલાતા થયા હતા. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૬૮થી ૪૦૬૯ વાળા છેલ્લે ભાવ ૪૦૭૦થી ૪૦૭૧ ડોલર રહ્યા હતા જ્યારે વૈશ્વિક ચાંદીના ભાવ રૂ.૫૨.૧૧થી ૫૨.૧૨ વાળા છેલ્લે ભાવ ૫૧.૯૧થી ૫૧.૯૨ ડોલર રહ્યા હતા. અમદાવાદ ઝવેરીબજારમાં આજે ચાંદીના ભાવ રૂ.૨૦૦૦ ઘટી રૂ.૧૮૮૦૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ સોનાના ભાવ રૂ.૫૦૦ ઘટી ૯૯પના રૂ.૧૪૬૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૭૦૦૦ બોલાઈ રહ્યા હતા.

વિશ્વબજારમાં ફૂડતેલના ભાવ નરમ રહ્યા હતા. બ્રેન્ટફૂડના ભાવ બેરલના ૯૮.૫૩ વાળા ૯૬.૬૩ થઈ છેલ્લે ભાવ ૯૮.૩૨ ડોલર રહ્યા હતા. યુએસ ફૂડના ભાવ નીચામાં ૮૯.૦૭ થઈ ૯૦.૮૩ ડોલર રહ્યા હતા. દરમિયાન, અમેરિકામાં ચૂંટણીમાં ટ્રમ્પને ફટકો પડતાં વિશ્વબજારમાં આ સપ્તાહમાં ફૂડના ભાવ ૭થી ૮ ટકા તૂટી જતાં વિકલી ઘટાડામાં છ વર્ષનો રેકોર્ડ તૂટ્યો હોવાનું જાણકારો જણાવી રહ્યા હતા. કોપરમાં વિકલી ભાવ ઘટાડામાં આઠ મહિનાનો રેકોર્ડ તૂટ્યો હતો. દરમિયાન, વૈશ્વિક પ્લેટીનમના ભાવ ઔંશના ૧૫૩૨થી ૧૫૩૩વાળા છેલ્લે ૧૫૩૯થી ૧૫૪૦ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૧૦૨૫થી ૧૦૨૬ વાળા છેલ્લે ભાવ ૧૦૨૪થી ૧૦૨૫ ડોલર રહ્યા હતા.

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૮૪૦૦૦
મુંબઈ સોનું (૯૯.૫) ૧૪૧૨૦૦
મુંબઈ સોનું (૯૯.૯) ૧૪૧૮૦૦
અમ. ચાંદી ૧૮૮૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૪૭૦૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૪૬૭૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૨૦૦
અમ. કપાસિયા નવો ૨૭૫૦

ચીમનભાઈ માર્કેટ

૨૦ કિલો
બટાકા દેશી ૧૫૦-૨૦૦
બટાકા ડીસા ૧૫૦-૩૦૦
ડુંગળી મહારાષ્ટ્ર ૧૦૦૦-૧૦૬૦
ડુંગળી સૌરાષ્ટ્ર ૭૦૦-૮૦૦

અમદાવાદના બજારો

તેલતેલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો)	૩૦૦૦-૩૨૦૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર)	૩૦૦૦
કપાસીયાતેલ નવો ડબ્બો (૧૫ કિલો)	૨૫૫૦-૨૭૫૦
રાઈસ બ્રાન (૧૫ કિલો)	૨૫૫૦
સોયાબીન નવો ડબ્બો	૨૬૦૦
દિવેલ	૨૮૫૦
પામોલીન જુનો ડબો	૨૨૮૦
પામોલીન નવો ડબો	૨૪૦૦
કોપરેલ	૪૪૦૦
વનસ્પતિ	૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું	૨૬૦૦
તીખું સરસીયું	૩૦૫૦
સનફલાવર	૨૬૮૦
મકાઈ તેલ	૨૪૫૦

રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૮૦૦
રાજકોટ મગફળી ૧૮૧૦-૧૮૨૦
સોનુ ૨૪ કેરેટ ૧૪૮૫૦૦
૧ કિલો ચાંદી ૧૮૫૬૦૦

સોના-ચાંદી બજાર

અમદાવાદ

ચાંદી ચોરસા	૧૮૬૦૦૦-૧૮૮૦૦૦
ચાંદી રૂપુ	૧૭૫૮૦૦-૧૮૭૪૦૦
ચાંદી સિક્કા જુના	૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯)	૧૪૫૦૦૦-૧૪૭૦૦૦
સોનું (૯૯.૫)	૧૪૪૭૦૦-૧૪૬૭૦૦
હોલમાર્ક	૧૪૪૦૬૦

રાજકોટ

ચાંદી	૧૮૫૬૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ	૧૪૮૫૦૦
સીક્કા (૧ ગ્રામ)	૧૪૬૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ	૧૩૨૧૦૦

અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૨૨૦-૨૫૦
ટગર ૪૦૦-૫૦૦
ડમરો ૧૦-૨૦
લીલી ૧૫-૨૦
હજારી ગલ ૪૦૦-૬૦૦

અદાણી પોર્ટસની વૈશ્વિક હાજરી ૧૦ દેશોમાં ૨૮ બંદરો અને ટર્મિનલ્સ સુધી વિસ્તરી

અદાણી પોર્ટસ યુરોપની ઈવોસને ૨૭૦૦૦ કરોડ રૂપિયામાં હસ્તગત કરશે



અદાણી પોર્ટસનું ૧ અબજ ટન કાર્ગોનું સંચાલન કરવાના લક્ષ્યને હાંસલ કરવા વૈશ્વિક સંકલિત પરિવહન પ્લેટફોર્મ ઊભું કરવાની દ્રષ્ટિએ ઈવોસનું સંપાદન એક મહત્વનું પગલું

ગોલ્ડ લોનમાં ૬૬%નો ઉછાળો નોંધાયો

અમદાવાદ, તા. ૭

નોન-બેન્કિંગ ફાયનાન્સિયલ કંપનીઓ (એનબીએફસી) દ્વારા સોનાના દાગીના સામે આપવામાં આવતી બાકી લોન (આઉટસ્ટેન્ડિંગ ગોલ્ડ લોન) સપ્ટેમ્બર ૨૦૨૬માં વાર્ષિક ધોરણે (Y-o-Y) ૬૬.૧ ટકા વધીને રૂ.૩.૭૪ લાખ કરોડ થઈ છે.

રિઝર્વ બેંક દ્વારા જારી કરાયેલા ક્રેડિટ ડેટાના તાજેતરના ક્ષેત્રીય વિશ્લેષણ મુજબ, વૃદ્ધિનો આ દર સપ્ટેમ્બર ૨૦૨૫માં નોંધાયેલા ૫૦.૭ ટકા કરતાં નોંધપાત્ર રીતે વધુ હતો.

વાસ્તવિક આંકડાની દ્રષ્ટિએ જોઈએ તો, એક વર્ષના સમયગાળામાં ગોલ્ડ લોનમાં આશરે રૂ. ૧.૪૯ લાખ કરોડનો વધારો થયો છે. આ સેગમેન્ટમાં વિસ્તરણ સોનાના ઊંચા ભાવો વચ્ચે આવ્યું છે, જેના કારણે ગિરવે મુકેલા સોનાનું મૂલ્ય વધ્યું છે અને લોન લેનારાઓ પોતાના દાગીના સામે વધુ રકમ મેળવવા સક્ષમ બન્યા છે.

મંગળવારે નૂતન વર્ષાભિનંદનના બજારો બંધ રહેશે

પ્રથમ સપ્તાહમાં નિફટી ૨૫૪૧૧ કુદાવતા ૨૫૭૯૯ અને સેન્સેક્સ ૮૨૨૪૪ ઉપર ૮૩૪૭૭ જોવાશે

મુંબઈ, શનિવાર

સંવત ૨૦૮૨ના અંતિમ દિવસોમાં વિશ્વ માટે આશાસ્પદ પરિબળો સર્જાયા છે. વિતેલા વર્ષમાં ઈરાન-અમેરિકા, ઈઝરાયેલ યુદ્ધ, ટેરિફ સહિતના અનેક પડકારોને લઈ ભારતીય શેર બજારોમાં પણ ઘણી કંપનીઓના શેરોમાં ઓવરવેલ્યુએશનમાં અપેક્ષિત કરેકશન આવી ગયું અને ફરી ઘણા શેરો આકર્ષક વેલ્યુએશને મળતાં થયા છે. ફોરેન ફંડોની સતત વેચવાલી હવે નવા વર્ષમાં ટેક્ષમાં રાહતની અપેક્ષાએ અટકી મોટું શોર્ટ કવરિંગ થતું જોવાયું છે. શેરોમાં ૧૦ દિવસમાં જ રેકોર્ડ ટૂંકાગાળાની તેજી જોવાઈ છે. હવે સંવત ૨૦૮૩ના આજે-રવિવારના મૂહુર્ત ટ્રેડિંગ સત્રથી શરૂ થઈ રહ્યું છે, ત્યારે આ તેજીનો આક્રમક દોર હજુ ટૂંકાગાળાના ફૂંફાળા બતાવતો રહે એવી શકયતા છે. અલબત ફરી અતિની ગતિમાં અકસ્માતની અને ઉતાવળે રહી ગયાના અફસોસમાં ખરીદીની આંધળી દોટ મૂકવી પણ હિતાવહ નથી. શેરોમાં અત્યારે જોવાઈ રહેલી આતશબાજીમાં દાઝી ન જવાય એની પણ તકેદારી રાખવી રહી છે. સારા ફંડામેન્ટલ ધરાવતી કંપનીઓના શેરોમાં ઊભરા શાંત થવાની રાહ જોઈને સિલેક્ટિવ ખરીદીનો વ્યુહ અપનાવી મધ્યમથી લાંબા ગાળાના રોકાણ પર ફોક્સ કરવું જરૂરી રહેશે. સંવત ૨૦૮૩ શરૂ થઈ રહ્યું હોઈ અને આજે-રવિવારે ૮, નવેમ્બર ૨૦૨૬ના દિવાળીના પર્વ પર બીએસઈ અને એનએસઈ પર બપોરે ૨:૨૦ વાગ્યાથી ૩:૩૦ વાગ્યા સુધી વિશેષ મૂહુર્ત ટ્રેડિંગ સત્ર યોજનાર છે. આ સાથે નવા સંવત ૨૦૮૩ના વૈશ્વિક કોઈ ખાસ નેગેટીવ પરિબળો નહીં સર્જાય તો રોકેટ તેજીના આ દોરમાં પ્રથમ સપ્તાહમાં સેન્સેક્સ ૮૨૨૪૪ કુદાવતા ૮૩૪૭૭ અને નિફટી સ્પોટ ૨૫૪૧૧ કુદાવતા ૨૫૭૯૯ જોવાઈ શકે છે. મંગળવારે ૧૦, નવેમ્બર ૨૦૨૬ના રોજ નૂતન વર્ષાભિનંદન નિમિતે શેર બજારો બંધ રહેશે.

અર્જુનની આંખે : SOMANY CERAMICS LTD.

બીએસઈ(૫૩૧૫૪૮), એનએસઈ (SOMANYCERA) લિસ્ટેડ, રૂ.૨ પેઈડ-અપ, સોમાણી સિરામિક્સ લિમિટેડ(SOMANY CERAMICS LIMITED), દેશના ટાઈલ્સ ઉદ્યોગમાં બીજા ક્રમની સૌથી મોટી કંપની છે. કંપની સંપૂર્ણ ડેકોર સોલ્યુશન્સના ઉત્પાદન અને ટ્રેડિંગ સાથે સંકળાયેલી છે. કંપનીના ઉત્પાદનોમાં સિરામિક વોલ અને ફ્લોર ટાઈલ્સ, પોલિશ્ડ વિટ્રિફાઈડ ટાઈલ્સ, ગ્લેઝ્ડ વિટ્રિફાઈડ ટાઈલ્સ, સેનિટરીવેર, બાથ ફિટિંગ્સ અને સંબંધિત ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

સોમાણી સિરામિક્સની શરૂઆત વર્ષ ૧૯૭૧માં થઈ હતી. સ્વર્ગસ્થ હીરાલાલ સોમાણીજી માનતા હતા કે, સુંદર જગ્યાઓને એટલી જ કાળજી અને સમર્પણથી તૈયાર કરવામાં આવેલી સામગ્રીની જરૂર હોય છે. પાંચ દાયકાથી વધુ સમય પહેલા વાવેલું આ બીજ આજે ભારત અને વિશ્વભરમાં સિરામિક્સ અને ડેકોર ક્ષેત્રની સૌથી વિશ્વસનીય બ્રાન્ડ્સમાં એક બની ગઈ છે. આજે કંપની પોતાની વિરાસતને આગળ ધપાવી રહી છે. ભૂતકાળને માત્ર જાળવી રાખવાને બદલે સતત નવીનતા અને વિકાસ દ્વારા તેનું સન્માન કરી રહી છે.

કંપનીની પ્રોડક્ટસ રેન્જમાં ટાઈલ્સ, સેનિટરીવેર, બાથ ફિટિંગ્સ અને અન્ય ડેકોર ઉત્પાદનોનો સમાવેશ થાય છે. દરેક ઉત્પાદન પરંપરાગત કારીગરી અને આધુનિક જીવનશૈલીની જરૂરિયાતો વચ્ચે સંતુલન જાળવીને તૈયાર કરવામાં આવે છે. કંપની વૈશ્વિક બજારના બદલાતા વલણો પર નજર રાખે છે અને પોતાની ઐતિહાસિક વિરાસત સાથે આગળ વધી રહી છે. સોમાણીને અન્ય કંપનીઓથી અલગ પાડતી બાબત માત્ર તેના ઉત્પાદનો નથી, પરંતુ તેના ગ્રાહકો સાથેનો સંબંધ છે. દરેક રૂમને સુંદર બનાવવામાં દિલથી મહેનત કરતા ઘરમાલિકો, ઉચ્ચ ગુણવત્તાની અપેક્ષા રાખતા આર્કિટેક્ટસ અને ૮૨ દેશોમાં ફેલાયેલા વિશ્વસનીય બિઝનેસ પાર્ટનર્સ કંપનીની સફળતાનો આધાર છે. કંપની માટે આ વિશ્વાસ માત્ર વ્યવસાયિક સંબંધ નથી, પરંતુ લાંબા ગાળાની પ્રતિબદ્ધતા છે. શ્રી હીરાલાલ સોમાણીજીએ શરૂ કરેલું એક સરળ વચન કંપની આજે પણ દરરોજ નિભાવી રહી છે. વિશ્વમાં ગમે ત્યાં હોય, દરેક જગ્યાને ઘર જેવી લાગણી આપવી.

બિઝનેસ પ્રોફાઈલ : કંપની ભારતની અગ્રણી બિલ્ડિંગ મટીરિયલ્સ કંપની છે. કંપની ટાઈલ્સ, સેનિટરીવેર, બાથ ફિટિંગ્સ, ટાઈલ એડહેસિવ્સ અને કન્સ્ટ્રકશન કેમિકલ્સ ક્ષેત્રે મજબૂત હાજરી ધરાવે છે. કંપની પોતાના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટો, સંયુક્ત સાહસો અને આઉટસોર્સિંગ સંયોજન દ્વારા બિઝનેસનું સંચાલન કરે છે. કંપની સિરામિક ટાઈલ્સ અને ગ્લેઝ્ડ વિટ્રિફાઈડ ટાઈલ્સનું ઉત્પાદન કરે છે, જ્યારે પોલિશ્ડ વિટ્રિફાઈડ ટાઈલ્સ, સેનિટરીવેર અને બાથ ફિટિંગ્સનો વેપાર પણ કરે છે.

વિસ્તરણ યોજનાઓ : નવો સાઉથ ઈન્ડિયા પ્લાન્ટ : કંપની તિરૂપતિ ખાતે સંયુક્ત સાહસ દ્વારા ૯થી વધુ એમએસએમ ક્ષમતાનો નવો ગ્રીનફિલ્ડ જીવીટી પ્લાન્ટ સ્થાપવાની યોજના ધરાવે છે. અંદાજિત રોકાણ રૂ.૨૨૦ કરોડ, અંદાજિત વાર્ષિક આવકની સંભાવના રૂ.૩૫૦ કરોડ, ઉત્પાદન શરૂ થવાનો અંદાજિત સમય નાણાકીય વર્ષ ૨૦૨૮ના ત્રીજા ત્રિમાસિકના અંતમાં અથવા ચોથા ત્રિમાસિકની શરૂઆતમાં છે.

ક્ષમતાનો ઉપયોગ-વપરાશ : નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક મુજબ ટાઈલ્સ ૮૦ ટકા, સેનિટરીવેર ૭૭ ટકા અને ફોસેટ્સ ૯૫ ટકા રહ્યો છે.

સેલ્સ-વેચાણનું પ્રમાણ-મિક્સ : પોતાના ઉત્પાદન થકી ૩૪ ટકા, આઉટસોર્સિંગ-અન્ય ૩૨ ટકા, સંયુક્સ સાહસો થકી ૩૪ ટકા રહ્યું છે.

રેવન્યુ-આવક પ્રમાણ-મિક્સ : ટાઈલ્સ ૮૩.૮ ટકા, સેનિટરીવેર ૬.૨ ટકા, બાથ ફિટિંગ્સ ૫.૩ ટકા.

સંયુક્ત સાહસ/એસોસિયેટ કંપનીઓ/સબસીડિયરીઝ : કંપની સાથે સંકળાયેલી કંપનીઓની યાદીમાં (૧) એસઆર કોન્ટિનેન્ટલ લિમિટેડ (૨) સોમાણી બાથ વેર લિમિટેડ (૩) સોમાણી એક્સેલ વિટ્રીફાઈડ પ્રાઈવેટ લિમિટેડ (૪) અમોરા ટાઈલ્સ પ્રાઈવેટ લિમિટેડ (એટીપીએલ) (૫) સોમાણી સેનિટરી વેર પ્રાઈવેટ લિમિટેડ (૬) એસર ગ્રેનીટો પ્રાઈવેટ લિમિટેડ. (૭) વિકોન સિરામિક પ્રાઈવેટ લિ. (૮) વિન્ટેજ ટાઈલ્સ પ્રા. લિ. (૯) સોમાણી બાથ ફિટિંગ્સ પ્રા. લિ. (૧૦) સુધા સોમાણી સિરામિક્સ પ્રા. લિ. (૧૧) સોમાણી પિઆસ્ટ્રેલે પ્રા. લિ. (૧૨) એસઆરસીએલ બિલ્ડવેલ પ્રા. લિ. (૧૩) સોમાણી મેક્સ પ્રા. લિ. છે.

કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો :

(૧) પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ :

ચોખ્ખી આવક રૂ.૨૭૭૧ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો રૂ.૧૧૪ કરોડ નોંધાવી નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૩.૦૯ ટકા થકી ચોખ્ખો નફો રૂ.૭૪ કરોડ હાંસલ કરી શેર દીઠ કમાણી-ઈપીએસ રૂ.૧૯.૭૬ નોંધાવી છે.

(૨) પ્રથમ ત્રિમાસિક એપ્રિલ ૨૦૨૬થી જૂન ૨૦૨૬ :

ચોખ્ખી આવક૨૪ ટકા વધીને રૂ.૭૪૪ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો ૩૩ ટકા વધીને રૂ.૫૦ કરોડ નોંધાવી નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૪.૬૦ ટકા થકી ચોખ્ખો નફો ૩૬૫ ટકા વધીને રૂ.૩૪ કરોડ નોંધાવી શેર દીઠ કમાણી-ઈપીએસ રૂ.૮.૬૪ હાંસલ કરી છે.

(૩) બીજા ત્રિમાસિક જુલાઈ ૨૦૨૬થી સપ્ટેમ્બર ૨૦૨૬ :

ચોખ્ખી આવક ૨૫ ટકા વધીને રૂ.૮૫૪ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો ૨૩૬ ટકા વધીને રૂ.૬૦ કરોડ નોંધાવી, નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૫.૦૮ ટકા થકી ચોખ્ખો નફો ૨૩૭ ટકા વધીને રૂ.૪૨ કરોડ નોંધાવી શેર દીઠ કમાણી-ઈપીએસ રૂ.૧૦.૦૮ હાંસલ કરી છે.

બુક વેલ્યુ : વર્ષ ૨૦૨૨માં રૂ.૧૭૧, વર્ષ ૨૦૨૩માં રૂ.૧૮૫, વર્ષ ૨૦૨૪માં રૂ.૧૭૪, વર્ષ ૨૦૨૫માં રૂ.૧૮૬, વર્ષ ૨૦૨૬માં રૂ.૨૦૨, અપેક્ષિત વર્ષ ૨૦૨૭માં રૂ.૨૪૬

ડિવિડન્ડ : વર્ષ ૨૦૨૨માં ૧૫૦ ટકા, વર્ષ ૨૦૨૩માં ૧૫૦ ટકા, વર્ષ ૨૦૨૪માં ૧૫૦ ટકા, વર્ષ ૨૦૨૫માં ૧૫૦ ટકા, વર્ષ ૨૦૨૬માં ૩૦૦ ટકા.

શેર હોલ્ડિંગ પેટર્ન : પ્રમોટર્સ પાસે ૫૫ ટકા, મ્યુચ્યુઅલ ફંડો પાસે ૧૬ ટકા, એફઆઈઆઈઝ પાસે ૩ ટકા, રિટેલ ૧૪ ટકા, એચએનઆઈઝ પાસે ૪ ટકા, કોર્પોરેટ પાસે ૪ ટકા, અન્ય પાસે ૪ ટકા છે.

શેર દીઠ કમાણી-ઈપીએસ : વર્ષ ૨૦૨૨માં રૂ.૨૦.૬૭, વર્ષ ૨૦૨૩માં રૂ.૨૧.૨૧, વર્ષ ૨૦૨૪માં રૂ.૨૫.૩૧, વર્ષ ૨૦૨૫માં રૂ.૨૦.૮૯, વર્ષ ૨૦૨૬માં રૂ.૨૪.૧૬, અપેક્ષિત વર્ષ ૨૦૨૭માં રૂ.૪૪

બોનસ ઈસ્યુ : વર્ષ ૧૯૮૫માં ૧:૨, વર્ષ ૧૯૮૯માં ૧:૧, વર્ષ ૧૯૯૩માં ૧:૨, વર્ષ ૧૯૯૫માં ૨:૧, વર્ષ ૧૯૯૭માં ૧:૧

શેર વિભાજન-સ્ટોક સ્પ્લિટ : વર્ષ ૨૦૧૦માં રૂ.૧૦ની ફેસ વેલ્યુના શેરનું રૂ.૨ ફેસ વેલ્યુમાં વિભાજન કરવામાં આવ્યું હતું.

બાયબેક : વર્ષ ૨૦૨૩માં કંપનીએ પોતાની કુલ પેઈડ-અપ ઈક્વિટી મૂડીના ૩.૪૬ ટકા શેરનું ટેન્ડર ઓફર મારફતે બાયબેક કર્યું હતું. બાયબેક ભાવ રૂ.૮૫૦ પ્રતિ શેર, તે સમયનો બજાર ભાવ રૂ.૬૬૫ પ્રતિ શેરથી ૨૮ ટકા પ્રીમિયમે, શેરની ફેસ વેલ્યુ રૂ.૨

આરઓસીઈ : વર્ષ ૨૦૨૨માં ૧૨.૬ ટકા, વર્ષ ૨૦૨૩માં ૧૦.૧ ટકા, વર્ષ ૨૦૨૪માં ૧૭.૨ ટકા, વર્ષ ૨૦૨૫માં ૧૨.૨ ટકા, વર્ષ ૨૦૨૬માં ૧૨.૮ ટકા.

આરઓઈ : વર્ષ ૨૦૨૨માં ૧૩.૬૭ ટકા, વર્ષ ૨૦૨૩માં ૮.૮૬ ટકા, વર્ષ ૨૦૨૪માં ૧૩.૨૭ ટકા, વર્ષ ૨૦૨૫માં ૭.૮૬ ટકા અને વર્ષ ૨૦૨૬માં ૯.૩૧ ટકા.

કમ્પાઉન્ડેડ વેચાણ વૃદ્ધિ : ૧૦ વર્ષમાં પાંચ ટકા, પાંચ વર્ષમાં ૧૧ ટકા, ત્રણ વર્ષમાં ચાર ટકા, ટીટીએમ ૧૫ ટકા

કમ્પાઉન્ડેડ નફા વૃદ્ધિ : ૧૦ વર્ષમાં બે ટકા, પાંચ વર્ષમાં ૪ ટકા, ત્રણ વર્ષમાં ૬ ટકા, ટીટીએમ ૧૪૨ ટકા

શેર ભાવ સીએજીઆર : ૧૦ વર્ષમાં બે ટકા, પાંચ વર્ષમાં ૮ ટકા, ત્રણ વર્ષમાં ૭ ટકા, ટીટીએમ ૨૧ ટકા

આમ(૧) લેખક ઉપરોકત કંપનીના શેરમાં કોઈ રોકાણ ધરાવતા નથી. લેખકના રીસર્ચ માટેના સ્ત્રોતોનું અંગત પ્રત્યક્ષ કે પરોક્ષ હિત-રોકાણ હોઈ શકે છે. કોઈપણ રોકાણ નિર્ણય લેતાં પહેલા ક્વોલિફાઈડ ઈન્વેસ્ટમેન્ટ ફાઈનાન્શિયલ એડવાઈઝરની સલાહ લેવી. રોકાણ પર સંભવિત કોઈ નુકશાની માટે લેખક, ગુજરાત સમાચાર કે અન્ય કોઈપણ વ્યક્તિ જવાબદાર રહેશે નહીં. (૨)૧૦૦ ટકા દેવા મુક્ત, સોમાણી સિરામિક્સ લિમિટેડ, કુલ ઈક્વિટીમાં ૭૨ ટકા બોનસ ઈક્વિટી ધરાવતી, વર્ષ ૨૦૨૩માં શેર દીઠ રૂ.૮૫૦ પ્રતિ શેરના ભાવે ૨૮ ટકા પ્રીમિયમે બાયબેક કરનાર, વર્ષ ૨૦૧૦માં ૫:૧ના રેશિયોમાં રૂ.૧૦ની ફેસ વેલ્યુના શેરનું રૂ.૨માં વિભાજન કરનાર, પૂર્ણ નાણા વર્ષ ૨૦૨૬-૨૭માં અપેક્ષિત ઈપીએસ રૂ.૪૪ અને અપેક્ષિત બુક વેલ્યુ રૂ.૨૪૬ સામે શેર રૂ.૫૪૬ ભાવે, ટાઈલ્સ અને સિરામિક્સ ઉદ્યોગના સરેરાશ ૩૫ના પી/ઈ સામે ૧૨.૩૦ના પી/ઈએ ઉપલબ્ધ છે.

SOMANY CERAMICS અપેક્ષિત બુક વેલ્યુ રૂ.૨૪૬ સામે શેર રૂ.૫૪૬ ભાવે, સિરામિક્સ ઉદ્યોગના સરેરાશ ૩૫ના પી/ઈ સામે ૧૨.૩૦ના પી/ઈએ ઉપલબ્ધ

ગુજરાત સમાચાર

ક્લાસિફાઇડ

CLASSIFIEDS | ટચુકડી જાહેરખબર

PROPERTY | MATRIMONIAL | BUSINESS | AUTOMOBILES | JOB | SERVICES

Call : 8799236001/2/3

ટચુકડી જાહેરખબર હવે દરરોજ પ્રસિદ્ધ કરાય છે.

નોકરી વિષયક ટચુકડી જાહેરખબર

સ્ટાફ
ઓફિસસ્ટાફ
જોઈએ છે. લેડીઝ ઓફિસ માટે ગુજરાતી જાણકાર સરખેજ Mo. 9898572069

એન્જીનીયર
સીવીલ એન્જીનીયર
Required Project Manager, Civil Engineers, Interior Engineers. Location:- Ahmedabad/ Raipur. Send CV: harsh@hcpmc.in

પ્રાઇમ પ્રોપર્ટી ટચુકડી જાહેરખબર

આશ્રમરોડ
વેચવાનું છે
For Sale Furnished Office, Nr. Metro Station, Ashram Road. Contact:- 7567300600
વેચવાનો છે બંગલો 400 વારનો ઉસ્માનપુરા, આશ્રમરોડ Broker 9327041600, 9974931507

ભાડે આપવાનું છે
For Rent Office, Furnished/ Unfurnished, Ashramroad, Broker, Mo. 9825415296

સી.જી. રોડ
વેચવાનું છે
વેચવાનો છે પ્લોટ 725 વાર, off CG road, Panchavati. 8671003737

નવરંગપુરા
વેચવાનું છે
વેચવાની છે, દુકાન 300 Sq ft, નવરંગપુરા. 7046480677
વેચાણ/ ભાડે આપવાનો છે ફ્લેટ 3 બેડ, હોલ ,કિચન 251 વાર ફર્નીશ્ડ વિજય ચારરસ્તા પાસે નવરંગપુરા 7487093995

ભાડે જોઈએ છે
તાત્કાલિક ભાડે જોઈએ છે મકાન નારણપુરા નવરંગપુરા દલાલ સોરી 9879406441

ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે ફ્લેટ 2 બેડ ફર્નિશ નવરંગપુરા મુસ્લિમ સોસાયટી 9904379546

આંબાવાડી
વેચવાનું છે
વેચાણ/ ભાડે આપવાની છે. અર્જન્ટ જગ્યા, 1000 Ft. ઓફિસ, ક્લાસ, ગોડાઉન લાયક. CN પાસે, આંબાવાડી- 9374162944

જોઈએ છે
ભાડે/ વેચાણ જોઈએ છે ફ્લેટ/ બંગલો, આંબાવાડી, વસ્ત્રાપુર, સેટેલાઈટ, બ્રોકર 9327798654

ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે ફ્લેટ, 3 બેડરૂમ, ફર્નિશ્ડ, આંબાવાડી, બ્રોકર 9327798654
ભાડે આપવાનો છે ફ્લેટ, 1 બેડરૂમ, આંબાવાડી, બ્રોકર. 7383811934

પાલડી
વેચવાનું છે
વેચવાનો છે બંગલો 913 વાર, બસ સ્ટેન્ડ તથા જૈન દેરાસર પાસે, મેઈન રોડ થી 50 મીટરમાં, હીરાકનગર, પાલડી. 9824099927
વેચવાનો છે બંગલો 495 વારનો પ્લોટ 6 બેડરૂમ, Fully Furnished, Prime Location, પાલડી, 9904520322 (દલાલ માફ)

જોઈએ છે
વેચાણ જોઈએ છે પ્લોટ 500થી 700 વાર રેસીડેન્સીયલ, પાલડી, ભઠ્ઠા, વાસણા વિસ્તારમાં. 9427304492

ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે Twin Bungalows, 4 B H K, ફુલ્લી ફર્નિશ્ડ, સાલિગ્રામ, પાલડીમાં, ફક્ત ફેમિલી, 3 કાર પાર્કિંગ, CA Realters- 8401411929 (દલાલ માફ)

જીવરાજપાર્ક-વેજલપુર
ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે ફ્લેટ, ફુલ્લી ફર્નીશ્ડ, ઓબેરી સિટી વેજલપુર. Broker 9824120981

સરખેજ
વેચવાનું છે
વેચવાનો છે ફ્લેટ 4 B H K, સ્વાતિ પ્રિમિયર, શીલ ઉન રોડ, શાંતિપુરા સર્કલ, સરખેજ. મો 9714466328
વેચવાનો છે શોરૂમ 1652 સ્કે. ફૂટ પ્રાઈમ લોકેશન સ્વાતિ ટ્રીનીટી, એપલવુડ, શાંતિપુરા, સરખેજ. મો 9714466328

ભાડે આપવાનું છે
ભાડે આપવાનું છે. ગોડાઉન 1250 સ્કવેર ફૂટ, ઉજાલા સર્કલ, સરખેજ, સંપર્ક- 9925083513

સેટેલાઈટ
વેચવાનું છે
વેચવાનો છે ફ્લેટ 3 બેડરૂમ હોલ કિચન, ઈશાન 2, સેલ્બી હોસ્પીટલ પાસે, રામદેવનગર, સેટેલાઈટ 9879425986, 9913344423
વેચવાનો છે ફ્લેટ 3 બેડરૂમ ગાલા રીંગ, સાઉથ બોપલ, સોભા સેન્ટર પાસે. 9879425986, 9913344423
વેચવાનો છે. બંગલો 4 B H K સરગમ- 7 સેટેલાઈટ. 7600005536
વેચવાનો છે પ્લોટ 600 વાર, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ. સંપર્ક 8671003737
For Sale Flat 3 B H K, 2010 Sq. Ft., Fully Furnished, Prahladnagar, Satellite RE/MAX Realty Solutions- 9824274230
વેચવાનો છે ફ્લેટ, 3 બેડરૂમ, ફુલ્લી ફર્નિશ્ડ, વિશાલ રેસિડેન્સી, સેટેલાઈટ- 9913990089
વેચવાનો છે પ્લોટ 550 વારનો બંગલો લાયક, સેટેલાઈટ 9904520322 (દલાલ માફ)

ભાડે આપવાનું છે
ભાડે આપવાની છે ઓફિસ, 1210 sq. Ft. પ્રેરણા તીર્થ રોડ, એલોટેડ 3 કાર પાર્કિંગ, Ratnanjali Solitaire સેટેલાઈટ, -9313370245

બોપલ-ઘુમા
વેચવાનું છે
For Sale Plot, 400 Yard, Green City Bopal Asset Procon. 9898908041
For Sale Plot 550 Yard, Shangrila Village Bopal Asset Procon. 9898908041
For Sell. Flat 4 B H K 2800 ft Ratna Grandeure, WAPA- Godhavi BH South Bopal Nr VIP Road. 8980500031
વેચવાનો છે Flat, Premium Fully Furnished, 4 B H K + Servant Room, 2800 Sq Ft, South Bopal, Krishna Space- 9925006262
વેચવાનો છે ફ્લેટ 3 B H K, સારથીયા વેસ્ટમાં, વીઆઈપી રોડ, બોપલ. મો- 9714466328

Resale Flats Villas & Farms for Sale
• Shypark, Ambli : 3-4 Bed 2 to 2.6 Cr.
• Kaizen Nest, Govind Pura : 1550 Yds. @ 4.5 Cr. • (Ball Theme)
• Olive Woods, Medha : 2500 Yds. 3.40 Cr. on 18 Mt. Corner Plot
• Arvind Upland, Forest : 2.40 to 30 Cr.
TIA Estate - 9081388138

વેચવાનો છે ફ્લેટ 4 B H K. ઉન્ડરસ્થળ સીવાન્તા, આંબલી રોડ- બોપલ. 9825196904

ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે ફ્લેટ 3 B H K, ફુલ્લી ફર્નિશ્ડ, Samarvay Scintilla સાઉથ બોપલ. 9427521102.

શીલજ
વેચવાનું છે
For Sale Plot 550 Yard Suramya 7 Shilaj Asset Procon. 9898908051
વેચવાનો છે પ્લોટ 1042 વાર Suramya 7 શીલજ કેયુરભાઈ 9687057027
વેચવાનો છે પ્લોટ 4000 વાર, શીલજ સંપર્ક 8671003737

જોઈએ છે
વેચાણ જોઈએ છે પ્લોટ સ્વતંત્ર 1000થી 5000 વાર, શીલજ/ બોડકદેવ/ થલતેજ/ એસજી હાઈવે/ આંબલી/ સાયન્સ સીટી. 9825612039

શેલા
વેચવાનું છે
વેચવાનો છે ફ્લેટ 3 બેડરૂમ હોલ કિચન, મહેર સીલેક્ટ, ક્લબ 07 પાસે, શેલા 9879425986, 9913344423
વેચવાની છે. દુકાન, ગ્રાઉન્ડ ફ્લોર, Club 07 પાસે, SP Epitome, શેલા- 9879535517

ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે. ફ્લેટ 3 B H K, Spacious, fully furnished, 1780 Sq ft, 14th floor, Vishvanath Sarathiya West, VIP road touch, પ્રાઈમ લોકેશન, Shela. 9404611611/ 7698526639

એસજી હાઈવે-થલતેજ
વેચવાનું છે
વેચવાનો છે Flat, 4 Bed, 2800 ફૂટનો, Fully Furnished, Sankalp Grace- 3, Thaltej- 9227246676, 9316427557
For Sell Flat, 3230 Sq. Ft., 4 B H K, Piv Ayaan, Near Jain Derasar, Iscon- Ambli Road, SG Highway. Serious Buyers Only- 8511581722
વેચવાનો છે પ્લોટ, 500 વાર, મેઈન રોડ પર, સુરધારા સર્કલ, SG highway- 9426034787
વેચાણ આપવાની છે. ઓફિસ 1131 ચોરસ ફૂટ, ફુલ્લી ફર્નિશ, પેન્ટ્રી રૂમ અને બાથરૂમની સુવિધાવાળું, પ્રાઈમ લોકેશન, એસજી હાઈવે સંપર્ક કરો- 9825050847

જોઈએ છે
જોઈએ છે વેચાણ બંગલો, ટેનામેન્ટ વેલમેન્ટેન સોસાયટીમાં થલતેજ વિરેન્દ્રભાઈ 9825777920

ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે બંગલો, ગ્રમાલા કુટીર, હેબતપુર રોડ, થલતેજ- 9825054844
ભાડે આપવાનો છે ફ્લેટ, ગ્રાઉન્ડ ફ્લોર સ્વતંત્ર એન્ટ્રી ક્લીનીક, Godown office લાયક, 5 B H K parking વ્યવસ્થા સાથે મેટ્રો સ્ટેશન નજીક આઈકાનગર થલતેજ દલાલ આવકાર્ય 9601261206
ભાડે આપવાનો છે ફ્લેટ 3 B H K, અનફર્નીશ્ડ, SG highway- 9825941306
ભાડે આપવાનો છે બંગ્લો, 4 B H K ફુલ્લી ફર્નીશ્ડ, શીલ ગલેશ 1, ઝાયડસ હોસ્પિટલ સામે, થલતેજ 9825046959

વસ્ત્રાપુર-બોડકદેવ
વેચવાનું છે
વેચવાની છે દુકાન 2450 ફૂટ સુપર બિલ્ટઅપ (1450 ફૂટ કાર્પેટ), પહેલો માળ, મિલેનિયમ પ્લાઝા, માનસી સર્કલ, વસ્ત્રાપુર. 9327001315
વેચાણ આપવાનો છે બંગલો જજીસ બંગલા બોડકદેવ 9879796753 9898082219
વેચાણ આપવાની છે. જગ્યા 3000 સ્કે. ફૂટ, વસ્ત્રાપુર 9825577287

ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે ફ્લેટ 4 B H K, ફુલ્લી ફર્નિશ્ડ, એલેક્સી એપાર્ટમેન્ટ બોડકદેવ 9427521102.

નારણપુરા
વેચવાનું છે
વેચવાનો છે. ફ્લેટ 3 B H K, 213 વારનો, સંપર્કઅનુકુળ, પરતી વિકાસની બાજુમાં, નારણપુરા. 9825414342, 8141445088, 9664518707
વેચવાનો છે ફ્લેટ 2 બેડ હોલ કિચન Near દિવ્યપથ સ્કુલ નારણપુરા વિરેન્દ્રભાઈ 9825777920

ભાડે આપવાનું છે
તાત્કાલિક ભાડે આપવાનુ છે મકાન ટ્રીપલ હોલ નારણપુરા 9879406441
ભાડે આપવાનો છે ફ્લેટ 2 B H K ગ્રાઉન્ડ ફ્લોર ફર્નિશ્ડ પ્રગતિનગર નારણપુરા 9227200827

સાયન્સસીટી
વેચવાનું છે
વેચવાનો છે પ્લોટ, 420 વાર, સાયન્સ સીટી પાસે મો. 9924061574
વેચવાનો છે ફ્લેટ, 3 B H K ફુલ્લી ફર્નિશ્ડ, 181 વાર (1629 sq. ft) કાર્પેટ 117 વાર, સાયન્સ સીટી રોડ, હ્યુન્ડાઈ શો રૂમ વાળી ગલી, વેસ્ટ ફેસિંગ, ઉત્તમ લોકેશન, માલીક- 8238058283

ઘાટલોડીયા
વેચવાનું છે
વેચવાનું છે. ટેનામેન્ટ, 2 માળનું, ઘાટલોડીયા. 9712083579

વાડજ
વેચવાનું છે
વેચવાનો છે ફ્લેટ, 2 B H K, 404- કેશવ એપાર્ટમેન્ટ, ભીમજીપુરા, નવા વાડજ. અમૃતભાઈ- 9825192496

મણિનગર-ખોખરા
વેચવાનું છે
વેચવાનો છે બંગલો મણીનગર જય ગિરિરાજ, જયેશ રાજપુરા 9327067857
વેચવાનો છે બંગલો, ડબલ માળનો, મંગલેશ્વર મહાદેવ નજીક, ખોખરા. 9016805570
વેચવાનો છે બંગલો, 260 વાર પ્લોટમાં, ફુલ્લી ફર્નિશ્ડ, ખોખરામાં. 9898061604

જોઈએ છે
વેચાણ જોઈએ છે બંગલો મણિનગર જય ગિરિરાજ, જયેશ રાજપુરા 9327067857

અમરાઈવાડી-સીટીએમ
વેચવાનું છે
વેચવાનો છે તાત્કાલિક ફ્લેટ 2 B H K 110 વાર સ્થાપ કોર્નર ભરોસ એક્સપ્રેસ હાઈવે CTM Whatsapp 8239575631

વસ્ત્રાલ
ભાડે આપવાનું છે
For Rent Space 700 sf. t. Suitable Office in Sarl Hights The East Gate Nr. RAF at Vastral Mob. No. 90790 88690

નારોલ-વટવા
વેચવાનું છે
For Rent Shed 14000 Sq ft. with office. Shahwadi, Narol. Mob:- 9638034338.

રાણીપ-સાબરમતી
વેચવાનું છે
વેચવાનું છે ટેનામેન્ટ 210 વાર પ્લોટમાં, રાધાસ્વામી રોડ, રાણીપ. 9898192200.

નરોડા-નિકોલ
વેચવાનું છે
વેચવાનો છે. પ્લોટ 5000 વાર. (સિંધી કમ્યુનિટી) નરોડા. 7046480677

સીટી
વેચવાનું છે
વેચવાનું છે મકાન, ગુજરાપારેખની પોળ, સોનીનો ખાંચો, માણેકચોક. 9106978153, 9408685806
વેચવાનો છે. 750 વાર પ્લોટ, કાલુપુર ટંકશાળ, પ્રાઈમ લોકેશન, દરેક ધંધાને લાયક. 7046480677

પ્રોપર્ટી જનરલ
વેચવાનું છે
For Sale Plot 590 Yard Suramya 2 Ranchharda Asset Procon. 9898908051
For Sale Plot 553 Yard Suramya 3 Palodia Asset Procon. 9898908051
For Sale Plot 780 Yard Corner Shilpgram 3 Lapkaman Asset Procon. 9898908051
For Sale Plot Corner 1200 Yard Antarkshitij Nasmed Asset Procon. 9898908051
For Sale Plot 1250 Yard Shilpgram 1 Lilapur Asset Procon. 9898908041
વેચવાનો છે રેસીડેન્સીયલ પ્લોટ 200 વાર, સંખેજર. 9978311138
વેચવા નો છે ખુલ્લો પ્લોટ, 8823 સ્કે. ફીટ, મોજે કમોડ , જીલ્લો- અમદાવાદ એસ. પી. રીંગ રોડ ટચ તથા પાછળ ના રોડ ટચ. ચાર સર્કલ નજીક- હોટલ. શો રૂમ. ગોડાઉન બેંક અને ઓફીસ ફિકેટ લાયક. આશરે 120 ફૂટ ફ્રન્ટેજ વાળો. મો. 82383 83223
વેચવાનો છે પ્લોટ, 600 વાર, બે રોડ કોર્નર, લપકામણ- 6359163215
વેચવાનો છે પ્લોટ 521 વાર સુરમ્ય 7 નાંદોલી કેયુરભાઈ 9687057027
વેચવાનો છે પ્લોટ 5000 વાર ડિસા પાટણ હાઈવે ડિસા 9898617989
વેચવાનો છે પ્લોટ 1300 વારનો, ઝાલોરા Broker 9327041600, 9974931507, 9664730213
For Sale Plot, 665 Sq. Yd. Shilpgram- 6, Kolat. 9662044300
વેચાણ/ ભાડે આપવાનુ છે. મકાન, બેંક લાયક, ખોરજ રોડ, ગાંધીનગર- 7698893767
વેચવાનો છે. પ્લોટ, Shilpgram- 3, 780 Sq. Yard, લપકામણ. (બ્રોકર માફ) 9913770884

જોઈએ છે
વેચાણ જોઈએ છે પ્લોટ 800થી 1500 વાર. આંતરક્ષીતીજ, રાંચરડા 9537007777

ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે બંગલો ફુલ્લી ફર્નીશ 3 B H K શિલ્પગ્રામ -3, લપકામણ, 7226043950

ચાંગોદર
વેચવાનું છે
વેચવાનો છે પ્લોટ 5000 વાર, ઈન્ડસ્ટ્રીયલ લાયક, ચાંગોદર- મોરૈયા રોડ. 9925464347
વેચવાનો છે. પ્લોટ, 2325 વાર, બાંધકામ 1500 વાર, ચાંગોદર- 9824590138

ભાડે આપવાનું છે
ભાડે આપવાનો છે શેડ, 1200 Sq. ft. ચાંગોદરમાં. 9426356771


બાવળા-સાણંદ
વેચવાનું છે
For Sale Plot 398 Sq Yard, E- 77 Sun Solace Sanand. Contact:- 9909288770
વેચવાનો છે પ્લોટ 600 વારનો સાણંદ Broker 9327041600, 9974931507, 9664730213

ભાડે આપવાનું છે
તાત્કાલિક ભાડે આપવાની છે જગ્યા 4500 Square Feet માર્કેટીન સેમી કન્ડકટર પાસે, Gidc, સાણંદ 9427057494
ભાડે આપવાનો છે બંગલો લક્ઝરીયસ 524 વાર બાંધકામ, 4 માસ્ટર બેડરૂમ, લિવિંગ હોલ, કિચન, સ્ટોર રૂમ, બાલ્કની, બ્લોક અને સર્વેન્ટ ક્વાર્ટર પ્લોટ 2405 વાર ગોલ્ફ કેસીન્ગ વીલા 332 નંબર સેક્ટર 3 કલહાર બ્લુ એન્ડ ગ્રીન સાણંદ વિરમગામ રોડ સાણંદ 9427623762

ઓટોમોબાઇલ્સ ટચુકડી જાહેરખબર

મારુતિ
વેચવાની છે
વેચવાની છે maruti swift 2010 શોરૂમ કંડીશન, 9825119392
વેચવાની છે. Maruti Wagonr LXI 2007, ફુલ ઇન્સ્યોરન્સ, શોરૂમ કન્ડિશન. 9825440168

મહિન્દ્રા
વેચવાની છે
વેચવાની છે મહિન્દ્રા બોલેરો N10 Neo 2023, 41800 km, 7 Seater, Diesel, owner 9925002031.

ગુજરાત સમાચાર
ક્લાસિફાઇડ
ટચુકડી જાહેરખબર

ઓટોમોબાઇલ્સ
ટચુકડી જાહેરખબર

ટાટા
વેચવાની છે
વેચવાની છે tata zest 2015 શોરૂમ કંડીશન, 9825119392

જનરલ
વેચવાની છે
વેચવાની છે Volvo XC 90, D5, Automatic, Model- 2016, First Owner, Color- Lsand 9537000015

મિડટર્મમાં

(પહેલા પાનાનું ચાલુ)

પળો દર્શાવતા મીમ્સ જોવાનું પસંદ કરી રહ્યા છે. અમેરિકામાં તાજેતરની મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટ્સની જીત બાદ આ ટ્રેન્ડ શરૂ થયો છે.

ચૂંટણીનાં પરિણામો બાદ ડેમોક્રેટ્સના સમર્થકોએ સોશિયલ મીડિયા પર વિજયી નેતાઓનાં ભાષણો, ઉજવણીના વીડિયો અને ઉત્સાહભર્યા મેસેજ શેર કર્યા હતા. લાંબા સમયથી રાજકીય તણાવ અને નકારાત્મક સમાચાર જોતા લોકો માટે આ કન્ટેન્ટ જાણે રાહત બની રહ્યું છે. નિષ્ણાતોના મતે, આશાવાદી કન્ટેન્ટ જોવાથી વ્યક્તિનો મૂડ સુધરી શકે છે અને માનસિક તણાવમાંથી થોડા સમય માટે રાહત મળી શકે છે.

જોકે, નિષ્ણાતો આ ટ્રેન્ડને સંપૂર્ણપણે ફાયદાકારક માનતા નથી. સતત સારા સમાચાર અને પોતાની વિચારધારાને અનુકૂળ કન્ટેન્ટ જોતાં લોકો એક પ્રકારના 'ઈકો ચેમ્બર'માં ફસાઈ શકે છે. તેમને એવું લાગવા માંડે છે કે આસપાસના તમામ લોકો તેમના જેવા જ વિચારે છે. આ ઉપરાંત, સકારાત્મક કન્ટેન્ટ જોવામાં પણ કલાકો પસાર થઈ શકે છે અને સોશિયલ મીડિયા પર નિર્ભરતા વધી શકે છે.નિષ્ણાતોનું કહેવું છે કે સકારાત્મક કન્ટેન્ટ જોવું ખોટું નથી, પરંતુ માત્ર સોશિયલ મીડિયા પર આશા શોધવાને બદલે તેમાંથી મળેલી પ્રેરણાને વાસ્તવિક જીવનમાં ઉતારવી વધુ જરૂરી છે.

બિહારમાં ફિલ્મી સ્ટાઈલમાં દાણચોરી બોલેરોની છતમાંથી દારૂ મળ્યો !

નવાદા, તા. ૭

બિહારમાં શરાબબંધી હોવા છતાં ગેરકાયદે શરાબની સપ્લાય કરવા માટે નવી નવી પધ્ધતી આપનાવે છે. આ વખતે નવાદામાં શરાબ સંતાડવાની એવી તરકીબ સામે આવી કે એક્સાઈઝ વિભાગની ટીમ આશ્ચર્યચકિત બની હતી. દારુની ખેપ મારનારાઓએ પુષ્પા સ્ટાઈલમાં બોલેરોની છતમા ગુપ્ત ખાનું બનાવ્યું હતું. આ ખાનગી ચેમ્બરમાં સેકડો લીટર ટેટ્રા પેક વિદેશી શરાબ છુપાવીને લઈ જવામાં આવી રહ્યો હતો. દક્ષિણની ફિલ્મ પુષ્પામાં ચંદનના લાકડાની દાણચોરી માટે ગાડીઓમાં આ રીતે ગુપ્ત ખાના બનાવીને લાકડા છૂપાવવાની પધ્ધતી દર્શાવવામાં આવી હતી.



એક્સાઈઝ અધિકારીઓએ ગોવિંદપુર એક્સાઈઝ ચોકી પર કાર્યવાહી કરતાં વાહનના છાપરામાં છુપાવવાની પધ્ધતીનો પર્દાફાશ કર્યો હતો. તપાસ દરમિયાન ટીમને બોલેરો શંકાસ્પદ જણાઈ હતી. ગાડીની છતની તપાસ કરતા તેમાંથી ગુપ્ત ખાનુ મળી આવ્યું હતું. પોલીસે છત તોડીને અંદર થુપાવેલ શરાબ જપ્ત કરી હતી.

આ શરાબ ઝારખંડથી આવેલી બોલેરોમાંથી ઝડપાયો હતો જેમા ડ્રાયવર સહિત બેની ધરપકડ કરવામાં આવી છે.

રોહિત શેટ્ટીના ઘર પર ગોળીબારની જવાબદારી લીધેલી

બિશ્નોઈ ગેંગના માસ્ટરમાઈન્ડ હેરી બોક્સરની અમેરિકામાં ધરપકડ કરાઈ

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા. ૭

લોરેન્સ બિશ્નોઈ ગેંગના વિદેશથી ક્રાઈમ કરનારા મુખ્ય માસ્ટરમાઈન્ડ હરિચંદ જાટ ઉર્ફે હેરી બોક્સરની અમેરિકાના કેલિફો નયામાં ધરપકડ કરવામાં આવી છે. દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલ અને હરિયાણા સ્પેશિયલ એક્શન ફોર્સ દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે યુએસ એજન્સીઓએ આ કાર્યવાહી કરી હતી. આનાથી મુંબઈમાં રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ફાયરિંગ, અભિનેતા ટાઈગર શ્રોફની કાર પર ગોળીબાર અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાટીના નેતા બાબા સિદ્દીકીની હત્યા સંબંધિત તપાસમાં મહત્વપૂર્ણ કડીઓ મળવાની શક્યતા છે.

ટાઈગર શ્રોફ પર થયેલા ગોળીબારના કેસ અને બાબા સિદ્દીકીની હત્યાની તપાસમાં નવી દિશા મળી શકે

અમેરિકામાં તેની ધરપકડ બાદ ભારતીય તપાસ એજન્સીઓ બોક્સરને ભારત લાવવા માટે કાનૂની કાર્યવાહી શરૂ કરશે. આ પ્રક્રિયામાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન યુએસમાં સંબંધિત એજન્સીઓ સાથે સંકલન કરે તેવી શક્યતા છે. તેની પૂછપરછથી ભારતમાં ગુનાહિત પ્રવૃત્તિઓનું આયોજન વિદેશથી કેવી રીતે કરવામાં આવ્યું હતું, સ્થાનિક સાથીઓને શ ો અને નાણાકીય સહાય કેવી રીતે પહોંચાડવામાં આવી હતી, તેમજ ખંડણી અને ધમકી નેટવર્ક પાછળ કોણ છે તે અંગે માહિતી મેળવવામાં આવશે.

આથી મુંબઈમાં ફિલ્મ ઉદ્યોગ અને બિશ્નોઈ ગેંગના આંતરરાષ્ટ્રીય નેટવર્ક સાથે સંબંધિત ગુનાઓની તપાસના સંદર્ભમાં આ કામગીરી મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

બોક્સરને વિદેશમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગનો મુખ્ય ઓપરેટિવ માનવામાં આવે છે. તપાસ એજન્સીઓને શંકા છે કે તે અમેરિકામાં રહીને ખંડણી, ધાકધમકી અને ગોળીબારનું નેટવર્ક ચલાવી રહ્યો છે. વિવિધ રાજ્યોમાં તેની વિરુદ્ધ હત્યા, હત્યાનો પ્રયાસ, સશ હુમલો અને ખંડણી સહિતના અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. અગાઉ રોહિત શેટ્ટીના જુહુ સ્થિત નિવાસસ્થાને પાંચ ગોળી ફાયર કરવામાં આવી હતી. આ ઘટના પછી સોશિયલ મીડિયા પર એક સંદેશમાં હેરી બોક્સર, શુભમ લોણકર, આરજુ બિશ્નોઈ અને હરમન સંધુએ ગોળીબારની જવાબદારી સ્વીકારી હતી.

આ કેસમાં મુંબઈ પોલીસે મકોકા એક્ટ હેઠળ કાર્યવાહી કરી છે અને તપાસમાં ૧૭ લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે. પોલીસે દાખલ કરેલી ચાર્જશીટમાં શુભમ લોણકર અને આરજુ બિશ્નોઈનો ફરાર આરોપી તરીકે ઉલ્લેખ છે.

રશિયાએ

(પહેલા પાનાનું ચાલુ)

અને રશિયા આ હુમલા વચ્ચે અમેરિકા સાથે મળીને ત્રિપક્ષીય બેઠક યોજવા જઈ રહ્યા છે. રશિયા,યુએસ અને યુક્રેનને વાટાઘાટકાર બુધવારે અબુધાબીમાં મળવાના છે. હવે આ અબુધાબીની બેઠક પહેલા જ રશિયાએ આ પ્રકારનો હુમલો કર્યો છે. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ આ હુમલાને લઈને નારાજગી વ્યક્ત કરી હતી અને યુક્રેનના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર આ પ્રકારના હુમલાની ઝાટકણી કાઢી હતી.

અનેક મતદારોના નામ કાપી નખાયા, તેમના સુધી સરકારી લાભ કેવી રીતે પહોંચશે? : લલનસિંહને રાહુલનો સવાલ

આધાર સંપૂર્ણ રીતે હટાવવામાં નહીં આવે, મે તો તેની સાથે વોટર આઈડી જોડવાની વાત કરી હતી : લલનસિંહનો જવાબ

સરકારી યોજનાના

(પહેલા પાનાનું ચાલુ)

નાગરિકનું વોટિંગ કાર્ડ જ તેમનું આધાર કાર્ડ ગણાશે. હવેથી વોટર કાર્ડ નંબરના આધારે જ લાભાર્થીઓના નાણા જમા કરવામાં આવશે.

લલનસિંહનું આ નિવેદન બાદમાં ચર્ચાનો વિષય બન્યું હતું, વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે આ મુદ્દે સરકાર પર ટોણો માર્યો હતો. રાહુલે લલનસિંહના આધાર અંગેના નિવેદનનો વીડિયો જાહેર કરીને કહ્યું હતું કે સરકારે અનેક મતદારોના નામ રદ કરી નાખ્યા છે, વોટર કાર્ડના આધારે જ રાશન, પેંશન, મનગેરા જેવી યોજનાઓનો લાભ મળશે તો જેમના નામ રદ થઈ ગયા છે તેઓ વંચિત રહી જશે. અખિલેશ યાદવે કહ્યું હતું કે બાળકો પણ લાભાર્થી હોય છે જેમના નામે હાલ વોટર આઈડી નથી હોતું, તો શું તેમને મિડ ડે મીલ જેવો લાભ નહીં મળે? વિવાદ વચ્ચે લલનસિંહે એક વીડિયો જાહેર કર્યો હતો અને બાદમાં દાવો કર્યો હતો કે આધાર કાર્ડને સંપૂર્ણ રીતે હટાવવામાં નથી આવી રહ્યું, પરંતુ પારદર્શિતા માટે બાયોમેટ્રિક અને વોટર આઈડીને જોડવામાં આવ્યા છે. રાજીવ ગાંધીએ કહ્યું હતું કે તેમના શાસન સમયે ૧૦૦ રૂપિયામાંથી માત્ર ૧૫ રૂપિયા જનતા સુધી પહોંચે છે, જ્યારે મોદી સરકારના શાસનમાં પુરા ૧૦૦ રૂપિયા લાભાર્થી સુધી પહોંચે છે.

યમનમાં

(પહેલા પાનાનું ચાલુ)

લડાઈ શરૂ થયા બાદથી આ સૌથી ઘાતક હુમલામાંના એક હતા તેમ હુથી બળવાખોરોએ જણાવ્યું હતું. હુથીઓના પ્રવક્તા અનીસ અલ્સાબાહિએ કહ્યું યમનની રાજધાની સના નજીક એક ગામ પર થયેલા હવાઈ હુમલામાં ૨૫ લોકોનાં મોત નીપજ્યાં હતા અને અન્ય ૩૦ને ઈજા પહોંચી હતી. ભોગ બનેલામાં મોટાભાગે મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. આ સિવાય તૈઝ પ્રાંતના અલ-વાઝિયાહમાં એક બજાર પર વધુ એક હવાઈ હુમલામાં આઠ લોકોનાં મોત નીપજ્યાં હતા. ગઈકાલે પણ હુથી બળવાખોરોના ગઢ સમાન વિસ્તારો પર હુવાઈ હુમલામાં કુલ ૩૦ લોકોનાં મોત નીપજ્યાં હતા.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

રાહુલ ગાંધી પોતાના કાયમી ટીશર્ટને બદલે કુર્તા પાયજામામાં નજર આવ્યા હતા. કોંગ્રેસના સિનિયર નેતાઓ પ્રિયંકા ગાંધીના પુત્ર તેમજ પુત્રી સાથે પોતાની ઓળખાણ આપવા માટે પડાપડી કરતા હતા. કોંગ્રેસના અતિ પીઢ નેતાઓ જેવા કે દિગ્વીજય સિંહ અને અશોક ગેહલોત ખાસ રેહાન વાડ્રા સાથે સંબંધ બનાવવાની કોશિષ કરતા દેખાયા હતા.

કટોકટી માટે સોનિયા ગાંધીએ સંજય ગાંધીને જવાબદાર ગણાવ્યા

કોંગ્રેસ સંસદીય પક્ષના પ્રમુખ સોનિયા ગાંધીએ કટોકટી માટે ઈન્દિરા ગાંધીનો બચાવ કર્યો છે. એક મુલાકાતમાં એમણે કહ્યું છે કે, રાજીવ ગાંધી કટોકટીના સંપૂર્ણ વિરોધમાં હતા જોકે સંજય ગાંધીએ ઈન્દિરા ગાંધીને એવું ઠસાવ્યું હતું કે જો કટોકટી લાગુ કરવામાં નહીં આવે તો વિરોધ પક્ષો હાવી થઈ જશે. કટોકટી લાગુ કરવાના વિરોધાભાસને કારણે એ વખતે ગાંધી કુટુંબમાં ભેદભાવ પણ થયા હતા. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, 'ઈમરજન્સી પછી મને ખબર પડી કે એ વખતે ખરખેર શું થયું હતું. જોકે કટોકટી દરમિયાન જે કંઈ થયું એ બધું બંધારણીય રીતે કરવામાં આવ્યું હતું. જો સંજય ગાંધીને કાબુમાં રાખવામાં આવ્યા હોતે તો આટલું મોટુ નુકસાન અટકાવી શકાતે.'

પહેલા અમિત શાહ સાથે મુલાકાત, પછી શરદ પવાર સાથે ગુફ્તગુ

એનસીપી (અજીત પવાર) બે જૂથમાં વહેંચાયેલું નજરે પડે છે. એક તરફ મરહુમ અજીત પવારના પત્ની સુનેત્રા પવાર છે જ્યારે બીજી તરફ પ્રફુલ પટેલ અને છગન ભૂજબળનું જૂથ છે. પ્રફુલ પટેલનું જૂથ અમિત શાહને મળ્યું ત્યારે એવી વાતચીત ચાલી હતી કે, એમના જૂથને રાજ્ય સરકારમાં મહત્વના હોદ્દા આપવામાં આવે.

જોકે સૂનેત્રા પવારએ ત્યાર પછી એનસીપી (અજીત પવાર)ના તમામ ધારાસભ્યોને બોલાવીને મીટીંગ કરી મામલો ઠંડો કરવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યાર પછી એનસીપી (શરદ પવાર)ના પ્રમુખ શરદ પવાર બીમાર પડ્યા અને હોસ્પિટલમાં દાખલ થયા. હોસ્પિટલમાં એમને મળવા માટે સૌથી પહેલા પ્રફુલ પટેલ પહોંચ્યા હતા. પ્રફુલ પટેલ અને શરદ પવાર વચ્ચે થયેલી વાતચીતનો વીડિયો લીક કરવામાં આવ્યો હતો. આ વાતચીત સાંભળીને એવું લાગે કે એનસીપીના બંને ઘટકો ફરીથી એક થવા જઈ રહ્યા છે. એમ મનાય છે કે જો સુનેત્રા પવાર ઝડપથી એમના વિરોધી જૂથને સંભાળી નહીં લે તો, વિરોધી જૂથના ધારાસભ્યો ભાજપ નહીં તો એનસીપી (શરદ પવાર) સાથે જઈ શકે એમ છે.

વસ્તી ગણતરી પહેલા બેવડી ગણતરીની શંકા દુર કરવાની તૈયારી

વસ્તી ગણતરીના બીજા તબક્કા પહેલા વસ્તી ગણતરીના બ્લોકોની ભૌગોલીક સરહદો ઠીકઠાક કરવામાં આવશે. પહેલા ચરણમાં રહી ગયેલા રહેવાસી વિસ્તારોને ઓળખીને વ્યવસ્થિત કરવામાં આવશે. કોઈ ગામ, વસ્તી, મકાન કે રહેઠાણના વિસ્તારો છૂટી જવા અથવા તો બે વખત એમની ગણના થવાની શંકા દુર કરવામાં આવશે. દેશમાં લગભગ ૨૪.૨૫ લાખ મકાનની યાદીના બ્લોકોનું ડીજીટીકરણ પુરુ થયું છે.

ભારતના રજીસ્ટાર જનરલ અને વસ્તી ગણતરી કમિશનની ઓફિસએ તમામ વસ્તી ગણતરી કરનાર અધિકારીઓને કહ્યું છે કે આ કામ ૨૫મી નવેમ્બર પહેલા પુરુ કરે. વસ્તી ગણતરી કરનાર અધિકારીઓ સામે સૌથી મોટો પડકાર બ્લોકોમાં હમણાની વિસંગતીઓ દુર કરવાનો છે. કેટલાક સ્થળે નજીકના બે મકાનોની યાદી તેમજ બ્લોકોની સરહદો એક બીજાને ઓવરલેપ કરે છે આ કારણે એક જ વિસ્તારમાં બે વખત ગણતરી થવાની શંકા છે.

'ઈ-૨૦ બન્યુ ૪૨૦' : રાહુલ ગાંધી

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પેટ્રોલમાં ઈથેનોલની માત્રા બાબતે કેન્દ્ર સરકારને ભીંસમા લીધી છે. એમણે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ મૂકીને આક્ષેપ કર્યો છે કે, દેશમાં પેટ્રોલના નામે લોકોને નક્કી કરેલી માત્રા કરતા વધુ ઈથેનોલ આપવામાં આવે છે. એમણે આને 'ઈ-૨૦ બન્યુ ૪૨૦' ગણાવીને કહ્યું છે કે આને કારણે સામાન્ય માણસને મોટુ નુકસાન થાય છે. મોદી સરકાર પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ મેળવવાની વાત કરે છે પરંતુ હકીકત કંઈક બીજી જ છે.

કર્ણાટક સરકારે ૭ જિલ્લામાં પેટ્રોલના નમૂના લઈને પ્રયોગશાળામાં તપાસ કરાવી ત્યારે ખબર પડી હતી કે, પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ ૨૬ થી ૩૧ ટકા જેટલું હતું. આઈઓસીએલ, એચપીસીએલ, ડીટીસીએલ, નાયરા અને સેલ જેવી સરકારી અને ખાનગી કંપનીઓના પેટ્રોલમાં ઈથેનોલનું પ્રમાણ વધુ જોવા મળ્યું છે.

કેરલમ કિસ્સો, અભિનેતાઓ પર આક્ષેપ કરનાર ડોક્ટર ભાગી ગયો

કેરલમમાં એક વિચિત્ર ઘટના બની છે. શારીરિક શોષણના કેસમાં આરોપી ડોક્ટર પર ઘણી મહિલાઓએ આક્ષેપ કર્યા છે. આ ડોક્ટરે પહેલા મલિયાલમ અભિનેતા અતુલિયા ચંદ્રન અને બીબીન પેરમપલ્લી પર માર મારવાનો અને લૂંટી લેવાનો આરોપ મૂક્યો હતો. જોકે પોલીસના જણાવ્યા પ્રમાણે ડો. જેન્સન વર્ગીસના બે મોબાઈલ ફોનની તપાસમાં ઘણી મહિલાઓ સાથે એમની અંગત પળોના વીડિયો અને ફોટોગ્રાફસ મળ્યા છે. વર્ગીસ સામે શારીરિક શોષણનો કેસ દાખલ થયા પછી તેઓ ફરાર થઈ ગયા છે. મોબાઈલ ફોન પરથી મળી આવેલા ડિજિટલ પુરાવાઓના આધારે પોલીસે વધુ તપાસ કરવાનું નક્કી કર્યું છે. અધિકારીઓનું કહેવું છે કે વીડિયો અને ફોટોગ્રાફસમાં દેખાતી મહિલાઓ જો આગળ આવીને ફરિયાદ કરે તો આ મામલામાં બીજો કેસ પણ દાખલ કરવામાં આવશે.

પાકિસ્તાને ભગવંત માનને ખાસ આમંત્રણ આપ્યું

પાકિસ્તાને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને વિઝા આપવાની ઓફર કરી છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું છે કે ભગવંત માનને વિઝા આપવા બાબતે વિચાર કરવા તૈયાર છે. પાકિસ્તાન વિદેશ મંત્રાલયના પ્રવક્તા સજ્જાદ હૈદરએ મીડિયાને આ વાત કહી હતી. ભગવંત માને હમણા જ કહ્યું હતું કે એમને આ મહિનાના અંતમાં વિશ્વ પંજાબી સંમેલનમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. આ સંમેલન લાહોરમાં યોજાવાનું છે. જોકે ભારત સરકાર માનને પાકિસ્તાન જવાની સહમતી આપે કે નહીં એ અલગ સવાલ છે. ભગવંત માનએ પંજાબ વિધાનસભામાં પાકિસ્તાનના આમંત્રણ વિશે વાત કરી હતી. એમણે પાકિસ્તાન જવાની પરવાનગી બાબતે કેન્દ્ર સરકારને ટોણો પણ માર્યો હતો અને કહ્યું હતું કે, 'તેઓ મને જાપાન કે ફ્રાન્સ જવા દેતા નથી તો પાકિસ્તાન કઈ રીતે જવા દેશે?'

નેધરલેન્ડમાં

(પહેલા પાનાનું ચાલુ)

ત્યાં સુધી તેમનો વિરોધ ચાલુ રહેશે. નેધરલેન્ડની રાજધાની એમ્સ્ટર્ડમમાં શુક્રવારે પોલીસે દેખાવકારોને નિર્માણ સ્થળેથી બહાર કાઢ્યા હતા.

જર્મનીમાં પણ શુક્રવાલે અનેક દેખાવકારોએ બર્લિનના બાહ્ય વિસ્તારોમાં એક ડેટા સેન્ટર સામે એકત્ર થયા હતા. ઈટાલીમાં પણ તિવ્ર ગતિએ ડેટા સેન્ટર ઉદ્યોગ વિરુદ્ધ લોકોનો વિરોધ વધી રહ્યો છે.

એમ્સ્ટર્ડમમાં દેખાવો અંગે માઈક્રોસોફ્ટે કહ્યું કે, તેને એમ્સ્ટર્ડમમાં ડેટા સેન્ટર સામે ઉગ્ર વિરોધ અંગેની માહિતી છે. અમારું માનવું છે કે આ પ્રોજેક્ટ અંગે લોકોની ભાવનાઓ ઘણી મજબૂત છે. અમે શાંતિપૂર્ણ દેખાવોને લોકોનો અધિકાર માની તેનું સન્માન કરીએ છીએ. જોકે, અમે ગેરકાયદે અથવા લોકોની સુરક્ષા માટે જોખમી સાબિત થાય તેવી કોઈ કાર્યવાહીને સમર્થન નથી આપતા.

સમુદ્ર પછી હવે ઈરાનના વ્યાપારિક જમીન માર્ગો પર સકંજો કસવા અમેરિકન આર્મીની 'ટાસ્ક ફોર્સ આયરન ગેટ'ની જાહેરાત

પરમાણુ એકમો પર હુમલાની અમેરિકાની ચેતવણી પછી ઈરાને જનતાને આયોડિનની ગોળીઓ વહેંચી

રઘવાયા ટ્રમ્પનો

(પહેલા પાનાનું ચાલુ)

યુનાઈટેડ સ્ટેટ્સ સેન્ટ્રલ કમાન્ડે એક્સ પર 'રિવોર્ડ ફોર જસ્ટિસ' કાર્યક્રમ હેઠળ ઈનામની જાહેરાત કરી છે.

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે ઈરાનની ઘેરાબંદી કરવા માટે સમુદ્રની સાથે હવે જમીન માર્ગે પણ વ્યાપારિક સકંજો કસવાનો નિર્ણય કર્યો છે. અમેરિકન સેનાના પ્રમુખ એડમિરલ બ્રેડ કૂપરે 'ટાસ્ક ફોર્સ આયરન ગેટ' નામથી સ્પેશિયલ મિલિટ્રી ટાસ્ક ફોર્સની રચનાનો આદેશ આપ્યો છે. આ ટાસ્ક ફોર્સ ઈરાનની જમીની સરહદો અને કાસ્પિયન સાગરના માર્ગે થતી અત્યાધુનિક હથિયારો, ટેક્નોલોજી અને પ્રતિબંધિત સામાનની ગેરકાયદે તસ્કરીને ટ્રેક કરવાનું કામ કરશે.

ઈરાન વિરુદ્ધ અમેરિકન સૈન્યની કાર્યવાહી વચ્ચે અમેરિકામાં ટ્રમ્પનું ઈમર્જન્સી વિમાન ડૂમ્સ ડે કોઈ અજ્ઞાત સ્થળે ઉડતું જોવા મળતા અનેક અટકળો થવા લાગી છે. ટ્રમ્પનું ઈમરજન્સી વિમાન બોઈંગ ઈ-૪બી નાઈટવોચ પરમાણુ હુમલા સામે પણ ટક્કર લઈ શકે તેવું છે. આ વિમાન નેબ્રાસ્કા સ્થિત હોમ બેઝથી ઉડીને પૂર્વ દિશામાં જતું જોવા મળતા પરમાણુ હુમલા અંગેની અટકળોએ જોર પકડ્યું છે.

અમેરિકાના હુમલાઓ વચ્ચે ઈરાને તેના પરમાણુ એકમોની આજુબાજુ રહેતા લોકો વચ્ચે આયોડિનની ગોળીઓ વહેંચવાનું શરૂ કર્યું છે. ઈરાનના સ્વાસ્થ્ય મંત્રાલયના અધિકારીએ પુષ્ટી કરી કે તેમના પરમાણુ એકમોના ૨થી ૩ કિ.મી.ના દારયરામાં રહેતા લોકોને આયોડિનની ગોળીઓ આપવામાં આવી રહી છે. પરમાણુ દુર્ઘટના અથવા હુમલાના સંજોગોમાં આ ગોળીઓ થાઈરોડ ગ્રંથીને રેડિયોએક્ટિવ આયોડીનને નુકસાનથી બચાવવાનું કામ કરે છે.

બીજીબાજુ ઈરાને તેની પરમાણુ નીતિમાં ફેરફાર લાવવાના સંકેત આપ્યા છે. આઈઆરજીસીના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ હોસૈન મોહેબિએ કહ્યું કે, સુપ્રીમ લીડર મોજતબા ખોમેનેઈ નિર્દેશ આપે તો ઈરાન તેની પરમાણુ નીતિમાં પરિવર્તન લાવી શકે છે. જોકે, તેમણે એ સ્પષ્ટતા કરી નહીં કે તેઓ પરમાણુ નીતિ પડતી મુકશે કે પરમાણુ હથિયારો બનાવવાની દિશામાં આગળ વધશે.

દરમિયાન ઈરાનની સેનાએ કેશમ ટાપુ પર અમેરિકાનું એમક્યુએમ-૯ ડ્રોન તોડી પાડવાનો દાવો કર્યો હતો. આઈઆરજીસીએ કહ્યું કે, આ હુમલાઓનો અમેરિકાને જડબાતોડ જવાબ અપાશે. ઈરાને હથિયારોની ટેક્નોલોજીની બાબતમાં નવી ઊંચાઈ હાંસલ કરી છે અને તેની પાસે જે હથિયારો છે તેની અમેરિકાને પણ કલ્પના નથી. આ સાથે ઈરાને ૨,૦૦૦ કિ.મી.થી દૂર મિસાઈલ હુમલા નહીં કરવાની જાતે લાદેલી મર્યાદા હટાવવાની જાહેરાત કરી છે અને અમેરિકાને ચેતવણી આપી છે કે તેના બેલિસ્ટિક મિસાઈલ હવે ૨,૦૦૦ કિ.મી. દૂર પણ વિનાશ વેરશે.

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ મહેસાણા, સબ ડીસ્ટ્રીક્ટ કડીના કડી તાલુકાના મોજે થોળ ગામની સીમના નવા બ્લોક/સર્વે નં.૪૪૪/003 (જુનો સર્વે નં.૧૮૯૯)ની કુલ ૨૫૫૦ ચો.મીટર જુ.શ.ની ખેતીની જમીન, દેસાઈ વિક્રમભાઈ બાબરભાઈ દ્વારા તેઓની સ્વતંત્ર માલિકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટામાં આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને અમારા અસીલે ઉપરોક્ત જમીન અંગે અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો કે જેઓ ઉપરોક્ત જમીન ઉપર કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, બોજો, બાનાખતના હક્કો ઈત્યાદી ધરાવતા હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭ (સાત) ની અંદર દસ્તાવેજી પુરાવા સહિત લેખીતમાં નીચેના સરનામે જાણ કરવાની રહેશે, અને જો તેમ કરવામાં કસુર કે વિલંબ થશે તો ઉપરોક્ત જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ ઈશ્યુ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

અમદાવાદ તા.૦૮-૧૧-૨૦૨૬

અમીત વી. પટેલ, એડવોકેટ

૯૩, નાલંદા કોમ્પલેક્ષ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫.

મો. : ૯૫૧૦૧૮૮૫૦૫.

જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ ના તાલુકા વેજલપુર ના મોજે ગામ બાકરોલ-બાદરાબાદ ની સીમનાં રેવન્યુ સર્વે નંબર ૨૫૫ ની ખાતા નંબર ૧૦૧૭ ની હે.આરે.ચો.મી. ૧-૩૦-૫૧ ક્ષેત્રફળ વાળી આકાર રૂા. ૭.૨૫ પૈસાની જુની શરતની ખેતીની જમીન અનિલભાઈ રતીલાલ પટેલ નાંઓએ તેઓની સ્વતંત્ર માલીકીની કબજા ભોગવટાની બોજા રહીત આવેલ હોવાનું જણાવી અમારી પાસે મજકુર જમીનનાં ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે આથી મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, અલાખો, ચાર્જ કે લીયન પોષાતો હોય તો દિન-૭ માં રજી. એ.ડી. થી પુરાવા સહીત નીચે જણાવેલ સરનામે જાણ કરવી. અન્યથા મજકુર જમીન પર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક પોષાતો નથી અને જો પોષાતો હોય તો તે અમારા અસીલની તરફેણમાં જતો(વેવ) કરેલ છે. તેમ માની લઈ મજકુર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ અમો અમારા અસીલની તરફેણમાં આપીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર માન્ય રહેશે નહી તેની સર્વેએ નોંધ લેવી.

અમદાવાદ તા. ૦૭-૧૧-૨૦૨૬

જીતેન્દ્ર જી. જાની

M.COM., LL.M એડવોકેટ

૨૩, પ્રથમ માળ, વ્રજવિહાર-૩, પ્રેરણાતીર્થ દેરાસર પાસે, અશોકનગર સામે, સેટેલાઈટ, અમદાવાદ.

મો : ૯૮૨૪૨ ૩૦૪૩૬

જાહેર નોટિસ

જત્ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીક્ટ અમદાવાદ ના તાલુકા વેજલપુર ના મોજે ગામ બાકરોલ-બાદરાબાદ ની સીમનાં રેવન્યુ સર્વે નંબર ૨૫૩ ની ખાતા નંબર ૯૯૧ ની હે.આરે.ચો.મી. ૦-૭૬-૮૯ ક્ષેત્રફળ વાળી આકાર રૂા. ૩.૯૪ પૈસાની જુની શરતની ખેતીની જમીન અનિલભાઈ રતીલાલ પટેલ નાંઓએ તેઓની સ્વતંત્ર માલીકીની કબજા ભોગવટાની બોજા રહીત આવેલ હોવાનું જણાવી અમારી પાસે મજકુર જમીનનાં ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે આથી મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, અલાખો, ચાર્જ કે લીયન પોષાતો હોય તો દિન-૭ માં રજી. એ.ડી. થી પુરાવા સહીત નીચે જણાવેલ સરનામે જાણ કરવી. અન્યથા મજકુર જમીન પર કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક પોષાતો નથી અને જો પોષાતો હોય તો તે અમારા અસીલની તરફેણમાં જતો(વેવ) કરેલ છે. તેમ માની લઈ મજકુર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફિકેટ અમો અમારા અસીલની તરફેણમાં આપીશું. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર માન્ય રહેશે નહી તેની સર્વેએ નોંધ લેવી.

અમદાવાદ તા. ૦૭-૧૧-૨૦૨૬

જીતેન્દ્ર જી. જાની

M.COM., LL.M એડવોકેટ

૨૩, પ્રથમ માળ, વ્રજવિહાર-૩, પ્રેરણાતીર્થ દેરાસર પાસે, અશોકનગર સામે, સેટેલાઈટ, અમદાવાદ.

મો : ૯૮૨૪૨ ૩૦૪૩૬

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર, સબ-ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર ઝોન-૩ અને તાલુકે ગાંધીનગરના મોજે-ગામ કરાઈની સીમમાં આવેલ (એ) જુના સર્વે નંબર - ૧૧૮ પૈકી ૧ જેના રી-સર્વે મુજબ નવા સર્વે નંબર - ૧૭૩ ક્ષેત્રફળ ૧૨૪૮૦સમચોરસમીટર જેના સીટી સર્વે ઓફિસ ગાંધીનગર વોર્ડ કરાઈ (બીનખેતી)ના સીટી સર્વે નંબર - એનએ૧૭૩ ક્ષેત્રફળ ૧૧૭૮૬ સમચોરસમીટરની પૈકી ક્ષેત્રફળ ૪૮૭૫ સમચોરસમીટર (બી) જુના સર્વે નંબર - ૮૭/૨ જેના રી-સર્વે મુજબ નવા સર્વે નંબર - ૧૭૯ ક્ષેત્રફળ ૨૩૯૨૪ સમચોરસમીટર જેના સીટી સર્વે ઓફિસ ગાંધીનગર વોર્ડ કરાઈ (બીનખેતી)ના સીટી સર્વે નંબર - એનએ૧૭૯ (જુનો સર્વે નંબર - ૮૭/૨) ક્ષેત્રફળ ૨૩૯૨૪ સમચોરસમીટરની પૈકી ક્ષેત્રફળ ૨૨૬૦ સમચોરસમીટર, એમ મળી કુલ ક્ષેત્રફળ ૭૧૩૫ સમચોરસમીટરની બિનખેતીની જમીન (૧) પટેલ જયંતીલાલ રામદાસ (૧૦ ટકા હિસ્સો) (૨) પટેલ જીગર હસમુખભાઈ (૧૦ ટકા હિસ્સો) (૩) પટેલ પ્રતિક બાબુભાઈ (૫ ટકા હિસ્સો) (૪) ભાવેશકુમાર પ્રહલાદભાઈ પટેલ (૫ ટકા હિસ્સો) (૫) પટેલ વિપુલભાઈ દશરથભાઈ (૧૮ ટકા હિસ્સો) (૬) પટેલ શૈલેષભાઈ ભોળાભાઈ (૧૭ ટકા હિસ્સો) (૭) આશ્રય ધર્મેશકુમાર પટેલ (૧૩ ટકા હિસ્સો) (૮) સુરેન્દ્રકુમાર પરસોત્તમદાસ પટેલ (૧૧ ટકા હિસ્સો) (૯) પટેલ ઉન્નત રાજેન્દ્રકુમાર (૧૧ ટકા હિસ્સો), તમામ ઠેકાણુ : અમદાવાદનાએ તેઓની માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનુ જણાવી અમારી પાસે ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદર જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૧૫ (પંદર) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરના વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી) અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઈનો હક્ક, હિત, સબંધ નથી અને હોય તો તે વેવ કરેલ છે તેમ માનીને ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

વિજય વાય. ચૌગુલે, એડવોકેટ

VIJAY Y. CHAUGULE & CO.

૪૨૫ થી ૪૨૮, દેવનંદન મોલ, સન્યાસ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬

ફોન નં.: ૮૭૮૦૬૪૮૯૪૩

જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીકટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ અને તાલુકા-સાણંદ ના મોજે ગામ-ગોરજ ની સીમના બ્લોક/ સર્વે નંબર-૨૪૦ ની રહેણાંકના હેતુવાળી બીનખેતીની જમીન પર આવેલ ''પ્રકૃતિવિલા'' નામની યોજનામાં આવેલ (૧) સબ-પ્લોટ નંબર-૧ ની આશરે ૬૯૦.૨૦ચો.મી. પ્લોટ એરીયા તથા યોજનાની જમીનમાં વ.વ. ૨૪૮.૪૪ ચો.મી. ના હક્ક, હિસ્સા એમ મળી કુલ ૯૩૮.૬૪ ચો.મી. વાળી બીનખેતીની ખુલ્લી જમીન વાળી મીલકત તથા (૨) સબ-પ્લોટ નંબર-૨ ની આશરે ૭૧૫.૩૩ ચો.મી. પ્લોટ એરીયા તથા યોજનાની જમીનમાં વ.વ. ૨૫૬.૬૬ ચો.મી. ના હક્ક, હિસ્સા એમ મળી કુલ ૯૭૧.૯૯ ચો.મી. વાળી બીનખેતીની ખુલ્લી જમીન વાળી મીલકત મોમીન અલ્તાફહુસેન દાઉદભાઈ, મોમીન આરિફહુસેન દાઉદભાઈ વિગેરેની કુલ સંયુક્ત માલીકી, કબજા ભોગવટાની તથા તમામ બોજાઓ રહીત હોવાનું જણાવીને તેમજ અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરીને અમારી પાસેથી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મીલકત ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, બાનાખત, લોન વિગેરે હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના અસલ પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહીં આવે તો સદરહુ મીલકત ઉપર અન્ય કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં. ત્યારબાદ વેચાણ અંગેની તમામ કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવી.

હરેશકુમાર બી.પટેલ (એડવોકેટ)

ધ્રુવ દિપકભાઈ પટેલ (એડવોકેટ)

ઓ.૩, પ્રથમ માળ, ઓમકાર કોમ્પ્લેક્ષ, સ્ટર્લીંગસીટી ગેટની બાજુમાં,બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮

મો.૮૧૨૮૭૬૯૯૮૮

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે જત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૧(અસલાલી)ના વટવા તાલુકાના મોજે અસલાલી ગામની સીમના જુના સર્વે નં. ૧૫૮૮, ૧૫૮૯/૧ પૈકી, બ્લોક નં. ૧૭૪૭ પૈકીની ૫૭૬૬ ચો.મી. બીનખેતીના ઔધોગિક હેતુના ઉપયોગવાળી જમીન ઉપર 'વિકાસ ઈન્ટર એસ્ટેટ' નામથી આવેલ ગોડાઉનો પૈકી ગોડાઉન નં. ૩૬ વાળી મીલકત કે જેનો પ્લોટ એરીયા ૧૨૦ ચો.વાર યાને ૧૦૦.૩૩ ચો.મી. જમીન જેમાં ૧૨૦ ચો.વાર યાને ૧૦૦.૩૩ ચો.મી. બાંધકામ વાળી મિલકત (૧). બીના દીપેશ જરીવાલા (૨) હીના મિતેષ જરીવાલાની સહમાલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટા આવેલી છે અને તેઓએ સદરહુ મિલકત વિકાસ અરવિંદભાઈ શાહ પાસેથી સબ રજિસ્ટ્રાર કચેરી અમદાવાદ-૫ (નારોલ) સમક્ષ વેચાણ દસ્તાવેજ અનુક્રમે રજી. નં. ૧૫૭૬ થી તા. ૧૮/૦૫/૧૯૯૮ના રોજ નોંધવીને વેચાણ રાખેલ અને હાલ સદરહુ અસલ વેચાણ દસ્તાવેજ, તેની પહોંચ તથા ઈન્ડેક્ષની નકલ મળી આવતી નથી અને તે ક્યાંક ગેરવલ્લે મુકાઈ ગયેલ છે અગર તો ખોવાઈ ગયેલ છે પણ તેઓએ સદરહુ મિલકત કોઈને કોઈપણ રીતે વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય રીતે આપેલ નથી તેવું જણાવી તથા તેઓએ સદરહુ મિલકત તમામ પ્રકારના બોજાઓથી મુકત આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાની હોવાથી અમો પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ, સર્વે શખ્સો એટલે કે વ્યક્તિ હાલના તથા અગાઉના માલીકો તથા તેઓના વંશ, વાલી, વારસો, પેઢી, બેંક નાણાંકીય સંસ્થા વિગેરે કે જેઓ સદરહુ મિલકત સામે કે સદરહુ મિલકત ઉપર કોઈપણ પ્રકારે કોઈપણ હકક, હીત, હિસ્સો, દાવો, લાખો, કોઈપણ પ્રકારનો વારસાઈ હકકો, બાનાખતના હકકો, મુખત્યારનામા, કબજા કરાર, સમજુતી કરાર તથા અન્ય સુખાઅધિકારો, લીસ પેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ ધરાવતા હોય કે ઉપરોકત જણાવેલ વેચાણ દસ્તાવેજના અસલ કાગળોથી કોઈ હકક ધરાવતા હોય કે અન્ય હકકો ધરાવતા હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત) ની અંદર તેઓ જે કાંઈ હકક વિગેરે ધરાવતા હોય તો તેના દસ્તાવેજી પુરાવાઓની પ્રમાણિત નકલ સહીતની લેખિત ખબર અમોને નીચેના સરનામે રજી. પોસ્ટ એ. ડી. દ્વારા મોકલી આપવી, નહીંતર આવા હકક વિગેરે ઉપર કોઈપણ પ્રકારનું લક્ષ આપ્યા સિવાય તેમજ જે કોઈનો આવો હકક વિગેરે હોય તો તેમણે જતો (waive) કર્યો છે તેમ માનીને સદરહુ મિલકતનું ટાઈટલ કલીયસન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને સદરહુ મિલકતનો વેચાણ વ્યવહાર અમારા અસીલ પૂર્ણ કરશે અને ત્યારબાદ તે અંગે કોઈના કોઈપણ પ્રકારના વાંધા કે તકરાર રહેશે નહીં કે ટકશે નહીં તેની નોંધ લેવી.

અમદાવાદ.

તા. ૭/૧૧/૨૦૨૬

ભાવિન કે. રાવલ (એડવોકેટ)

ઠેકાણું : ડી/૧૦૩, રંગ આશીષ સોસાયટી, રાજેશ્વરી કોલોની પાસે, ઈસનપુર રોડ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮

મોબાઈલ નં. ૯૮૨૫૫૮૮૯૨૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડિસ્ટ્રિક્ટ ગાંધીનગર તાલુકો ગાંધીનગરના મોજે ગામ રાંધેજા ની સીમના ખાતા નં.૧૫૮૫૧ માં જૂનો સર્વે નં.૧૪૮૩/૨ યાને સર્વે નં.૧૯૩૪ યાને સીટી સર્વે નં.એન.એ.૧૯૩૪ ની ૩૫૨૩ ચો.મી. વાળી બિનખેતીની જમીન આવેલી છે તથા જૂનો સર્વે.૧૪૮૩/૧ યાને સર્વે નં.૧૯૩૬ યાને સીટી સર્વે નં.એન.એ.૧૯૩૬ ની ૩૮૨૭ ચો.મી. વાળી બિનખેતીની જમીન આવેલી છે જેને આ કામે સરળતા ખાતર ''સદરહું જમીન'' એ શબ્દથી સંબોધેલ છે. સદરહું જમીન અમારા અસીલ કેતનકુમાર જગદીશચંદ્ર દવેના રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી છે. રેવન્યુ રેકોર્ડમાં અમારા અસીલના નામે ખાતે સદરહું જમીન ચાલે છે. સદર જમીન સંબંધે સુરેશભાઈ રતિભાઈ પટેલનાએ મહેન્દ્રભાઈ બળદેવભાઈ પટેલની ખોટી સહી કરી ખોટી અને બનાવટી બાનાચીઠી ઉભી કરેલ છે. જે બાનાચીઠ્ઠીની રૂએ સુરેશભાઈ રતિભાઈ પટેલે મેં. ગાંધીનગરના એડિશનલ સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.દી.મુ.નં.૧૩/૨૦૨૨ થી દાવો દાખલ કરેલો. જેને આ કામે સરળતા ખાતર ''સદર કામ'' શબ્દથી સંબોધેલ છે. સદર કામે આંક-૫ થી કામચલાઉ મનાઈ હુકમની માગણી કરેલી. જે માગણી નામદાર કોર્ટ દ્વારા ગુણદોષ ઉપર ના-મંજૂર કરવામાં આવેલી છે. ત્યારબાદ સદર કામમાં આંક-૮૦ થી પુનઃ કામચલાઉ મનાઈ હુકમની માગણી કરતી અરજી સુરેશભાઈ રતિભાઈ પટેલે દ્વારા કરવામાં આવેલી, પરંતુ તે અરજી પણ નામદાર કોર્ટ દ્વારા ગુણદોષ ઉપર ના-મંજૂર કરવામાં આવેલી છે. સદર કામે આંક-૮૦ ની અરજી ઉપર કરેલ હુકમથી નારાજ થઈ સુરેશભાઈ રતિભાઈ પટેલ નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટ સમક્ષ દીવાની પરચુરણ અપીલ નં.૨૨/૨૦૨૫ થી અપીલ રહે તકરાર લીધેલી. જે કામે નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટે તા.૨૯/૦૮/૨૦૨૬ ના રોજ અપીલ મંજૂર કરી આંક-૮૦ ઉપર કરેલ હુકમ રદ કરી આંક-૮૦ ની અરજી મંજૂર કરેલી. નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટના હુકમથી નારાજ થઈ અમારા અસીલે નામદાર ગુજરાત હાઈકોર્ટની સમક્ષ દાદ માગતી સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં.૧૪૫૪૭/૨૦૨૬ કરેલી. જે કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે અપીલની પ્રથમ સુનાવણીમાં જ નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટનો દીવાની પરચુરણ અપીલ નં.૨૨/૨૦૨૫ ના કામે તા.૨૯/૦૮/૨૦૨૬ ના રોજનો હુકમ રદ કરેલ છે. અરજી ઉપર આખરી નિર્ણય થતા અગાઉ સુરેશભાઈ રતિલાલ પટેલ દ્વારા આપવામાં આવેલી જાહેર નોટિસ યોગ્ય અને વ્યાજબી ન હતી, કારણકે નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટનો હુકમ વિરુદ્ધ અપીલ કરવાનો અમારા અસીલનો અધિકાર હતો તે પ્રમાણે અમારા અસીલે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરતા તે મંજૂર કરવામાં આવેલ છે. યાને સદરહું જમીન ઉપર કોઈપણ પ્રકારનો મનાઈ હુકમ અમલમાં નથી કે હસ્તાંતર કરવા માટે કોઈ પ્રતિબંધ મૂકવામાં આવેલ નથી. સુરેશભાઈ રતિભાઈ પટેલ દ્વારા સદરહુ જમીન સંબંધે ખોટી હકીકતો ન્યુઝ પેપરમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ હોય તે સંબંધે સાચો ખુલાસો કરવા માટે હાલની આ જાહેર નોટીશ જાહેર જનતા જોગ આપેલ છે.

કમલેશ બી પટેલ એડવોકેટ.

ઓફિસ નં - 503.પાંચમો માળ, પ્લોટ નંબર - 2, શાલીન સેન્ટ્રમ, એચ.પી.પેટ્રોલ પંપ ની પાછળ, સેક્ટર નંબર - 11. ગાંધીનગર.

મો. 9824430950

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

પ્લેયર ઓફ ધ મેચ ગુરનૂરની ૩૦ રનમાં ૪ વિકેટ : રાહુલના ૨૬* રન નિર્ણાયક

ભારતનો ન્યુઝીલેન્ડ સામે બીજી વન ડેમાં ડકવર્થને સહારે ચાર રનથી રોમાંચક વિજય





વેલિંગ્ટન, તા.૭

પ્લેયર ઓફ ધ મેચ ગુરનૂર બ્રારની ૩૦ રનમાં ચાર વિકેટ બાદ કે.એલ. રાહુલની અણનમ ૨૬ રનની નિર્ણાયક બેટિંગને સહારે ભારતે ન્યુઝીલેન્ડ સામેની બીજી વન ડેમાં ડકવર્થ-લુઈસના નિયમને સહારે ચાર રનથી રોમાંચક વિજય મેળવ્યો હતો. વરસાદની આવન-જાવન વચ્ચે રમાયેલી અને પુરી થયેલી બીજી વન ડેમાં ૪૭ ઓવરમાં ૧૩૫ના ટાર્ગેટનો પીછો કરતાં ભારતે ૨૬ ઓવરમાં ૧૧૩/૭ સ્કોર કર્યો હતો. આ સમયે વરસાદ તૂટી પડતાં રમત આગળ વધી શકી નહતી અને ડકવર્થ-લુઈસની ફોર્મ્યુલા અનુસાર ભારત રિવાઈઝ ટાર્ગેટ કરતાં ચાર રન આગળ હોવાથી વિજેતા બન્યું હતુ. ભારતે આ સાથે પાંચ વન ડેની શ્રેણીમાં ૨-૦થી સરસાઈ મેળવી લીધી હતી. હવે ૧૦મીને મંગળવારે ત્રીજી વન ડે રમાશે.

અગાઉ વરસાદના વિઘ્ન બાદ ૪૭-૪૭ ઓવરની વન ડે રમાડવાનો નિર્ણય લેવાયો હતો. મિચેલના ૫૫ની મદદથી મુશ્કેલ પીચ પર ન્યુઝીલેન્ડ ૪૧ ઓવરમાં ૧૩૪માં ઓલઆઉટ થયું હતુ. ભારત તરફથી શ્રેયસ ઐયરના ૩૦, રાહુલના ૨૬*અને રોહિતના ૨૩ રન પણ મુખ્ય હતા.

ભારતીય બેટસમેનોનો લડાયક દેખાવ

શરૂઆતના તબક્કામાં જીતવા માટેના ૪૭ ઓવરમાં ૧૩૫ના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલા ભારતે ગિલ (૦)-કોહલી(૭)ની વિકેટ ૧૭ રનમાં ગુમાવી હતી. રોહિત ૨૬, અક્ષર ૭ અને શ્રેયસ ૩૦ રન કરીને આઉટ થયાં ત્યારે સ્કોર ૮૬/૫ થયો હતો. રાહુલે ૩૮ બોલમાં બે ચોગ્ગા અને બે છગ્ગા સાથે અણનમ ૨૬ રન ફટકાર્યા હતા. ભારતે આખરી તબક્કામાં પાંચ બોલના ગાળામાં ધીર અને કંબોજની વિકેટ ગુમાવી હતી અને વરસાદના કારણે રમત અટકાવવામાં આવી ત્યારે ભારતનો સ્કોર ૨૬ ઓવરમાં ૧૧૩/૭ હતો અને આખરે ભારત ડકવર્થને સહારે ૪ રનથી વિજેતા બન્યું હતુ. ન્યુઝીલેન્ડ તરફથી જેમીસન અને ડફીએ ૩-૩ વિકેટ ઝડપી હતી.

ભારતના બોલરોનું પ્રભુત્વ : મિચેલની અડધી સદી

ભારતીય કેપ્ટન ગિલે ટોસ જીતીને પ્રથમ ન્યુઝીલેન્ડને બેટિંગમાં ઉતાર્યું હતુ. વરસાદના કારણે શરૂઆતમાં મેચ ૪૭-૪૭ ઓવરની કરવામાં આવી હતી. નાબીએ સેઈફર્ટ (૦) અને યંગ(૬)ની ઓપનિંગ જોડીને આઉટ કરી તે પછી કંબોજે નિકોલ્સ (૧૧)ને અને ગુરનૂરે એક જ ઓવરમાં લાથમ (૭)-ફિલિપ્સ (૦)ને પેવેલિયન ભેગા કરતાં યજમાન ટીમ ૫૩/૫ પર ફસડાઈ હતી. મિચેલે ૧૦૪ બોલમાં પાંચ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૫૫ રન ફટકાર્યા હતા. તેણે સાન્ટનર (૩૧) સાથે ૫૯ રનની ભાગીદારી કરી હતી.

૨૨ રનમાં આખરી પાંચ વિકેટ પડી

અક્ષરે મિચેલની વિકેટ ઝડપતાં ન્યુઝીલેન્ડની છઠ્ઠી વિકેટના સંઘર્ષનો અંત આવ્યો હતો. ન્યુઝીલેન્ડે તેની આખરી પાંચ વિકેટ માત્ર ૨૨ રનના ગાળામાં ગુમાવી હતી. એક તબક્કે ૧૧૨/પના સ્કોરથી તેઓ ૧૩૪માં ઓલઆઉટ થયા હતા. ગુરનૂરે ૩૦ રનમાં ચાર વિકેટ ઝડપી હતી. અક્ષરને ૨૮, કંબોજને ૨૫ અને નાબીને ૩૧ રનમા ૨-૨ વિકેટ મળી હતી.

ન્યુઝીલેન્ડ

	રનબોલ ૪ ૬
યંગ કો.રાહુલ બો.નાબી	૬ ૧૭ ૧ ૦
સેઈફર્ટ કો.કંબોજ બો.નાબી	૦ ૫ ૦ ૦
નિકોલ્સ બો.કંબોજ	૧૧ ૨૬ ૧ ૦
મિચેલ કો.કંબોજ બો.અક્ષર	૫૫ ૧૦૪ ૫ ૨
લાથમ કો.ધીર બો.ગુરનૂર	૭ ૨૨ ૦ ૦
ફિલિપ્સ કો.કંબોજ બો.ગુરનૂર	૦ ૪ ૦ ૦
સાન્ટનર કો.રાહુલ બો.ગુરનૂર	૩૧ ૩૮ ૧ ૨
સ્મિથ કો.રોહિત બો.ગુરનૂર	૩ ૯ ૦ ૦
જેમીસન બો.અક્ષર	૭ ૧૪ ૧ ૦
ટિકનેર બો.કંબોજ	૨ ૫ ૦ ૦
ડફી અણનમ	૧ ૩ ૦ ૦
વધારાના (લેગબાય ૨, બાય ૨, નોબોલ ૧, વાઈડ ૬)	૧૧
કુલ (૪૧ ઓવરમાં ઓલઆઉટ)	૧૩૪

વિકેટનો ક્રમ : ૧-૦ (સેઈફર્ટ ૧.૫), ૨-૧૧ (યંગ ૫.૪), ૩-૨૩ (નિકોલ્સ ૮.૪), ૪-૫૩ (લાથમ ૧૯.૨), ૫-૫૩ (ફિલિપ્સ ૧૯.૬), ૬-૧૧૨ (મિચેલ ૩૪.૬), ૭-૧૧૯ (સાન્ટનર ૩૫.૫), ૮-૧૨૭ (જેમીસન ૩૮.૨), ૯-૧૩૨ (નેથન સ્મિથ ૩૯.૫), ૧૦-૧૩૪ (ટિકનેર ૪૦.૬).

બોલિંગ : અર્શદીપ ૭-૧-૧૬-૦, ઔકિબ નાબી ૭-૦-૩૧-૨, અંશુલ કંબોજ ૮-૦-૨૫-૨, ગુરનૂર બ્રાર ૧૦-૨-૩૦-૪, અક્ષર પટેલ ૯-૧-૨૮-૨.

ભારત

	રનબોલ ૪ ૬
રોહિત કો.નિકોલ્સ બો.જેમીસન	૨૩ ૨૮ ૨ ૨
ગિલ કો.નિકોલ્સ બો.ડફી	૦ ૧ ૦ ૦
કોહલી કો.યંગ બો.ડફી	૭ ૭ ૧ ૦
શ્રેયસ ઐયર કો.લાથમ બો.જેમીસન	૩૦ ૪૬ ૪ ૧
અક્ષર કો.ડફી બો.ફિશર	૭ ૧૭ ૧ ૦
રાહુલ અણનમ	૨૬ ૩૮ ૨ ૨
ધીર કો.સેઈફર્ટ બો.ડફી	૧૨ ૧૬ ૨ ૦
કંબોજ કો.ડફી બો.જેમીસન	૧ ૩ ૦ ૦
નાબી અણનમ	૧ ૧ ૦ ૦
વધારાના (લેગબાય ૧, નોબોલ ૧, વાઈડ ૪)	૬
કુલ (૨૬ ઓવરમાં સાત વિકેટે)	૧૧૩


વિકેટનો ક્રમ : ૧-૪ (ગિલ ૧.૧), ૨-૧૭ (કોહલી ૩.૪), ૩-૩૯ (રોહિત ૮.૪), ૪-૪૭ (અક્ષર ૧૨.૫), ૫-૮૬ (શ્રેયસ ૧૯.૬), ૬-૧૦૮ (ધીર ૨૪.૪), ૭-૧૧૧ (કંબોજ ૨૫.૩).

બોલિંગ : જેમીસન ૧૦-૧-૩૫-૩, ડફી ૭-૧-૩૫-૩, નેથન સ્મિથ ૫-૧-૧૯-૦, ફિશર ૪-૦-૨૩-૧.

વરસાદે ૨૬ ઓવરમાં ૧૧૩/૭ સ્કોર પર ઈનિંગ અટકાવી ત્યારે ભારત ડકવર્થના ટાર્ગેટ કરતાં ચાર રન આગળ હતુ : કંબોજે બે વિકેટ ઝડપવાની સાથે ત્રણ કેચ ઝડપ્યા : ભારત પાંચ મેચની શ્રેણીમાં ૨-૦થી આગળ

૩૬ વર્ષના શમી વ્હાઈટ બોલ ક્રિકેટમાં કારકિર્દી આગળ ધપાવશે

ટેસ્ટ ટીમમાં કમબેક માટેના ત્રણ વર્ષના ઈંતજાર બાદ શમીની નિવૃત્તિ



શમીએ ૧૩ વર્ષની ટેસ્ટ કારકિર્દીમાં ૬૪ મેચમાં ૨૨૯ વિકેટ ઝડપી હતી

કોલકાતા, તા.૭

ભારતીય ટેસ્ટ ટીમમાં પુનરાગમન કરવા માટેના ત્રણ વર્ષના લાંબા ઈંતજાર બાદ આખરે ૩૬ વર્ષના ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ ક્રિકેટના સૌથી લાંબા ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી છે. શમીએ ૧૩ વર્ષની ટેસ્ટ કારકિર્દીમાં ૬૪ મેચમાં કુલ ૨૨૯ વિકેટ ઝડપી હતી અને બે અડધી સદી પણ ફટકારી હતી. તે છેલ્લે ૨૦૨૩માં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે રમ્યો હતો અને તે મેચમાં તેણે ચાર વિકેટ પણ ઝડપી હતી.

શમીએ સોશિયલ મીડિયામાં નિવૃત્તિની જાહેરાત કરતાં કહ્યું કે, જ્યારે પહેલીવાર હું ટીમ ઈન્ડિયાની વ્હાઈટ જર્સી પહેરીને રમવા ઉતર્યો, ત્યારે મારે મારા

ભારતીય ટેસ્ટ ઈતિહાસના સૌથી સફળ ફાસ્ટરો

બોલર	ટેસ્ટ	વિકેટ
કપિલ દેવ	૧૩૧	૪૩૪
ઈશાંત	૧૦૫	૩૧૧
ઝહીર ખાન	૦૯૨	૩૧૧
શ્રીનાથ	૦૬૭	૨૩૬
બુમરાહ	૦૫૨	૨૩૪
શમી	૦૬૪	૨૨૯

દેશ માટે કંઈક કરી બતાવવું હતુ. દરેક વિકેટની સાથે સાથે દરેક સંઘર્ષ, ઈજા અને કમબેકમાંથી મને કંઈકને કંઈક શીખવા મળ્યું હતુ. ટેસ્ટ એ માત્ર ફોર્મેટ નથી, મારી જિંદગીનો યાદગાર હિસ્સો છે. આજે હૃદયમાં ભાર અને અનેક સંસ્મરણો સાથે મેં ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહેવાનો નિર્ણય લીધો છે. મારી ટેસ્ટ કારકિર્દીનો છેલ્લો બોલ તો મેં ક્યારનોય નાંખી દીધો છે, પણ દેશ માટે રમવાનું ગૌરવ મારા હૃદયમાં કાયમ ધબકતું રહેશે. ભારતીય ટેસ્ટ ઈતિહાસના સૌથી સફળ ફાસ્ટ બોલરોમાં શમીએ પાંચમો ક્રમ મેળવ્યો હતો. તેણે ૨૦૧૪ અને ૨૦૨૧માં ઈંગ્લેન્ડની ભૂમિ પર અનુક્રમે ૧૧માં અને ૧૦માં ક્રમે બેટિંગમાં ઉતરીને અણનમ અડધી સદીઓ ફટકારી હતી અને તેમાંથી ભારતે એક મેચ ડ્રો કરી હતી અને એક મેચ જીતી હતી. અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિએ શમીને સતત નજરઅંદાજ કર્યો હતો. જોકે તે ઘરઆંગણાના ક્રિકેટમાં સાતત્ય સાથે પ્રભાવ પાડતો રહ્યો હતો. પસંદગીકારોની સતત ઉપેક્ષા બાદ આખરે તેણે ટેસ્ટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી.

શમીની ટેસ્ટ કારકિર્દી પર નજર

મેચ	ઓવર	રન-આપ્યા	વિકેટ	બેસ્ટ-ઈનિંગ	બેસ્ટ-મેચ	સરેરાશ	ઈકોનોમી
૬૪	૧૯૧૯.૧	૬૩૪૬	૨૨૯	૬/૫૬	૯/૧૧૮	૨૭.૭૧	૩.૩

અંડર-૧૯ એશિયા કપ : આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે વન ડે મુકાબલો

અલ-અમીરાત : અંડર-૧૯ એશિયા કપમાં આવતીકાલે ભારત અને પાકિસ્તાન વચ્ચે ગ્રૂપ સ્ટેજનો વન ડે મુકાબલો ખેલાવાનો છે, ત્યારે ચાહકોમાં આ મેચ અંગે ભારે ઈંતેજારી જોવા મળી રહી છે. ગત અંડર-૧૯ એશિયા કપની ફાઈનલની હારનો બદલો લેવાની યુવા ટીમ ઈન્ડિયાને તક છે. વધુમાં આવતીકાલે ભારત અને પાકિસ્તાનની મેચમાં વિજેતા બનનારી ટીમ સેમિ ફાઈનલમાં સ્થાન નિશ્ચિત કરશે. મેચનો

સવારે ૧૦.૦૦થી મેચ

પ્રારંભ સવારે ૧૦.૦૦ વાગ્યાથી થશે.

ભારતની અંડર-૧૯ ટીમે ટુર્નામેન્ટમાં વિજયી શુભારંભ કર્યો હતો અને નેપાળ સામે ૧૦ વિકેટની જીત હાંસલ કરી હતી. જ્યારે પાકિસ્તાનની અંડર-૧૯ ટીમે યુએઈ સામે નવ વિકેટથી વિજય મેળવ્યો હતો. ભારતને પાકિસ્તાન બાદ આખરી લીગ મેચમાં યુએઈ સામે રમવાનું છે. જ્યારે પાકિસ્તાનને પણ નેપાળ સામે રમવાનું છે, ત્યારે બંને ટીમ આગેકૂચ આવતીકાલે જ સુનિશ્ચિત કરવાના ઈરાદા સાથે ઉતરશે.

આઈપીએલ : મુંબઈ અને પંજાબ વચ્ચેનો ટ્રેડ અંતિમ તબક્કામાં

હાર્દિક પંજાબ કિંગ્સમાં અને અર્ષદીપ મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાય તેવી શક્યતા પ્રબળ





નવી દિલ્હી, તા.૭

હાર્દિક પંડ્યા પંજાબ કિંગ્સમાં અને અર્ષદીપ સિંઘ મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાય તેની શક્યતા પ્રબળ બની છે. ભારતીય ક્રિકેટ જગતમાં ચાલી રહેલી અટકળો અનુસાર મુંબઈ ઈન્ડિયન્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે હાર્દિક અને અર્ષદીપનો ટ્રેડ થશે તે લગભગ નક્કી થઈ ચૂક્યું છે. જો આ ટ્રેડ થઈ જશે તો મુંબઈ ઈન્ડિયન્સની ટીમને આગામી સિઝનમાં નવો કેપ્ટન મળશે. જ્યારે પંજાબ કિંગ્સમાં હાર્દિકને શ્રેયસની કેપ્ટન્સી હેઠળ રમવું પડે તેવી શક્યતા છે.

એક મીડિયા રિપોર્ટમાં જણાવ્યા અનુસાર હાર્દિક અને અર્ષદીપના ટ્રેડ અંગેની પ્રક્રિયા હવે અંતિમ તબક્કામાં પ્રવેશી ચૂકી છે. એક વખત ફ્રેન્ચાઈઝીઓ ટ્રેડની શરતો માટે સહમત થઈ જાય તે પછી ૨૪ કલાકમાં ખેલાડીઓની લેખિત મંજુરી લેવી જરુરી હોય છે. ખેલાડીઓની લેખિત મંજૂરી બાદ બંને ફ્રેન્ચાઈઝી વચ્ચે અંતિમ તબક્કાની વાટાઘાટો થશે અને આખરે આઈપીએલ તે ટ્રેડ પર મંજૂરીની મહોર મારશે. વર્ષ ૨૦૨૪ની આઈપીએલ પહેલા જ ગુજરાત ટાઈટન્સ છોડીને હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાયો હતો.

હાર્દિક સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં નહીં રમે

નવી દિલ્હી : હાર્દિક પંડ્યા ઘરઆંગણાની પ્રીમિયર ટી-૨૦ ટુર્નામેન્ટ સૈયદ મુસ્તાક અલી ટ્રોફીમાં રમવાનો નથી. તેને બરોડાની ટીમમાં સ્થાન અપાયું નથી. સૈયદ મુસ્તાક અલી ટ્રોફી ૧૪મી નવેમ્બરથી શરૂ થઈ રહી છે. બરોડાની ટીમ : કૃણાલ પંડ્યા (કેપ્ટન), અતીત શેઠ (વાઈસ કેપ્ટન), દીપક હૂડા, શિવાલિક શર્મા, શાશ્વત રાવત, અમિત પાસ્સી (વિ.કી.), જીતેશ શર્મા (વિ.કી.), ભાનુ પાનિયા, મહેશ પિઠિયા, પરિક્ષિત પટેલ, હેમંત પુન્ધે, રાજ લિંબાણી, રસિક દાર, ધ્રુવ પટેલ અને સફવાન પટેલ.

૨૦૧૮ના 'સેન્ડપેપર' વિવાદમાં ખ્વાજાના નિવેદનથી ખળભળાટ

સાઉથ આફ્રિકા સામે બોલ જોડે ચેડા કરવાના કૌભાંડમાં ઓસ્ટ્રેલિયાની આખી ટીમ સંડોવાયેલી હતી





ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઓપનર ખ્વાજાએ તેના પુસ્તકમાં લખ્યું છે કે 'બોલને કાચ કાગળથી ઘસવાનો નિર્ણય ટીમ મિટિંગમાં લેવાયેલો'

સીડની, તા. ૭

ઓસ્ટ્રેલિયાએ ૨૦૧૮ના સાઉથ આફ્રિકા પ્રવાસની ટેસ્ટની ત્રીજી ટેસ્ટમાં કાચ કાગળ (સેન્ડપેપર) ઘસીને બોલ સાથે ચેડાં કર્યા હતા. આ મામલે રંગે હાથે ઝડપાયેલા બેનક્રોફ્ટની સાથે તત્કાલીન કેપ્ટન સ્મિથ અને વાઈસ કેપ્ટન વોર્નરને સજા થઈ હતી. હવે ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઓપનર ખ્વાજાએ સનસનાટીભર્યો દાવો કર્યો છે કે દક્ષિણ આફ્રિકા સામેની કેપટાઉન ટેસ્ટમાં બોલ સાથે ચેડાં કરવા માટે કાચ કાગળ (સેન્ડપેપર)નો ઉપયોગ થઈ રહ્યો હતો તેની જાણ માત્ર સ્ટીવ સ્મિથ, વોર્નર અને બેનક્રોફ્ટને જ નહોતી, પરંતુ સમગ્ર ઓસ્ટ્રેલિયન ટીમને હતી. આ અંગે ટીમ મિટિંગમાં ખુલ્લેઆમ ચર્ચા થઈ હતી.

મીડિયાને મુલાકાત

ખ્વાજાએ 'ધ સિડની મોર્નિંગ હેરાલ્ડ'ને આપેલી મુલાકાતમાં અને પોતાના આગામી આત્મકથાત્મક પુસ્તકમાં આ ઘટસ્ફોટ કર્યો છે કે કૌભાંડમાં આખી ટીમ સામેલ હતી. માત્ર બેટ્સમેન, બોલર્સ કે સપોર્ટ સ્ટાફની વાત નહોતી, પરંતુ ટીમના તમામ સભ્યોની જાણ હતી અને તેમની સહમતી હતી.

ખ્વાજાએ જણાવ્યું કે પોર્ટ એલિઝાબેથના સેન્ટ જ્યોર્જ પાર્ક માં રમાયેલી બીજી ટેસ્ટ વખતે જ ટીમના ડ્રેસિંગ રૂમમાં બોલને ખરબચડો બનાવવા અંગે ખુલ્લેઆમ ચર્ચાઓ થઈ હતી. આ ચર્ચામાં સેન્ડપેપરનો ઉપયોગ પણ સામેલ હતો. તેમના પુસ્તકના અંશોમાં એવો ઉલ્લેખ છે કે આ ટેસ્ટ દરમિયાન ઓસ્ટ્રેલિયન ટીમને બોલની સપાટી ખરબચડી બનાવવા માટે સેન્ડપેપર એક અસરકારક સાધન બની શકે છે તે સમજાયું હતું.

ટીવી પ્રસારણમાં કૌભાંડ પકડાયું

ખ્વાજાના જણાવ્યા પ્રમાણે, આ ચર્ચાઓ દરમિયાન તત્કાલીન કેપ્ટન સ્ટીવ સ્મિથે પોતાને આ બાબતથી અજાણ હોવાનો દાવો કર્યો હતો. જોકે મેચના જીવંત પ્રસારણ દરમ્યાન બેનક્રોફ્ટ બોલ સાથે ચેડાં કરતો રંગે હાથ ઝડપાતા ભારે હોબાળો મચ્યો હતો. ઓસ્ટ્રેલિયન ક્રિકેટની છબી અને ખેલદિલી અંગે આંતરરાષ્ટ્રીય સ્તરે સવાલો ઊભા થયા હતા. તત્કાલીન કેપ્ટન સ્ટીવ સ્મિથે સ્વીકાર્યું હતું કે ટીમના લીડરશિપ ગ્રૂપે બોલ સાથે ચેડાં કરવાની યોજના બનાવી હતી. આ ઘટના બાદ સ્મિથ, વાઈસ કેપ્ટન ડેવિડ વોર્નર અને બેનક્રોફ્ટ સામે કાર્યવાહી થઈ હતી. સ્મિથ અને વોર્નરને ૧૨ મહિના માટે ક્રિકેટમાંથી પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા, જ્યારે બેનક્રોફ્ટને નવ મહિનાનો પ્રતિબંધ થયો હતો. સ્મિથને વધારાના ૧૨ મહિના માટે નેતૃત્વની જવાબદારીથી પણ દૂર રાખવામાં આવ્યો હતો. વોર્નર પર લાંબા સમય સુધી કેપ્ટન્સીનો પ્રતિબંધ મૂકાયો હતો, જે ૨૦૨૪માં હટાવવામાં આવ્યો હતો.

તપાસ સમિતીએ તત્કાલિન કેપ્ટન સ્મિથ, વોર્નર અને બેનક્રોફ્ટ પર જ સજા જાહેર કરી હતી

સ્ટાર બોલરોની વાત

ખ્વાજાના તાજેતરના દાવા બાદ કમિન્સ, સ્ટાર્ક, હેઝલવુડ જેવા ઓસ્ટ્રેલિયાના ચાર અગ્રણી બોલર્સ તે ટીમમાં હોઈ કૌભાંડમાં સામેલ હતા તો હવે તેઓ પર શું કાર્યવાહી થઈ શકે તેવી ચર્ચા શરૂ થઈ છે. ૨૦૨૧માં આ ચારેય બોલર્સે સંયુક્ત નિવેદન આપીને બોલ સાથે ચેડાં કરવાની ઘટના અંગે કોઈ જાણકારી હોવાનો ઈનકાર કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે મેદાન પર કોઈ બાહ્ય પદાર્થનો ઉપયોગ કરીને બોલની સ્થિતિ બદલવામાં આવી રહી છે તેની જાણ તેમને ટેલિવિઝનના મોટા પડદા પર દ્રશ્યો જોયા બાદ જ થઈ હતી. તેમણે એવી પણ દલીલ કરી હતી કે માત્ર બોલર્સ હોવાને કારણે તેમને આ કાવતરાની જાણ હોવી જ જોઈએ એવું માનવું યોગ્ય નથી.

વિરોધાભાસ સર્જાયો

ખ્વાજાના નવા દાવા અને ખેલાડીઓના અગાઉના નિવેદનો વચ્ચે સીધો વિરોધાભાસ ઊભો થયો છે. જોકે, ખ્વાજાએ પોતાના નિવેદનમાં કોઈ એક ખેલાડી પર આંગળી નથી ચીંધી.

ખ્વાજાના જણાવ્યા પ્રમાણે, તેમણે ત્યારે જ કહ્યું હતું કે આપણે આ બધું એક ટીમ તરીકે કર્યું છે અને તેની જવાબદારી પણ ટીમ તરીકે જ લેવી જોઈએ. પરંતુ એવું થયું નહીં અને અંતે ત્રણ ખેલાડીઓને જ ભારે કિંમત ચૂકવવી પડી. ખ્વાજાએ કહ્યું કે તેઓ આઠ વર્ષ સુધી આશા રાખતા હતા કે કોઈક દિવસ આ ઘટનાની સંપૂર્ણ હકીકત બહાર આવશે. તેમને લાગતું હતું કે વોર્નર અથવા અન્ય કોઈ ખેલાડી આ અંગે વધુ ખુલાસો કરશે. પરંતુ લાંબા સમય સુધી કોઈ આગળ ન આવ્યું એટલે હવે પોતે વાત કરવાનું નક્કી કર્યું.

વિન્ડિઝના ૩૫૬ : બાંગ્લાદેશના પ્રથમ ઈનિંગમાં ૩૮૬

હૃદોયના રેકોર્ડબ્રેકિંગ ૨૪૨*: બીજી ટેસ્ટમાં બાંગ્લાદેશની લડાયક બેટિંગ



સિલ્હત : તૌહિદ હૃદોયે કારકિર્દીનો યાદગાર દેખાવ કરતાં રેકોર્ડ બ્રેકિંગ ૨૪૨ રન અણનમ રહીને ફટકાર્યા હતા અને બાંગ્લાદેશની ટીમને વિન્ડિઝ સામેની શ્રેણીની બીજી ટેસ્ટમાં બરોબરીની સ્થિતિમાં લાવી દીધી હતી. વિન્ડિઝના ૩૫૬ સામે એક તબક્કે ૧૮૪/૭ પર ફસડાયેલા બાંગ્લાદેશે હૃદોયના ૨૨ ચોગ્ગા અને ૧૧ છગ્ગા સાથે ૩૫૯ બોલમાં ૨૪૨*ને સહારે પ્રથમ ઈનિંગમાં ૩૮૬ રન ખડક્યા હતા અને ૩૦ રનની સરસાઈ મેળવી હતી.

વિન્ડિઝના ૩૫૬ સામે બાંગ્લાદેશે આજે ત્રીજા દિવસે સવારે ૮૮/૩થી આગળ રમવાનું શરૂ કર્યું હતુ અને તેઓ ૧૮૪/૭ પર ફસડાયા હતા. હૃદોયે તાઈજુલ (૨૨) સાથે આઠમી વિકેટમાં ૧૧૭ રન અને તસ્કીન (૧૨) સાથે ૯મી વિકેટમાં ૮૫ રન જોડ્યા હતા. ઈજાગ્રસ્ત હોવાથી સાદમાન બેટિંગમાં ઉતર્યો નહતો.

હૃદોયની રેકોર્ડ બુકમાં એન્ટ્રી

* બેવડી સદી ફટકારનારો રહીમ, તમીમ અને શાકિબ પછીનો ચોથો બાંગ્લાદેશી બેટ્સમેન. * તેણે ૨૪૨*ના સ્કોર સાથે બાંગ્લાદેશ તરફથી સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોરનો રહીમનો (૨૧૯*) રેકોર્ડ તોડ્યો. * ઈનિંગમાં ૧૧ છગ્ગા ફટકાર્યા, તે ઈનિંગમાં સૌથી વધુ છગ્ગાના વસીમ અકરમ અને યશસ્વી જયસ્વાલના વર્લ્ડ રેકોર્ડથી એક છગ્ગો પાછળ રહ્યો. * તેણે ત્રીજા દિવસની રમતમાં ૨૧૩ રન નોંધાવીને બાંગ્લાદેશ તરફથીએક દિવસમાં સૌથીવધુ ૨૧૨ રન નોંધાવવાનો શાકિબનો (વિ.ન્યુઝીલેન્ડ, વેલિંગ્ટન, ૨૦૧૭) રેકોર્ડ તોડ્યો.

બાંગ્લાદેશનો સ્કોર એક તબક્કે સાત વિકેટે ૧૮૪ હતો

શેલ્ટન અને અલકારાઝ વચ્ચે પેરિસ માસ્ટર્સની ફાઈનલ રમાશે



પેરિસ : સ્પેનના સેકન્ડ સીડ ટેનિસ ખેલાડી અલકારાઝેસીધા શેટોમાં ૬-૪, ૬-૪થી નોર્વેના રુડને હરાવી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. હવે તે જશેલ્ટન સામે ટકરાશે. અમેરિકાના યુવા ખેલાડી શેલ્ટને ભારે સંઘર્ષ બાદ ૫-૭, ૬-૩, ૬-૪થી ફ્રાન્સના ૪૭માં ક્રમાંકિત લુકા વાન એંશેને હરાવીને પેરિસ માસ્ટર્સ ટેનિસ ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો હતો. અગાઉ અલકારાઝેબે મેચ પોઈન્ટ બચાવતા અમેરિકાના ફ્રિટ્ઝને ૬-૭(૧૦-૧૨), ૭-૫, ૬-૩થી મહાત આપીને આગે કૂચ કરી હતી.

જયસ્વાલના ૧૦૨ : ન્યુઝીલેન્ડ 'એ' સામે ભારત 'એ'ના બે વિકેટે ૨૨૭



લિંકન : ભારત 'એ' ટીમે યજમાન ન્યૂઝીલેન્ડ 'એ' સામેની ત્રીજી અને અંતિમ અનૌપચારિક ટેસ્ટ મેચના પ્રથમ દિવસે બે વિકેટે ૨૨૭ રન કર્યા હતા. ઓપનર જયસ્વાલે સતત બીજી સદી ફટકારી હતી. તેણે ૧૩૮ બોલમાં ૧૬ ચોગ્ગા અને બે છગ્ગા સાથે ૧૦૨ રન નોંધાવ્યા હતાં. અગાઉની બીજી મેચની બીજી ઈનિંગમાં જયસ્વાલે ૧૫૫* રન કર્યા હતા.

અગાઉ ન્યૂઝીલેન્ડ 'એ' ટીમે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. જયસ્વાલ અને સાઇ સુદર્શનની જોડીએ પ્રથમ વિકેટ માટે ૧૭૫ રનની મજબૂત ભાગીદારી નોંધાવી હતી. સાઇ સુદર્શને પણ જવાબદારીપૂર્વક બેટિંગ કરી હતી. તે રમતના અંતે ૭૭ રને રમતમાં છે. સામે છેડે કેપ્ટન જુરેલ ૧૨ રને રમતમાં છે. પડીક્કલ ૧૫ રને આઉટ થયો હતો.

વિશ્વના ૧૫થી વધુ દેશોમાં ડેટા સેન્ટર્સનો વિરોધ



સ્કોટલેન્ડ



ઈટાલી



વોશિંગ્ટન



ન્યૂયોર્ક



આઈલેન્ડ

આઈલેન્ડમાં મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ એકત્ર થયા હતા. તેમણે ડેટા સેન્ટર્સને લઈને સરકારને ઘેરી. સરકારને કહ્યું કે, નો મોર ડેટા સેન્ટર્સ. ઉલ્લેખનીય છે કે, આઈલેન્ડમાં વિશ્વના સૌથી વધુ ડેટા સેન્ટર્સ આવેલા છે. ૧૦૦થી વધુ ડેટા સેન્ટર્સ આઈલેન્ડની રાજધાનીમાં જ છે. આ વચ્ચે ડેટા સેન્ટરની આડઅસરો જોવા મળી રહી છે. જેમ કે, દેશમાં વીજળીના દરોમાં ધરખમ વધારો થયો છે કારણ કે, દેશની ૨૮ ટકા જેટલી વીજળી તો ડેટા સેન્ટર્સ ખાઈ રહ્યા છે. આ ઉપરાંત હાઉસિંગના રેટ્સમાં પણ વધારો થયો છે. આઈલેન્ડ પહેલો અને છેલ્લો દેશ નથી જ્યાં, ડેટા સેન્ટર્સનો વિરોધ થઈ રહ્યો છે. યુરોપમાં તો એક કેમ્પેઈન ચાલી રહ્યું છે. સ્ટોપ ધ ડર્ટી ડેટા સેન્ટર્સ કેમ્પેઈન હેઠળ ૧૫ જેટલા યુરોપિયન દેશોમાં ડેટા સેન્ટર્સનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ સિવાય એઆઈના જનક એવા અમેરિકામાં પણ ડેટા સેન્ટર્સનો વિરોધ થઈ રહ્યો છે. આ દેશોની જનતા ડેટા સેન્ટર્સને અન્ય દેશોમાં તગેડવાની ગતિવિધી કરી રહી છે. અને બીજી તરફ, ભારતના નેતાઓ ડેટા સેન્ટર્સને ભારત લાવવા માટે મથી રહ્યા છે. મોટા ઉદ્યોગપતિઓને ડેટા સેન્ટરો તૈયાર કરવા માટે પ્રેરવામાં આવી રહ્યા છે. જેમ, અન્ય દેશોમાં થયું તેવું ભારતમાં થશે. કદાચ તેનાથી પણ વધુ ભયાવહ. ભારતમાં વીજળીના ભાવમાં ધરખમ વધારો થશે. પાણીનું સંકટ ઊભું થશે. આપણે વિચારવું પડશે કે, આ ડેટા સેન્ટર્સને અન્ય દેશોમાંથી કેમ ખસેડવાની કામગીરી કરવામાં આવી રહી છે. વિકાસના નામે અવિચારી નિર્ણયો ભારે પડી શકે છે.

પેટ્રોલમાં ૩૧ ટકા ઈથેનોલનો દાવો કરનારા લેબ રિપોર્ટ સામે સવાલ

કર્ણાટક સરકારની ઈ-૨૦ પેટ્રોલની તપાસની પદ્ધતિ ખોટી : કેન્દ્રનો દાવો

નવી દિલ્હી, તા.૭

સરકારી ઓઈલ કંપનીઓ દ્વારા પેટ્રોલમાં ઈ-૨૦ની જગ્યાએ ૩૧ ટકા ઈથેનોલની ભેળસેળ કરવામાં આવતી હોવાના કર્ણાટક સરકારના દાવાને ઓઈલ કંપનીઓ અને કેન્દ્ર સરકારે ફગાવી દીધો છે. તેમણે કર્ણાટક સરકારની લેબ દ્વારા કરાયેલી તપાસ સામે સવાલ ઉઠાવ્યા છે. કર્ણાટક સરકારના લેબ રિપોર્ટ કાયદાકીય અને ટેકનિકલ પ્રક્રિયાઓને અનુરૂપ કરાયેલા પરિક્ષણો પર આધારિત નથી. બીજીબાજુ રાહુલ ગાંધીએ વોટ ચોરી પછી હવે કેન્દ્ર સરકાર પર જનતાની કારોમાંથી પેટ્રોલ ચોરી કરવાનો આક્ષેપ કર્યો હતો.

ચૂંટણીમાં વોટ ચોરી કરનારી મોદી સરકાર હવે જનતાની કારોમાંથી પેટ્રોલની ચોરી કરે છે : રાહુલ ગાંધીનો આક્ષેપ

કર્ણાટક સરકારે રાજ્યમાંથી કેટલાક પેટ્રોલ પંપો પર પેટ્રોલમાં ૨૦ ટકાના સત્તાવાર મિશ્રણના બદલે ૩૧ ટકાથી વધુ ઈથેનોલ મળી આવ્યું હોવાનો દાવો કર્યો હતો. આ મુદ્દે પ્રતિક્રિયા આપતા કેન્દ્ર સરકારે શનિવારે આ આક્ષેપોને નકારી કાઢ્યા હતા.

કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયે સ્પષ્ટ કર્યું કે, સમગ્ર દેશમાં ચાલી રહેલા ગુણવત્તા તપાસ અભિયાન હેઠળ કર્ણાટકમાંથી લેવાયેલા બધા જ ૫૬ સેમ્પલ નિશ્ચિત માપદંડો પર ખરા ઉતર્યા છે.

સરકારી ઓઈલ કંપનીઓએ જણાવ્યું કે, સમગ્ર દેશના ૨૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી કુલ ૮૯૩ સેમ્પલ લેવાયા હતા અને તે બધા જ ગુણવત્તાના માપદંડ પર યોગ્ય જણાયા છે. કર્ણાટકના ૫૬ સેમ્પલોમાં પણ ઈથેનોલની માત્રા ૧૯ ટકાથી ૨૦ ટકા વચ્ચે મળી જણાઈ છે.

તેમણે કર્ણાટકની લેબ દ્વારા કરાયેલી તપાસ સામે સવાલ ઉઠાવતા કહ્યું કે, લેબ દ્વારા જે પદ્ધતિ અપનાવાઈ છે તે કાયદાકીય અને ટેકનિકલ પ્રક્રિયાઓ મુજબ નહોતી. કર્ણાટક સરકારે લેબ ટેસ્ટના સેમ્પલિંગ સહિતની સંપૂર્ણ વિગતો જાહેર કરી નથી. વધુમાં ઓક્ટોબરમાં સેમ્પલ લેવાયા ત્યારે કંપનીઓના પ્રતિનિધિઓ હાજર નહોતા. બીજીબાજુ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ઈ-૨૦ પેટ્રોલ મુદ્દે કર્ણાટક સરકારના આક્ષેપોનું સમર્થન કરતા કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢી હતી. રાહુલ ગાંધીએ એક્સ પર લખ્યું, મોદી સરકાર ૨૦ ટકા ઈથેનોલવાળા પેટ્રોલ એટલે કે ઈ-૨૦ની વાત કરે છે. મોદી સરકાર હવે જનતાની કારોમાંથી પેટ્રોલની પણ ચોરી કરે છે.

અમેરિકન કોંગ્રેસે સીઈઓ હુઆંગનો ખુલાસો માગ્યો

એનવીડિયાના હુઆંગને ચીની 'જાસૂસ' એલીસ સાથે રોમેન્ટિક સંબંધો હતા

વોશિંગ્ટન, તા.૭

અમેરિકાની ટોચની ટેક્નોલોજી કંપની એનવીડિયાના સીઈઓ જેન્સેન હુઆંગની ગર્લફ્રેન્ડ એલિસ હુઆંગ ચીનની જાસૂસ છે અને જેન્સેન હુઆંગ પાસેથી માહિતી એકત્ર કરવા માટે એલિસની ભરતી કરાઈ હોવાનો અમેરિકન ગુપ્તચર વિભાગના અધિકારીઓએ દાવો કર્યો હતો. એલિસ હુઆંગે અમેરિકન એઆઈની માહિતી ચીન પહોંચાડી હોવાનો પણ દાવો કરવામાં આવી રહ્યો છે. આ મુદ્દે અમેરિકન કોંગ્રેસે જેન્સેન હુઆંગ પાસેથી ખુલાસો માગ્યો છે.

અમેરિકન મીડિયામાં જેન્સેન હુઆંગ અને એલિસ હુઆંગની એક પાર્ટીની તસવીર પણ પ્રકાશિત થઈ

અમેરિકન ગુપ્તચર વિભાગના અધિકારીઓના એક મેમોમાં એનવીડિયાના સીઈઓ જેન્સેન હુઆંગ અને ડેટા સેન્ટર કંપની મેગાસ્પીડનાં મહિલા અધિકારી એલિસ હુઆંગ વચ્ચે પ્રેમ સંબંધ હોવાનો ઉલ્લેખ છે તેમ અમેરિકન મીડિયાના અહેવાલોમાં જણાવાયું છે.

અમેરિકન ગુપ્તચર વિભાગનું માનવું છે કે એલિસ હુઆંગની ચીનની જાસૂસી એજન્સીએ ભરતી કરી હતી. જોકે, એનવીડિયાએ આ મેમો અંગે કોઈ ટીપ્પણી કરી નથી જ્યારે બેઈજિંગે આ બાબતના મૂળ બનેલા રિપોર્ટને નિરાધાર ગણાવી નકારી કાઢ્યો છે.

બીજીબાજુ અમેરિકન સાંસદોએ પણ



જેન્સેન હુઆંગને ચીન સાથે સંકળાયેલા જાસૂસી અભિયાન અને ચીપની દાણચોરીના આરોપો અંગે સવાલો માટે સમન પાઠવ્યું છે. મીડિયા રિપોર્ટ મુજબ અમેરિકન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અંગે વધુ વિગતો તફડાવવા માટે ચીનના સ્ટેટ સિક્યોરિટી મંત્રાલયે એલિસ હુઆંગની ભરતી કરી હતી. કેલિફોર્નિયાના સાંતા ક્લારામાં મુખ્યાલય ધરાવતી એનવીડિયા એવા ગ્રાફિક પ્રોસેસર બનાવે છે જેના પર દુનિયાનું મોટાભાગનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ચાલે છે જ્યારે મેગાસ્પીડ સિંગાપુરની કંપની છે, જે એનવીડિયાની ચીપ્સ ખરીદીને ડેટા સેન્ટર ચલાવે છે.

એટલે કે એવા કમ્પ્યુટિંગ કેન્દ્ર જે ગ્રાહકોને પ્રોસેસિંગ ક્ષમતા ભાડે આપે છે.

૧૯૬૬ પછી પહેલી વખત ડેમોક્રેટ્સનો કોંગ્રેસ પર કબજો

એરિઝોનામાં ડેમોક્રેટ્સે રિપબ્લિકન પાસેથી ગૃહ-સેનેટ બંને છીનવ્યા

વોશિંગ્ટન,તા.૭

એરિઝોનામાં ડેમોક્રેટ્સે હાઉસ અને સેનેટ બંનેનો અંકુશ ૧૯૬૬ પછી પહેલી વખત મેળવ્યો છે. આમ યુએસ મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટ્સની વિજયકૂચ હજી પણ જારી છે.

ડેમોક્રેટ્સે રિપબ્લિકન પાસેથી કુલ છ રાજ્યોમાં હાઉસ અને સેનેટનું નિયંત્રણ મેળવ્યું

ડેમોક્રેટ્સે ગયા સપ્તાહે યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસની બંને ચેમ્બરનો કબ્જો લઈ લીધો હતો. પહેલી ડર્મમાં ડેમોક્રેટિક ગવર્નર કેટી હોબ્સે રિપબ્લિકન આગેવાની હેઠળની વિધાનસભાએ પસાર કરેલા કાયદા સામે ૫૪૦થી પણ વધુ વખત વીટોનો ઉપયોગ કર્યો હતો.

તેમા ટેક્સીસ, ઈમિગ્રેશન અને વોટિંગના કાયદાનો સમાવેશ થાય છે. હોબ્સે જણાવ્યું હતું કે તે પાણીને લગતી તકલીફોની સમીક્ષા કરી રહી છે અને પોષણક્ષમતા પર ભાર મૂકી રહી છે. તેની સાથે રાજ્યની સ્કૂલોના વાઉચર પરોગ્રામાં ચાલતાના પર્દાફાશની કિંમત પણ ચૂકવવી પડી છે.

એરિઝોનોમાં રિપબ્લિકન પાસે ૬૦ વર્ષથી ગૃહ હતુ અને ૧૯૯૦થી સેનેટ હતી. આમ ડેમોક્રેટ્સે રિપબ્લિકન પાસેથી ગૃહ અને સેનેટ બંને છીનવી લીધી. ડેમોક્રેટ્સે ફક્ત એરિઝોના જ નહીં આવા બીજા પાંચ એમ કુલ છ રાજ્ય મિશિગન, મિનેસોટા, પેન્સિલ્વેનિયા, નેવાડા અને વિસ્કોન્સિનમાં પણ હાઉસ અને સેનેટ કબ્જે કરી છે.

હરિયાણાના ફરીદાબાદની ચર્ચાસ્પદ ઘટના


સિંગાપોરથી ભાણિયાના લગ્ન માટે આવેલા પરમજીતની પાર્કિંગ વિવાદમાં હત્યા

નવી દિલ્હી,તા.૭

હરિયાણાના ફરીદાબાદમાં સેક્ટર ૨૧-સીમાં બે દિવસ પહેલા ધનતેરસની રાત્રે પાર્કિંગમાં ગાડી ઊભી કરવાના વિવાદનેલઈને થયેલા વિવાદમાં એક વ્યક્તિની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. મૃતકની ઓળખ પરમજીત ધનકડ તરીકે થઈ છે. તે બે દિવસ પહેલા જ સિંગાપોરથી ભારત આવ્યો હતો.

આ બનાવ પછી આરોપી કુટુંબ સાથે ફરાર થઈ ગયો હતો, પરંતુ ક્રાઈમ બ્રાન્ચ સેક્ટર ૩૦ની ટીમે આરોપીની ધરપકડ કરી છે. આરોપ છે કે પડોશમાં રહેતા મોહન ઉર્ફે મોનુ શર્માએ પોતાના લાઈસન્સવાળી પિસ્તોલથી લગભગ ૧૫થી ૧૬ રાઉન્ડ ફાયરિંગ કરી. તેમાથી ૮થી ૯ ગોળી પરમજીતને લાગી. તેનાથી તેનું મોત થતાં આખા વિસ્તારમાં સનસનાટી ફેલાઈ ગઈ હતી.

પરમજીત પહેલા માળે તેની પત્ની, બાળક અને પુત્રી સાથે રહેતો હતો. તે મલ્ટીનેશનલ કંપનીમાં કાર્યરત હતો અને કામને લઈને સિંગાપોર જ રહેતો હતો. બે દિવસ પહેલા ભાણિયાના લગ્નમાં હાજર થવા તે ફરીદાબાદ પરત ફર્યો હતો. ૨૪ નવેમ્બરે તેના ભાણિયાના લગ્ન હતા. પરમજીત મૂળ હિસારનો રહેવાસી હતો.



આ અંગે કહેવાય છે કે લગભગ રાત્રે આઠ વાગે પરમજીત જિમ કરી ઘરે પરત ફર્યા હતા. આ દરમિયાન પાર્કિંગને લઈને ત્રીજા માળ પર રહેતા મોહન ઉર્ફે મોનુ શર્મા સાથે તેનો વિવાદ થયો. આરોપ છે કે વિવાદ વધવા પર મોનુએ તેના પર ફાયરિંગ શરૂ કરી દીધી. પોલીસના જણાવ્યા મુજબ બંને કુટુંબ વચ્ચે પહેલા વિવાદ થતો રહેતો હતો.

છત્તીસગઢમાંથી માઓવાદીઓના ૯૦૦થી વધુ વિસ્ફોટકો જપ્ત

(પીટીઆઈ) બિજાપુર,તા.૭

માઓવાદીઓએ છત્તીસગઢના બિજાપુર જિલ્લામાં ભૂતકાળમાં સંતાડેલા વિસ્ફોટકોમાં વપરાયેલા ૯૦૦થી વધુ ડિટોનેટર અને અન્ય પદાર્થોનો મોટો જથ્થો સુરક્ષા દળોએ જપ્ત કર્યો છે.

સીઆરપીએફના કોબ્રા એકમની ૨૦૪મી બટાલિયને પૂરી પાડેલી માહિતીના આધારે જવાનોની સંયુક્ત ટીમે શુક્રવારે પૂજારિકાન્કેર પાસેના વન વિસ્તારના ભૂગર્ભમાં દાટેલી ઉપરોક્ત વિનાશક વસ્તુઓ શોધી કાઢી હતી. ગુરૂવારે જિલ્લામાંથી ૭૧૧ બીએલજી શેલ મળી આવ્યા હતા.

દળોએ ૪૫૫ વિદ્યુત વિસ્ફોટકો ૫૦૦ બિન-વિદ્યુત વિસ્ફોટકો, બે મલ્ટિમીટર, બે રેડિયોસેટ બેટરી ચાર્જર કપ, બે કોપર પ્રોટોટાઈપિંગ બોર્ડ, મલ્ટિ - યુએસબી પોર્ટ કાર્ડ રીડર, મોબાઈલ ચાર્જર, લેપટોપ એડેપ્ટર, ૧૨ વી એફએમ/ એએમ રિટ્રેક્ટેબલ પાવર એન્ટેના, ટેલિસ્કોપિક એન્ટેના અને નકસલી સાહિત્ય સહિત વિસ્ફોટકો તથા ઈલેક્ટ્રોનિક સાધનોમાં વપરાયેલા ભાગોનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો.

કેન્દ્ર સરકારે છત્તીસગઢને ગઈ ૩૧ માર્ચે સશસ્ત્ર માઓવાદીઓ વિનાનો પ્રદેશ જાહેર કર્યો છે.

ચીનની સરહદ નજીક લદાખના ન્યોમા એરફિલ્ડમાં ઉતરાણ

ભારતના પરિવહન વિમાનનું ૧૩,૨૬૯ ફૂટની ઊંચાઈએ સફળ લેન્ડિંગ કરાયું

લદાખ-નવી દિલ્હી, તા.૭

ભારતીય હવાઈદળના આઈએલ-૭૬એમડીએ લદાખના ન્યોમામા વિશ્વની સૌથી વધુ ઊંચાઈએ લેન્ડિંગ કરીને ઈતિહાસ રચી દીધો છે. આઈએલ-૭૬ એમડી હેવી લિફ્ટ ટ્રાન્સપોર્ટ વિમાન લડાખના ન્યોમા એરફિલ્ડ પર ૧૩,૬૨૯ ફૂટની ઊંચાઈએ સફળતાપૂર્વક ઉતારીને આ સિદ્ધિ રચવામાં આવ્યો છે. આ સિદ્ધિ ભારતીય હવાઈદળના અત્યંત ઊંચાઈએ વિમાન લેન્ડ કરાવવાના ઈતિહાસમાં નવો અધ્યાય જોડે છે. તેમા હિમાલયના અત્યંત આકરા હવાઈ વિસ્તારોમાં હવાઈ પરિવહનનો સમાવેશ થાય છે.

આઈએલ-૭૬ એમડી રશિયામાં બનેલું ચાર એન્જિનવાળું ભારે પરિવહન વિમાન, સૈનિકો-સાધનની હેરફેરમાં ઉપયોગી

ઈન્ડિયન એરફોર્સે સોશિયલ મીડિયા પર તેની જાણકારી આપતા જણાવ્યું હતું કે ભારતીય હવાઈદળના એક આઈએલ-૭૬ એમડી વિમાને લડાખના ન્યોમામાં સફળતાપૂર્વક લેન્ડિંગ કરીને ઈતિહાસ રચ્યો છે. આ વિશ્વભરમાં આ વિમાન દ્વારા કરવામાં આવેલું અત્યંત ઊંચું લેન્ડિંગ છે. પૂર્વ લદાખમાં આવેલું ન્યોમા ચીન સાથેની વાસ્તવિક અંકુશ રેખાની અત્યંત નજીક હોવાના કારણે ભારત માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વનું છે. આ સફળ લેન્ડિંગ એટલા માટે મહત્ત્વનું છે કેમકે વધુ ઊંચાઈ પર ભારે પરિવહન વિમાનોનું સંચાલન કરવું અત્યંત મુશ્કેલ હોય છે. આટલી ઊંચાઈ પર હવા અત્યંત પાતળી હોય છે. તે વિમાનને ઉપર ઉઠાવવાથી લઈને તેના એન્જિનના પ્રદર્શન પર પણ અસર પાડે છે. તેથી અહીં ટેકઓફ અને લેન્ડિંગ બંને પડકારજનક હોય છે.



આઈએલ-૭૬ એમડી રશિયામાં બનેલું ચાર એન્જિનોવાળું ભારે પરિવહન વિમાન છે. તેને સૈનિકો, સાધનો અને સામાનને એકથી બીજી જગ્યાએ લઈ જવા ડિઝાઈન કરવામાં આવ્યું છે.

આઈએલ-એમડી૭૬ વિમાનની ખાસિયત

નવી દિલ્હી, તા. ૭

આઈએલ-એમડી૭૬ ભારતીય હવાઈદળનું એક ભારે માલવાહક વિમાન ગજરાજ છે. તેમા સૈનિકો, ટેન્કો, તોપો અને ભારે વાહનો લઈ જઈ શકાય છે. આ વિમાન ૪૦થી ૫૦ ટન વજન લઈ જઈ શકે છે. તે લગભગ ચાર હજારથી પાંચ હજાર કિ.મી.ની ઉડાન ભરી શકે છે. તેની મહત્તમ સ્પીડ પ્રતિ કલાક ૮૫૦ કિ.મી. છે. સામાન્ય રીતે તેમા પાંચથી સાત ક્રૂ હોય છે.

મિલર ૨૦૧૫થી ટ્રમ્પના ગાઢ સહયોગી

વ્હાઈટ હાઉસના નવા ચીફ ઓફ સ્ટાફ તરીકે કટ્ટરવાદી સ્ટીફન મિલર

વોશિંગ્ટન,તા.૭

અમેરિકાની મિડટર્મ ચૂંટણીના પરિણામ પછી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વહીવટી ફેરફાર કરતાં સુસી વાઈલ્સના સ્થાને સ્ટીફન મિલરને વ્હાઈટ હાઉસના નવા ચીફ ઓફ સ્ટાફ નીમ્યા છે. સુસી વાઈલ્સે ગુરુવારે તેના હોદ્દા પરથી રાજીનામું આપ્યું

ટ્રમ્પની આકરી ઈમિગ્રેશન નીતિઓ અને આઈસીઈના પગલા પાછળ મિલર માસ્ટર માઈન્ડ

ટ્રમ્પે નવા નીમેલા ચીફ ઓફ સ્ટાફ સ્ટીફન મિલર તેમના વિશ્વાસપાત્ર સહયોગીઓમાં સામેલ છે. તેઓ ટ્રમ્પની અમેરિકા ફર્સ્ટની નીતિને આકરામાં આકરી રીતે જમીન પર ઉતારવા જાણીતા છે. તે હાલમાં વ્હાઈટ હાઉસના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફના હોદ્દા પર કાર્યરત હતા. ટ્રમ્પની આકરી ઈમિગ્રેશન નીતિઓ તૈયાર કરવામાં તેમની મહત્ત્વની ભૂમિકા હતી. મિલર ટ્રમ્પના બીજા કાર્યકાળમાં સૌથી વધુ પ્રભાવશાળી અને વિવાદાસ્પદ સલાહકારોમાં એક ગણવામાં આવે છે.તે ટ્રમ્પ સાથે ૨૦૧૫થી જોડાયેલા છે. હાલમાં આઈસીઈની આકરી કાર્યવાહી મિલરના ભેજાની પેદાશ મનાય છે. મિલરની ભૂમિકા હવે ઈમિગ્રેશન પૂરતી જ નહીં હોય. તે સરકારી કર્મચારીઓની સંખ્યા ઘટાડવાના, ડાઈવર્સિટી કાર્યક્રમો રોકવા અને સંઘીય એજન્સીઓની સત્તામાં વધારો કરવાની તરફેણમાં રહ્યા છે. સુસી વાઈલ્સ હવે ટ્રમ્પના રાજકીય સંગઠનમાં કામ કરશે. ટ્રમ્પે સુસીને ચૂંટણી પરિણામ માટે જવાબદારી માની હતી.


જાહેર નોટિસ


જાહેર સાવચેતી



ઈરાનનું ફ્રીડમ પ્રાઈઝ અને જર્મની




જર્મનીમાં ઈરાનને ઈનામ આપવામાં આવ્યું. આ ઈનામ કોઈ સામાન્ય નહોતું. ફ્રીડમ પ્રાઈઝ એવોર્ડ આખેઆખા ઈરાનને સમર્પિત કરવામાં આવ્યો. આ એવોર્ડ ઈરાનના એક સમયના રાજપરિવારના સદસ્ય રેઝા પહેલવીએ સ્વીકાર્યો. ઈરાનમાં સત્તા પર બેસેડવા માટે રેઝા પહેલવીને તૈયાર કરવામાં આવી રહ્યા છે. પરંતુ, સવાલ એ છે કે, તેમને તૈયાર કોણ કરી રહ્યું છે? અમેરિકા કે પછી ચીન? આ સવાલનો જવાબ સમય જ આપશે.

દેશ-દુનિયા

હિંમત હોય તો કશું જ અસંભવ નથી!


એસ્મી ગમર


માઈકલ બેયનોન


કેરી બ્રેડશો


ડેવિડ એગ્યુલાર


જહોની હન્ટિંગ્ટન


લી ફેંગકિયાંગ



જીવનમાં મુશ્કેલીઓ આવે ત્યારે ઘણા લોકો હાર માની લે છે, પરંતુ કેટલાક લોકો મુશ્કેલીઓને જ પોતાની તાકાત બનાવી દે છે. કોઈ અકસ્માતમાં બંને પગ ગુમાવ્યા પછી એવરેસ્ટ સર કરે છે, તો કોઈ લકવાગ્રસ્ત થયા પછી હજારો કિલોમીટર દોડે છે. આજે આવા જ કેટલાક ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સની વાત. **લકવાગ્રસ્ત થયા પછી ૫,૦૦૦ કિમી દોડ્યાં :** બ્રિટનની ૩૫ વર્ષીય એસ્મી ગમર ૧૮ વર્ષની ઉંમરે સર્જરી દરમિયાન કમરથી નીચે લકવાગ્રસ્ત થઈ ગઈ હતી. ડોક્ટરોએ ફરી ચાલી શકવાની શક્યતા ઓછી હોવાનું જણાવ્યું હતું. ૨૦૨૬માં તેણે ૯૯ દિવસમાં બ્રિટન અને આયર્લેન્ડમાં આશરે ૫,૦૦૦ કિમી દોડીને વિશ્વવિક્રમ બનાવ્યો. **બંને પગ ગુમાવ્યા છતાં એવરેસ્ટ સર કર્યો :** નેપાળના હરિ બુઢા મગરે અફઘાનિસ્તાનમાં આર્મી સ વસ દરમિયાન વિસ્ફોટમાં બંને પગ ગુમાવ્યા હતા. પરંતુ તેમણે હિંમત ન હારી. ખાસ પ્રોસ્થેસિસ લેગની મદદથી માઉન્ટ એવરેસ્ટ સર કરીને બંને પગ ઘૂંટણથી ઉપર ગુમાવ્યા હોવા છતાં આ સિદ્ધિ મેળવનાર પ્રથમ વ્યક્તિ બન્યા. **લેગો રમકડાંથી હાથ બનાવ્યો :** એન્ડોરાના ડેવિડ એગ્યુલારનો જમણો હાથ જન્મથી જ ખામીગ્રસ્ત નહોતો. નવ વર્ષની ઉંમરે લેગોના ટુકડાઓથી હાથ બનાવવાનું શરૂ કર્યું. ૧૮ વર્ષની ઉંમરે હાથ તૈયાર કર્યો. આજે પોતાની ટેકનોલોજીથી અન્ય દિવ્યાંગ બાળકોને પણ મદદ કરે છે. **સ્ટ્રોક પછી દક્ષિણ ધ્રુવ સુધી સ્કીઈંગ :** બ્રિટનના જહોની હન્ટિંગ્ટનને ૨૮ વર્ષની ઉંમરે સ્ટ્રોક આવ્યો હતો, જેના કારણે શરીરની ડાબી બાજુ લકવાગ્રસ્ત થઈ ગઈ હતી. સારવાર બાદ તેમણે એન્ટાર્કટિકામાં ૯૧૧ કિમીની એકલ સ્કીઈંગ સફર ૪૫ દિવસમાં પૂરી કરીને દક્ષિણ ધ્રુવ પહોંચવાનો વિશ્વવિક્રમ બનાવ્યો. **બે વખત હિપ રિપ્લેસમેન્ટ બાદ મેરેથોન દોડી :** અમેરિકાની કેરી બ્રેડશોએ બે વખત હિપ રિપ્લેસમેન્ટ સર્જરી કરાવી હતી. તેમ છતાં દોડવાનું ચાલુ રાખ્યું. હ્યુસ્ટન મેરેથોન ૩ કલાક, ૪૨ મિનિટ અને ૩૧ સેકન્ડમાં પૂરી કરીને બંને હિપ બદલાવ્યા બાદ સૌથી ઝડપી મેરેથોન પૂરી કરનાર મહિલા બન્યાં. **બંને હાથ ગુમાવ્યા, પગથી મોજાં પહેરવાનો રેકોર્ડ :** ચીનના લી ફેંગકિયાંગે આઠ વર્ષની ઉંમરે ઈલેક્ટ્રિક કરંટમાં બંને હાથ ગુમાવ્યા હતા. ત્યારબાદ પગથી રોજિંદાં કામ કરતાં શીખ્યા. ૪૮ વર્ષની ઉંમરે માત્ર ૨૫.૭૩ સેકન્ડમાં પગથી મોજાં પહેરીને ઉતારવાનો વિશ્વવિક્રમ બનાવ્યો. **સ્વિમિંગ અને સાઇકલિંગ શીખીને ટ્રાયથલોનમાં રેકોર્ડ :** બ્રિટનના માઇકલ બેયનોન ડાઉન સિન્ડ્રોમની સમસ્યા ધરાવે છે. પહેલાં તેમને સ્વિમિંગ અને સાઇકલિંગ આવડતું નહોતું. ટ્રેનિંગ બાદ સ્પ્રિન્ટ ટ્રાયથલોન ૨ કલાક, ૨૯ મિનિટ અને ૧૧ સેકન્ડમાં પૂરી કરીને પોતાની કેટેગરીમાં વિશ્વવિક્રમ બનાવ્યો. આ તમામ કહાણીઓનો એક જ સંદેશ છે કે, પરિસ્થિતિ ગમે તેવી હોય હિંમત અને આત્મવિશ્વાસ હોય તો જીવનમાં નવી શરૂઆત શક્ય છે.

કોઈએ સ્ટ્રોક પછી દક્ષિણ ધ્રુવ સુધી સ્કીઈંગ કર્યું તો કોઈએ બંને પગ ગૂમાવ્યા બાદ માઉન્ટ એવરેસ્ટ સર કર્યો

કોઈએ લેગોથી હાથ બનાવ્યા તો કોઈએ લકવાગ્રસ્ત બન્યા બાદ ૫૦૦૦ કિમી દોડીને સૌને પ્રોત્સાહન આપ્યું

હવે ફિલ્મ નિર્દેશક બનવાના માર્ગે

રણબીરે નિર્દેશક બનવા માટે પોતાની ફિલ્મની પટકથા લખવાની શરૂ કરી

મુંબઈ, તા. ૭

રાજકપૂરના ફિલ્મ બનાવવાના વારસાના જાળવી રાખવાના મનસૂબા સાથે રણબીર કપૂર ફિલ્મ નિર્દેશક બનવાના માર્ગે ધીમે ધીમે મક્કમ ડગ માંડી રહ્યો છે.



અ ક મુલાકાતમાં તેણે જણાવ્યું હતું કે તે થોડા મહિનાઓથી પોતાની ફિલ્મની પટકથા લખી રહ્યો છે.

રણબીરે જણાવ્યું હતું કે આગામી વર્ષો એક્ટર તરીકે તેનો છેલ્લો દાયકો બની રહેશે.

એ પછી તે ફિલ્મ દિગ્દર્શક બનવા ભણી પોતાનું ધ્યાન કેન્દ્રિત કરશે. રણબીર પરિવાર સાથે બેસી જોઈ શકાય તેવી સારી પારિવારિક ફિલ્મો બનાવવા માંગે છે.રણબીરે જણાવ્યું હતું કે હાલ તે વર્ષમાં માત્ર ૧૨૫ દિવસ જ કામ કરતો હોઈ મારી પાસે સ્ટોરીઓ લખવાનો ઘણો સમય રહે છે.


રણબીર એક્ટર બનતાં પહેલાં ભણશાળીની ફિલ્મ બ્લેકમાં આસિ.ડાયરેક્ટર હતો

પરપલ પેબલ પિક્ચરનું પ્રથમ નિર્માણ વેન્ટિલેટર હતું

નિર્માત્રી તરીકે પ્રિયંકાનો એક દાયકો, મરાઠી ફિલ્મ વેન્ટિલેટર ટુ બનાવશે

મુંબઈ, તા. ૭

પ્રિયંકા ચોપડા જોનાસે તેના પ્રોડક્શન બેનર પરપલ પેબલ પિક્ચર બેનર તળે બનાવવામાં આવેલી પહેલી ફિલ્મ વેન્ટિલેટરની સિક્વલ વેન્ટિલેટર ટુ બનાવવાની જાહેરાત કરી હતી. ૨૦૧૬માં વેન્ટિલેટર ફિલ્મ બનાવી નિર્માણ ક્ષેત્રે પ્રિયંકાએ કદમ મુક્યા હતા.



પ્રિયંકાએ જણાવ્યું હતું કે દસ વર્ષ અગાઉ મેં કશોક અર્થ ધરાવતી સ્ટોરીઓ કહેવાનું નક્કી કરી આ નિર્માણ હાઉસ શરૂ કર્યું હતું. અમારી પ્રથમ ફિલ્મ વેન્ટિલેટર હતી. દસ વર્ષ બાદ રાજેશ માપુસકર ફરી આ ફિલ્મની કથા લખી રહ્યા છે અને તેઓ આ ફિલ્મનું નિર્દેશન કરશે.

ફિલ્મના કળાકારો તથા કસબીઓની જાહેરાત કરવામાં આવી નથી. ફિલ્મને ૨૦૨૭માં રજૂ કરવાની નેમ જાહેર કરવામાં આવી છે.

વેન્ટિલેટરની સિક્વલના નિર્દેશક તરીકે રાજેશ માપુસકરને ફરી પાછાં બોલાવાયા

સોશિયલ મીડિયા પરના ફોટામાં રાહાનો ચહેરો છુપાવ્યો

આલિયા અને રણબીરે તેમની પુત્રી રાહાનો ચોથો જન્મદિવસ બે કેક કાપી ઉજવ્યો

મુંબઈ, તા. ૭

આલિયા ભટ્ટ અને રણબીર કપૂરે તેમની પુત્રી રાહાના ચોથા જન્મદિવસની ઉજવણી ઘરમાં બપોરે કેક કાપીને કરી હતી. આલિયાએ રાહાના જન્મદિવસની ઉજવણીની તસવીરો તેના ઈન્સ્ટા પર મુકી હતી પણ તેમાં રાહાનો ચહેરો ન દેખાય તેવી કાળજી લેવામાં આવી હતી. રાહાના જન્મદિને બે કેક કાપવામાં આવી હતી જેમાંથી એક કેક બાળ એનિમેટેડ બ્લુઈ સિરિઝથી પ્રેરિત હતી.

આલિયા અને રણબીરે તેમના



નિવાસસ્થાન વાસ્તુમાં પરિવાર તથા નજીકના મિત્રોની હાજરીમાં ૧૪ એપ્રિલ ૨૦૨૨ના રોજ લગ્ન કર્યા હતા. જ્યારે રાહાનો જન્મ ૬ નવેમ્બર ૨૦૨૨ના રોજ થયો હતો. બ્રહ્માસ્ત્ર પાર્ટ વન ફિલ્મના શૂટિંગ દરમ્યાન બંને જણાં એકમેકને ડેટ કરતાં જણાયા હતા. આલિયાએ કેપ્શનમાં જણાવ્યું હતું, અમારું લીટલ યુનિકોર્ન. તે ચાર વર્ષની થઈ.

આલિયા અને રણબીર હવે સંજય લીલા ભણશાળીની આગામી ફિલ્મ લવ એન્ડ વોરમાં સાથે જોવા મળશે. ફિલ્મમાં વિક્કી કૌશલ પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે.

આલિયા પતિ રણબીર સાથે હવે સંજય લીલા ભણશાળીની ફિલ્મ લવ એન્ડ વોરમાં સાથે જોવા મળશે

અપૂર્વ લાખિયાને સપ્ટેમ્બરમાં અકસ્માત થયેલો

સાત અઠવાડિયે પ્લાસ્ટર કઢાવી અપૂર્વ લાખિયા માતૃભૂમિના ટ્રેલર લોન્ચમાં

મુંબઈ, તા. ૭

માતૃભૂમિ ફિલ્મના નિર્દેશક અપૂર્વ લાખિયાએ મુંબઈના એક મલ્ટીપ્લેક્સમાં યોજાયેલાં ફિલ્મના ટ્રેલર લોન્ચ કાર્યક્રમમાં એલ આકારની વોકિંગ સ્ટિકના સહારે ચાલીને આવતાં બધાનું ધ્યાન તેમના ભણી ખેંચાયું હતું. અપૂર્વ લાખિયાને સપ્ટેમ્બરની મધ્યમાં પેરાગ્લાઈડિંગ કરતી વખતે ખરાબ લેન્ડિંગ થવાને કારણે ગંભીર ઈજાઓ થઈ હતી. બે જગ્યાએ ગંભીર ફ્રેકચર થયા હોવાનું લાખિયાએ જણાવ્યું હતું.



અપૂર્વ લાખિયાએ જણાવ્યું હતું કે સાત અઠવાડિયા બાદ ગઈકાલે જ પ્લાસ્ટર કાઢવામાં આવ્યું હતું. ફિલ્મ ચોથી ડિસેમ્બરે રજૂ થઈ રહી છે ત્યારે તમને પેટમાં ફાળ પડી રહી છે કે કેમ તેવા સવાલના જવાબમાં અપૂર્વ લાખિયાએ જણાવ્યું હતું કે જ્યારે સલમાનખાન તમારી ફિલ્મમાં હોય પછી કોઈ ચિંતા રહેતી નથી.

માતૃભૂમિના ટ્રેલર લોન્ચમાં ઈજાગ્રસ્ત અપૂર્વ લાખિયા એલ આકારની વોકિંગ સ્ટિકના સહારે ચાલીને આવ્યો

શી જિનપિંગ, વ્લાદિમીર પુતિન અને ડોનાલ્ડ ટ્રમ્પની ત્રિપુટીનું જોડાણ વૈશ્વિક રાજકારણને વ્યાપક અસર કરશે

શેનજેન APEC સમિટ : ત્રણ મહાસત્તાઓનું સર્જાઈ રહેલું મહાજોડાણ

શેનજેન APEC સમિટના આયોજનને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વૈશ્વિક મુત્સદ્દીગીરીના કેન્દ્રમાં એક જ પ્રશ્ન સૌથી વધુ ગુંજી રહ્યો છે, શું ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એક જ ટેબલ પર આમને-સામને બેસીને વૈશ્વિક વ્યવસ્થાની નવી સીમારેખાઓ દોરશે? દક્ષિણ એશિયાથી લઈને પશ્ચિમી જગત સુધીના તમામ સત્તાના કોરિડોરમાં આ સંભવિત બેઠક અંગે ચાલી રહેલા પડદા પાછળના દાવપેચોએ જબરદસ્ત ઉત્તેજના જગાવી છે. આ માત્ર કોઈ પરંપરાગત બહુપક્ષીય વાર્તાલાપ નથી, પરંતુ ૨૧મી સદીના ભૂ-રાજકીય સમીકરણોને મૂળથી બદલી નાખવાની ક્ષમતા ધરાવતો સંભવિત G-૩ મોરચો ટેકનોલોજીનું પાટનગર ગણાતું શેનજેન શહેર હાલ આ વૈશ્વિક રાજકીય નાટકના મુખ્ય મંચ તરીકે ઊભરી આવ્યું છે. પરંપરાગત રીતે APEC પરિષદ એશિયા-પેસિફિક ક્ષેત્રના આર્થિક સહયોગ, વેપાર વૃદ્ધિ અને સપ્લાય ચેઈનની સ્થિરતા માટે જાણીતી છે. પરંતુ આ વખતે પ્રાદેશિક આર્થિક સહકારના તમામ ઔપચારિક મુદ્દાઓ બાજુ પર ધકેલાઈ ગયા છે અને માત્ર અમેરિકા, ચીન અને રશિયા વચ્ચે ત્રિપક્ષીય શિખર વાર્તાલાપની શક્યતાનો મુદ્દો ચર્ચાની એરણે ચડ્યો છે. બંધ બારણે યોજાઈ રહેલી વાટાઘાટો અને વહીવટી સ્તરની ગુપ્ત બેઠકો સંકેત આપે છે કે બેઈજિંગ, મોસ્કો અને વોશિંગ્ટનના ટોચના મુત્સદ્દીઓ આ ઐતિહાસિક મુલાકાતને સાકાર કરવા માટે સતત મનોમંથન કરી રહ્યા છે.

આ સંભવિત ત્રિપક્ષીય મહા-વાર્તા પાછળનું ગણિત અત્યંત ગૂંચવણભર્યું છે. ખાસ કરીને કેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવ દ્વારા આપવામાં આવેલું સત્તાવાર નિવેદન કે આ ત્રણેય નેતાઓની મુલાકાત ગોઠવવા માટે ઝડપી કામગીરી ચાલી રહી છે, તે દર્શાવે છે કે રશિયા આ બેઠક માટે સૌથી વધુ ઉત્સુક છે. યુક્રેન સંઘર્ષ બાદ પશ્ચિમી દેશો દ્વારા લાદવામાં આવેલા આકરા પ્રતિબંધો અને આંતરરાષ્ટ્રીય એકલતાનો સામનો કરી રહેલા રશિયા માટે આ મંચ પોતાની ગુમાવેલી વૈશ્વિક પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરવાની સોનેરી તક સમાન છે. પુતિન સારી રીતે જાણે છે કે જો તેઓ વોશિંગ્ટન અને બેઈજિંગ સાથે સમાન સ્તરે વાર્તાલાપના ટેબલ પર બેસવામાં સફળ થશે, તો તે પશ્ચિમી પ્રતિબંધોની દીવાલોને તોડવા અને મોસ્કોને ફરીથી અનિવાર્ય વૈશ્વિક સત્તા સાબિત કરવા તરફનું મોટું પગલું સાબિત થશે.

બીજી તરફ, ડોનાલ્ડ ટ્રમ્પની રાજકીય શૈલી હંમેશાં અણધારી અને આશ્ચર્યજનક નિર્ણયોથી ભરેલી રહી છે. ટ્રમ્પ આંતરરાષ્ટ્રીય સંબંધોને કોઈ જટિલ વિચારધારાત્મક દ્રષ્ટિકોણથી મૂલવવાને બદલે સીધા અને સચોટ વ્યાપારી સોદા તરીકે જુએ છે. તેમની વિદેશ નીતિ 'અમેરિકા ફર્સ્ટ'ના પાયા પર ટકેલી છે, જ્યાં પ્રત્યેક બેઠકનો અર્થ અમેરિકન હિતો માટે શ્રેષ્ઠ વળતર મેળવવાનો હોય છે. ટ્રમ્પ માટે આ ત્રિપક્ષીય મંચ વેપાર ખાધ ઘટાડવા, ટેરિફની રણનીતિનો લાભ ઉઠાવવા અને વૈશ્વિક બજારોમાં અમેરિકાનું પ્રભુત્વ કાયમ રાખવા માટેનું સચોટ હથિયાર બની શકે છે.

જોકે, આ સમગ્ર ખેલમાં સૌથી નાજુક અને નિર્ણાયક સ્થિતિ ચીનની છે. એક પોતાની ધરતી પર આ પ્રકારની ઐતિહાસિક બેઠકનું સફળ આયોજન કરીને શી જિનપિંગ આખી દુનિયાને એ સાબિત કરવા માંગે છે કે વૈશ્વિક રાજકારણની ધરી હવે પશ્ચિમથી ખસીને પૂર્વ તરફ આવી ચૂકી છે. ચીન પોતાને માત્ર આર્થિક મહાસત્તા તરીકે જ નહીં, પરંતુ વૈશ્વિક વિવાદોને ઉકેલવાની ક્ષમતા ધરાવતા સર્વોચ્ચ મધ્યસ્થી તરીકે પ્રસ્થાપિત કરવા આતુર છે.

જો બેઈજિંગ આ બંને શક્તિશાળી નેતાઓને એક જ મંચ પર સફળતાપૂર્વક બેસાડી શકે, તો તે શી જિનપિંગની વ્યક્તિગત કૂટનીતિક કારકિર્દીની સૌથી મોટી ઉપલબ્ધિ ગણાશે.-

જાણકારોના મતે, આ સિક્કાની બીજી બાજુ ચીન માટે ભારે જોખમી છે. બેઈજિંગનું વિદેશ મંત્રાલય અત્યંત સાવચેતીપૂર્વક આગળ વધી રહ્યું છે તેનું મુખ્ય કારણ ટ્રમ્પ અને પુતિન જેવા અનિશ્ચિત નેતાઓ સાથે એક જ મંચ વહેંચવાનું મોટું જોખમ છે. ચીનની અર્થવ્યવસ્થા હાલ આંતરિક પડકારો, મંદ વૃદ્ધિદર અને સંભવિત વેપાર યુદ્ધના જોખમો સામે ઝઝૂમી રહી છે. આવા સંવેદનશીલ તબક્કે જો ટ્રમ્પ પ્રેસ કોન્ફરન્સમાં કોઈ અનપેક્ષિત વિધાન કરે અથવા તાઈવાન, દક્ષિણ ચીન સાગર કે ટેકનોલોજી પ્રતિબંધો જેવા બાબતો પર ચીનને જાહેરમાં ભીંસમાં લેવાનો પ્રયાસ કરે, તો ચીન માટે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્ષોભજનક સ્થિતિ સર્જાઈ શકે છે. શી જિનપિંગ ક્યારેય એવું નહીં ઈચ્છે કે પોતાના આંગણે યોજાયેલી પરિષદ ચીનનું અપમાન કરનારા મંચમાં ફેરવાઈ જાય.

આ ત્રણેય મહાસત્તાઓ વચ્ચેનો મૂળભૂત તફાવત તેમની સંપૂર્ણપણે વિરોધાભાસી અગ્રતાઓમાં રહેલો છે. જ્યારે અમેરિકા આર્થિક પ્રભુત્વ અને વેપાર યુદ્ધોને પોતાની તરફેણમાં વાળવા માગે છે, ત્યારે રશિયા પોતાની સુરક્ષા ચિંતાઓ, યુરોપિયન સરહદો પર પોતાનો પ્રભાવ અને રાજદ્વારી પુનર્જીવનની શોધમાં છે. સાથોસાથ ચીન પોતાના ઔદ્યોગિક હિતોનું રક્ષણ કરવા, તાઈવાનના મુદ્દે પોતાની સાર્વભૌમત્વની સીમાઓ સ્પષ્ટ કરવા અને અમેરિકન ટેરિફથી પોતાની નિકાસલક્ષી અર્થવ્યવસ્થાને બચાવવા માટે મરણિયા પ્રયાસો કરી રહ્યું છે. જ્યારે ત્રણ પક્ષોના મૂળભૂત હિતો આટલા વિરોધી હોય, ત્યારે કોઈ સર્વસંમત એજન્ડા ઘડવો એ રાજદ્વારી દ્રષ્ટિએ હિમાલય ચડવા સમાન કપરું કામ છે.



આ સંભવિત બેઠકના માર્ગમાં સૌથી મોટો અવરોધ પરસ્પર અવિશ્વાસની ઊંડી ખીણ છે. ત્રણેય દેશો વચ્ચેના સંબંધો શંકા, ગુપ્તતા અને વ્યૂહાત્મક સ્પર્ધાથી ઘેરાયેલા છે. વોશિંગ્ટન અને બેઈજિંગ વચ્ચેનું ટેકનોલોજી યુદ્ધ ચરમસીમા પર છે, જ્યારે મોસ્કો અને વોશિંગ્ટન વચ્ચેના સંબંધો શીતયુદ્ધ પછીના સૌથી નીચલા સ્તરે પહોંચી ચૂક્યા છે. આવા સમયે જો માત્ર ફોટો-ઓપ માટે અથવા પ્રતીકાત્મક સંદેશ આપવા ખાતર આ બેઠક યોજવામાં આવે, તો પણ તેના કોઈ દીર્ઘકાલીન પરિણામો મળવાની સંભાવના નહિવત જણાય છે. આ અવિશ્વાસ જ એ પરિબળ છે જે છેલ્લી ઘડીએ આ સમગ્ર આયોજનને રદ કરાવવા માટે પૂરતું સાબિત થઈ શકે છે.

જો આ મહા-મુલાકાત છેલ્લી ઘડીએ રદ થાય, તો તેનો વિકલ્પ દ્વિપક્ષીય વાટાઘાટોનો રહેશે. ચીન ખૂબ જ સરળતાથી ટ્રમ્પ સાથે અલગ રૂમમાં અને પુતિન સાથે અલગ રૂમમાં બેઠક યોજીને જોખમોને સીમિત કરી શકે છે. દ્વિપક્ષીય વાર્તાલાપમાં એજન્ડા નિયંત્રણમાં રહે છે અને અનિચ્છનીય વિવાદો સાર્વજનિક થવાનું જોખમ નહિવત હોય છે. પરંતુ જો બેઈજિંગ આ જોખમ ઉઠાવવાનું નક્કી કરે અને ત્રિપક્ષીય મંચ ખરેખર સાકાર થાય, તો તે આંતરરાષ્ટ્રીય સંબંધોના ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ ઘટના બની રહેશે. તે સંકેત આપશે કે વિશ્વ હવે બે-ધ્રુવીય કે એક-ધ્રુવીય નથી રહ્યું, પરંતુ ત્રિ-ધ્રુવીય સત્તા સંતુલનના નવા યુગમાં પ્રવેશી ચૂક્યું છે.

સમગ્ર પરિસ્થિતિનું તારણ એ દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં કાયમી મિત્રો કે કાયમી શત્રુઓ હોતા નથી, માત્ર કાયમી હિતો હોય છે.

> પુતિન સારી રીતે જાણે છે કે જો તેઓ વોશિંગ્ટન અને બેઈજિંગ સાથે સમાન સ્તરે વાર્તાલાપના ટેબલ પર બેસવામાં સફળ થશે, તો તે પશ્ચિમી પ્રતિબંધોની દીવાલોને તોડવા અને મોસ્કોને ફરીથી અનિવાર્ય વૈશ્વિક સત્તા સાબિત કરવા તરફનું મોટું પગલું સાબિત થશે : ટ્રમ્પની વિદેશ નીતિ 'અમેરિકા ફર્સ્ટ'ના પાયા પર ટકેલી છે, જ્યાં પ્રત્યેક બેઠકનો અર્થ અમેરિકન હિતો માટે શ્રેષ્ઠ વળતર મેળવવાનો હોય છે. ટ્રમ્પ માટે આ ત્રિપક્ષીય મંચ વેપાર ખાધ ઘટાડવા, ટેરિફની રણનીતિનો લાભ ઉઠાવવા અને વૈશ્વિક બજારોમાં અમેરિકાનું પ્રભુત્વ કાયમ રાખવા માટેનું સચોટ હથિયાર બની શકે છે : શી જિનપિંગ પોતાની ધરતી પર આ પ્રકારની ઐતિહાસિક બેઠકનું સફળ આયોજન કરીને આખી દુનિયાને એ સાબિત કરવા માંગે છે કે વૈશ્વિક રાજકારણની ધરી હવે પશ્ચિમથી ખસીને પૂર્વ તરફ આવી ચૂકી છે. ચીન પોતાને માત્ર આર્થિક મહાસત્તા તરીકે જ નહીં, પરંતુ વૈશ્વિક વિવાદોને ઉકેલવાની ક્ષમતા ધરાવતા એક સર્વોચ્ચ મધ્યસ્થી તરીકે પ્રસ્થાપિત કરવા આતુર છે

આ બેઠકની વૈશ્વિક રાજકારણ, અર્થવ્યવસ્થા પર સંભવિત અસરો

ટ્રમ્પની વેપાર નીતિઓ મુખ્યત્વે આક્રમક ટેરિફ અને દ્વિપક્ષીય સોદાબાજી પર આધારિત છે.

જો ચીન અને અમેરિકા વચ્ચે આ મંચ પર કોઈ અસ્થાયી વેપાર સમજૂતી થાય, તો વૈશ્વિક શેરબજારો અને રોકાણકારોને તાત્કાલિક રાહત મળશે. જોકે, જો વાટાઘાટો નિષ્ફળ જાય અને ટેરિફ વોર વધુ ઉગ્ર બને, તો વૈશ્વિક ફુગાવો વધવાની અને આંતરરાષ્ટ્રીય જીડીપી વૃદ્ધિ દર ધીમો પડવાની પ્રબળ આશંકા રહેશે. તેવી જ રીતે રશિયા વિશ્વનું મોટું ઊર્જા નિકાસકાર છે. જો આ બેઠકમાં રશિયન ઓઈલ અને ગેસ પરના પશ્ચિમી પ્રતિબંધો અંગે કોઈ રાહત લાવવાની ચર્ચા થાય, તો વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ સ્થિર થઈ શકે અથવા નીચા આવી શકે છે.

આનાથી યુરોપિયન અને એશિયન બજારોમાં ઊર્જા ખર્ચ ઘટશે, જે વૈશ્વિક ઉત્પાદન ક્ષેત્ર માટે ફાયદાકારક સાબિત થશે. બીજી તરફ ચીન પોતાના આર્થિક પ્રભાવને બચાવવા માટે પુરવઠા શૃંખલા પરની પોતાની પકડ મજબૂત રાખવા માંગશે. બીજી તરફ, અમેરિકા ક્રિટિકલ ટેકનોલોજી અને સેમિકન્ડક્ટર સેક્ટરમાં ચીન પરની નિર્ભરતા ઘટાડવા મક્કમ રહેશે. આ ખેંચતાણ વૈશ્વિક કંપનીઓને ઉત્પાદન માટે અન્ય વૈકલ્પિક દેશો શોધવા વધુ મજબૂર કરશે. આ ઉપરાંત ભારત ઉપર પણ તેની વ્યૂહાત્મક હિતો અને જિયોપોલિટિક્સ અંગે વ્યાપક અસર પડશે. ભારત અમેરિકા સાથે 'ક્વાડ' (QUAD) અને વ્યૂહાત્મક ભાગીદારી દ્વારા જોડાયેલું છે, જ્યારે રશિયા ભારતનું ઐતિહાસિક સંરક્ષણ અને ઊર્જા ભાગીદાર છે. જો ટ્રમ્પ અને પુતિન વચ્ચેના સંબંધોમાં સુધારો થાય, તો ભારત પર રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઈલ કે સંરક્ષણ સાધનો ખરીદવા બાબતે પશ્ચિમી દેશોનું જે દબાણ રહેતું હતું તે નોંધપાત્ર રીતે ઘટી જશે.

આ સિવાય એલએસી મુદ્દે, મેક ઈન ઈન્ડિયાના પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ યોજના મુદ્દે પણ ઘણો ફાયદો થશે. શેનજેનમાં રમાઈ રહેલી આ રમત માત્ર ત્રણ નેતાઓ વચ્ચેની ચર્ચા નથી, પરંતુ તે ૨૧મી સદીના વૈશ્વિક સત્તા સંતુલનને નવો આકાર આપનારી ઘટના છે. ભારત આ તમામ પ્રક્રિયા પર તીક્ષ્ણ નજર રાખીને પોતાની વિદેશ નીતિમાં સંતુલન જાળવી રાખવા માટે પોતાના તમામ રાજદ્વારી વિકલ્પો ખુલ્લા રાખશે.

મોદી જણાવે ટ્રમ્પ સામે સરેન્ડર કોણે કર્યું ? : કોચીની રેલીમાં દિપકેનો સવાલ

મોદી ક્યારેય પણ ગાંધી, આંબેડકર કે નેહરુથી મોટા નહીં બની શકે : દિપકે

નવી દિલ્હી, તા. ૭

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકે, અભિનેતા પ્રકાશ રાજ સહિતનાએ દિવાળીના એક દિવસ અગાઉ કેરળના કોચીમાં એસઆઈઆર મુદ્દે વિરોધ પ્રદર્શન કર્યા હતા. કોચીમાં જંતર મંતર નામથી આયોજીત આ વિરોધ પ્રદર્શનમાં અભિજીત દિપકેએ કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ક્યારેય પણ જવારલાલ નેહરુ, બી. આર. આંબેડકર કે મહાત્મા ગાંધીજીથી મોટા નહીં થઈ શકે. દિપકે અને પ્રકાશ રાજની આ રેલીમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

ગાંધીજી દેશની આત્મા, આંબેડકર કરોડરજ્જુ , નેહરુ મસ્તક, ૧૨૦ વર્ષ સત્તામાં રહે તો પણ મોદી તેમનું સ્થાન ના લઈ શકે : સીજેપી નેતા

અધુરી જાણકારી ધરાવતી નેહા બોરાને એવો વહેમ છે કે તે દરેક વિષય પર ઉપદેશ આપી શકશે : જસ્ટિસ કાત્જુ

તાજેતરમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો પક્ષ મિડ ટર્મ ચૂંટણીમાં પાછળ ધકેલાયો છે, એવામાં અભિજીત દિપકેએ પૂછ્યું હતું કે હું નરેન્દ્ર મોદી જણાવે કે ટ્રમ્પની સામે કોણે સરેન્ડર કર્યું? ટ્રમ્પના કહેવાથી રશિયાનું ક્રૂડ ખરીદવાનું બંધ કરવાનો નિર્ણય કોણે લીધો હતો? દિપકેએ વધુમાં કહ્યું હતું કે ભારતે ૧૮ ટકા ટેરિફ ચુકવવો પડ્યો એવી સમજૂતીનો કોણે સ્વીકાર કર્યો ? અમે નહીં પણ તમે આ દેશને વેચ્યો છે. મે પહેલા જ કહ્યું હતું કે મહાત્મા ગાંધી ભારતની આત્મા છે, ડો. બાબાસાહેબ આંબેડકર ભારતનું કરોડરજ્જુ છે, જ્યારે પંડિત જવાહરલાલ નેહરુ ભારતનો માથું

છે. જ્યારે જેન-ઝીના આંદોલન સમયે જાણીતો ચહેરો બનેલ ડાબેરી વિદ્યાર્થી સંગઠન અધ્યક્ષા નેહા બોરાના એક નિવેદનને લઈને વિવાદ સર્જાયો છે. નેહા બોરાએ કહ્યું હતું કે મંદિરમાં પુજારીઓ રેપ કરે છે, બ્રાહ્મણ મહિલાઓ પણ સુરક્ષિત નથી. આ નિવેદનની ટીકા કરતા સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ માર્કંડેય કાત્જુએ કહ્યું હતું કે નેહા બોરાને એવુ લાગી રહ્યું છે કે તે પોતાની અધુરી જાણકારીના આધારે કોઈ પણ મુદ્દે જ્ઞાન આપી શકશે. નેહાએ બ્રાહ્મણવાદ શબ્દનો ઉપયોગ કર્યો છે આ શબ્દ પરથી એવી ધારણા બંધાય છે કે તમામ બ્રાહ્મણો અત્યાચાર કરનારા છે. એક લેખમાં માર્કંડેય કાત્જુએ નેહા બોરાની ટીકા કરી હતી. સાથે જ જાતિ વ્યવસ્થાને અગાઉના જમાનામાં ફાયદાકારક પણ ગણાવી હતી.

અનેક દેશો મારફતે બ્રિટન પહોંચેલી રકમ ભારત આવી હોવાની શંકા

ભારતના આંતરિક મુદ્દે દખલ, ૧૦ લાખ ડોલરની લેવડ-દેવડની તપાસ શરૂ

નવી દિલ્હી, તા. ૭

ભારતના સ્થાનિક મામલામાં દખલ આપવા અને ૧૦ લાખ ડોલરની શંકાસ્પદ લેનદેન મામલામાં કેન્દ્રીય એજન્સી ઈડીએ તપાસ શરૂ કરી છે. આ મામલામાં બે વિદેશી એજન્સીઓ શંકાના ઘેરામાં છે. જેની સામે જ આ તપાસ ચાલી રહી છે. આ મોટી રકમ અનેક દેશો મારફતે અંતે ભારત સુધી પહોંચાડવામાં આવી હતી.

માત્ર કેનેડાથી જ પાંચ લાખ ડોલર બ્રિટનની કંપનીના ખાતામાં જમા થયા, ઈડીએ લિંક શોધવાની તજવીજ હાથ ધરી

ભારતના આંતરિક મામલામાં દખલ દેવામાં આવી ઉપરાંત આશરે ૧૦ લાખ ડોલરની શંકાસ્પદ લેનદેન પણ થઈ હોવાની ઈડીને શંકા છે. આ રકમ અન્ય દેશોમાં ફરીને બ્રિટન પહોંચી હતી, બ્રિટનમાં એક એવી એજન્સીને આ રકમ મળી હતી કે જેની લિંક ભારત સાથે જોડાયેલી છે.

ઈડીના જણાવ્યા મુજબ આ પુરા નેટવર્કમાં જર્મની, દુબઈ, લિથુઆનિયા, કેનેડા, બ્રિટન જેવા અનેક અધિકાર ક્ષેત્ર સામેલ છે. ટેક્સ હેવન ગણાતા દેશ સેંટ કિટ્સ એન્ડ નેવિસમાં રજિસ્ટર્ડ કંપની ટીસીસી ડિજિટલ માર્કેટ્સ લિ.ને ફન્ડિંગનો સ્ત્રોત ગણાવી છે. જ્યાંથી આ નાણા લેયરિંગ થઈને ભારતમાં કેટલીક સંસ્થાઓ કે વ્યક્તિઓ સુધી પહોંચ્યા હતા.

તપાસમાં સામે આવ્યું હતું કે ૧૦ લાખ ડોલરની ખરેખર શરૂઆત જર્મનીના ડોક્ટર મૈથિયાસ કાર્લ વોગ્ટ ટ્રસ્ટથી થઈ હતી, જર્મનીના કાયદાઓથી બચવા માટે આ રકમને લિથુઆનિયાની એક કંપની એક્સવેબ રિજિટલ યૂએબીને ટ્રાન્સફર કરવામાં આવી હતી. રિજિટલ કરંસી દ્વારા આ લેવડદેવડ થઈ હતી. બ્રિટનની જે કંપનીને આ રકમ મળી તેના બેન્ક ખાતામાં ફેબ્રુઆરી અને માર્ચ ૨૦૨૬ વચ્ચે ૧૦ લાખ ડોલર આવ્યા હતા. તપાસ દરમિયાન એજન્સીને કેનેડામાં રજિસ્ટર્ડ એક અન્ય કંપની ઝેડ-વેબ રિજિટલ ઈંકના શંકાસ્પદ લેન દેનની જાણકારી મળી હતી.

આપઘાત માટે નદીમાં કૂદેલી મહિલા મગરના હુમલાથી ડરી, અંતે બચાવ !

બેંગલુરુ,તા.૭

કર્ણાટકના ઉડુપી જિલ્લામાં એક મહિલાએ આપઘાતના હેતુસર કુમારધારા નદીમાં કૂદકો માર્યો. નદીમાં મગરમચ્છે એના પર હુમલો કર્યો, જે પછી પોલીસ અને સ્થાનિક લોકોની મદદથી એને બચાવી લેવાઈ.

પોલીસે બનાવની માહિતી આપતા જણાવ્યું કે, આ બનાવ બુધવારે રાત્રે બન્યો. મહિલા, પોતાની જિંદગીના પ્રશ્નોના મુદ્દે હેરાન થઈ ગઈ હતી. એણે મોતની ઈચ્છા સાથે નદીમાં છલાંગ લગાવી દીધી.

પોલીસે કહ્યું કે જ્યારે સ્ત્રી, પાણીમાં હતી ત્યારે એક મગરમચ્છ એને કરડી ગયો, જેનાથી એને નાના મોટા ઘા પડ્યા.

વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, મગરના હુમલા પછી મહિલાએ મદદ માટે બૂમ પાડી જે સાંભળીને એક કર્મચારીએ પોલીસને માહિતી પૂરી પાડી. પોલીસ જવાનો તુર્ત જ ઘટનાસ્થળે પહોંચ્યા અને સ્થાનિક લોકોની મદદથી મહિલાને નદીમાંથી બહાર કાઢીને સુરક્ષિત સ્થળે પહોંચાડી.

એ પછી એને સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવાઈ, જ્યાં એને પ્રાથમિક સારવાર પૂરી પડાઈ.પોલીસે મહિલાના કુટુંબીજનોને બનાવથી વાકેફ કર્યા અને મહિલાને સલાહસૂચન આપીને કેટુંબીજનો સાથે એને ઘેર મોકલી અપાઈ.

કેદારનાથ નજીક ભૈરવનાથ મંદિરે ભક્તોની ભીડ



કેદારનાથ ધામની નજીક આવેલું શ્રી ભૈરવનાથ મંદિર અનેક રીતે ખાસ છે. ભગવાન શિવના રૌદ્ર સ્વરૂપને સમર્પિત મંદિર કેદારનાથ મંદિરથી ૨ કિમી જેટલી ઊંચાઈએ આવેલું છે. માનવામાં આવે છે કે, આ મંદિરના દર્શન સિવાય કેદારનાથની યાત્રા અધૂરી રહે છે. બાબા ભૈરવનાથને કેદારનાથ ધામના રક્ષક માનવામાં આવે છે. એવી માન્યતા છે કે, શિયાળામાં ભારે બરફવર્ષા બાદ કેદારનાથ મંદિરના કપાટ બંધ થાય છે ત્યારે, ભૈરવનાથજી સમગ્ર કેદાર ખીણ અને મંદિરની રક્ષા કરે છે. કાળી ચૌદસના દિવસે અહીં વિશેષ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં દિવાળી ઉજવી



પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં દિવાળી ઉજવી હતી, તે સમયે તેઓની ઓવલ ઓફીસમાં કેટલાયે ખ્યાતનામ અગ્રણીઓ ઉપસ્થિત હતા, આ પૈકી જી.ઓ.ક્યુ આઈઆઈ ટેકનોલોજીના ફાઉન્ડર ડીરેક્ટર વિશાલ ગોંડલે તેઓને પવિત્ર હનુમાન ચાલીસાનું અંગ્રેજી લિપિમાં ટાઈપ કરેલું પુસ્તક પણ પ્રમુખને ભેટ આપ્યું હતું. આ પ્રસંગે ભારતના યુ.એસ. સ્થિત રાજદૂત વિનય મોહન કવાત્રા, અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયોની સાથે ઉપસ્થિત હતા. અન્ય મહાનુભાવોમાં એફ.બી.આઈ.ના ડીરેક્ટર કાશ પટેલ, નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ હેલ્થના ડાયરેક્ટર ડો. જય ભટ્ટાચાર્ય, આઈબીએમના સી.ઈ.ઓ. અરવિંદ કિશ્ના, ખ્યાતનામ શેફ વિકાશ ખન્ના, ડેપ્યુટી કમિશ્નર ઓફ ધી સોશ્યલ સિક્યુરીટી એડમિનિસ્ટ્રેશન અર્જુન મોદી ઉપસ્થિત હતા. વિશાલ ગોંડલ ઉપરાંત ઢલ્લા ગ્રુપ ઓફ કંપનીઝના રૂબી ઢલ્લા, નેક સીસ્ટીમ્સના રાજીવ શર્મા, કેશવમ્ ડીસીના વિશ્વજિત મલ્લમપટ્ટી તથા હેતલકુમાર પટેલ પણ તે સમારોહમાં હાજર રહ્યા હતા.

પાક. સૈન્યએ માશવાની પરિવારોના ૩૦૦ ઘર બરબાદ કર્યા

બલુચિસ્તાનમાં પાક.નો અત્યાચાર અનેક લોકો હિજરત કરવા લાચાર

નવી દિલ્હી, તા. ૭

પાકિસ્તાનથી આઝાદ થવા માટે આંદોલન ચલાવી રહેલા બલુચિસ્તાનમાં પાક. સૈન્યનો અત્યાચાર દિવસે ને દિવસે વધી રહ્યો છે. પરિસ્થિતિ એટલી કફોડી છે કે અનેક લોકો પોતાના પૂર્વજોના ઘર છોડીને હિજરત કરવા માટે મજબુર થયા છે. જેમાં માશવાની જાતિના લોકો સૌથી વધુ પ્રભાવિત થયા છે. આ જાતિના આશરે ૩૦૦ ઘરોને પરિવારજનો છોડીને જતા રહ્યા છે.

ઉગ્રવાદીઓના બહાને સામાન્ય નાગરિકોના ઘરો પર પાક. સૈન્યના બેફામ ગોળીબારથી સ્થાનિકોમાં ફફડાટ

પાકિસ્તાની મીડિયાના જણાવ્યા મુજબ હાલમાં બલુચિસ્તાનમાં અનેક વિસ્તારોમાં ઠંડી અને વરસાદ પડી રહ્યો છે. એવામાં અનેક લોકો હિજરત કરવા માટે મજબુર થઈ રહ્યા છે. એટલુ જ નહીં પાકિસ્તાની સૈન્યએ આ વિસ્તારમાં ખુબ ગોળીબાર કર્યો હતો જેને કારણે તેમના મકાનોને ભારે નુકસાન પહોંચ્યું હતું. જે પણ લોકોએ હિજરત કરી છે તેમા મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. બલુચિસ્તાનના સ્થાનિક મીડિયાના જણાવ્યા મુજબ આ પરિવારજનો હાલ આશ્રય માટે ભટકી રહ્યા છે. બુધવારે કિલી મોહમ્મદ ખૈલ વિસ્તારમાં પાકિસ્તાની સુરક્ષાદળો અને સશસ્ત્રદળો વચ્ચે સામસામે ભારે ઘર્ષણ થયું હતું.

હાલમાં બલુચિસ્તાનમાં હથિયારો સાથે વિરોધ કરી રહેલા લોકો પર પાક. સૈન્ય હુમલા કરી રહ્યું છે. સ્થાનિક પખ્તૂનખ્વા નેશનલ અવામી પાર્ટીનું કહેવું છે કે આતંકવાદીઓ અને ઉગ્રવાદીઓના સફાયાના બહાને નાગરિકોનો સફાયો થઈ રહ્યો છે.



સોમવારે પડતર દિવસ, મંગળવારે નૂતન વર્ષ

અંધકાર પર પ્રકાશનો વિજય : આજે દિવાળીનું પર્વ ઉલ્લાસપૂર્વક ઉજવાશે

અમદાવાદ, શનિવાર

વર્ષભરની ભાગદોડ, સુખ-દુઃખ અને અનેક યાદોને પાછળ છોડીને પ્રકાશના પર્વ દિવાળીની ઉજવણી માટે ગુજરાત સજ્જ બન્યુ છે આવતીકાલ-રવિવારે આસો વદ અમાસના સમગ્ર રાજ્યમાં દિવાળીની ઉજવણી કરાશે. સોમવારે પડતર દિવસ છે જ્યારે મંગળવારે નૂતન વર્ષનું સ્વાગત કરાશે.

મોડી રાત સુધી આતશબાજી થશે, વેપારીઓ ચોપડા પૂજન કરશે: મંદિરોમાં અન્નકૂટના આયોજન

દિવાળી માટે નવા વસ્ત્રો, ઘરના સુશોભનની ચીજવસ્તુ, મીઠાઇ, ફટાકડા ખરીદવા માટે મોડી રાત સુધી ધમધમાટ જોવા મળ્યો હતો. ઢાલગરવાડ, ત્રણદરવાજા મળી હતી.આવતીકાલે દિવાળીના પર્વ નિમિત્તે ઘરઆંગણે દીવડાં પ્રગટશે, રંગબેરંગી રંગોળીની ભાતો સજશે અને લક્ષ્મીજીના આગમની આશા સાથે વેપારીઓ દ્વારા ચોપડા પૂજન જોડાયેલી છે.દિવાળીએ ભારતમાં સદીઓથી પ્રકાશ અને પ્રગતિના પ્રતીક તરીકે ઉજવાતું પર્વ છે. અંધકારમાંથી પ્રકાશ તરફ લઇ જતો આ તહેવાર અનેક પાવન પ્રસંગનો સંગમ

સિંધુ ભવનમાં વોટર બાઉઝર સાથે ફાયર બ્રિગેડની ટીમ તૈનાત રહેશે

દિવાળીના પગલે અમદાવાદ શહેરના ૧૮ ફાયર સ્ટેશન હાઈ એલર્ટ પર રખાયા છે. કાલુપુર, રીલિફ રોડ, લાલ દરવાજા અને બાપુનગર જેવા અતિ ગીચ વિસ્તારોમાં મોટર સાઈકલ વિથ મિસ્ટ ટેકનોલોજી અને ક્વિક રિસ્પોન્સ વિહિકલની ખાસ વ્યવસ્થા કરાઈ છે. જ્યારે એસ.જી. હાઈવે, સિંધુભવન રોડ અને એસ.પી. રીંગ રોડ પર વોટર બાઉઝર સાથે કર્મચારીઓ સ્ટેન્ડબાય રહેશે.

જેવા પૂર્વના વિસ્તારોમાં પગ મૂકવાની પણ માંડ જગ્યા મળે તેટલી મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે ઉમટી પડ્યા હતા. બીજી તરફ મોલમાં પણ ખરીદી માટે ભારે ભીડ જોવા કરશે. દિવાળીની ઉજવણી માત્ર દીવડા અને ફટાકડા પૂરતી સીમિત નથી. આ પર્વ વેપાર-ધંધાની નવી શરૂઆત, પરંપરા, પરિવારનું મિલન, સામાજિક સંબંધોની મીઠાશ સાથે છે. આ જ પર્વના સમુદ્રમંથનમાંથી લક્ષ્મીજી પ્રગટ થયા, પાંડવો વનવાસ પૂર્ણ કરીને, ભગવાન રામ રાવણનો વધ કરીને અયોધ્યા પધાર્યા હતા.

નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં અમદાવાદીઓને શુધ્ધ હવા નહીં

દિવાળીના તહેવારોના આગમન સમયે જ અમદાવાદ શહેરનો શ્વાસ રૂંધાયો

અમદાવાદ,શનિવાર

દિવાળીના પર્વનું આગમન થયુ છે ત્યારે ત્યારે જ અમદાવાદ શહેરમાં વાયુ પ્રદૂષણે માઝા મૂકી છે. ઔદ્યોગિક વિસ્તારો તો ઠીક,રહેણાંક વિસ્તારોમાં હવા અત્યંત 'ઝેરી' સ્તરે પહોંચી ગઈ છે. દિવાળી પહેલા જ અમદાવાદ શહેરની હવાની ગુણવત્તા એટલી હદે કથળી કે, એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૫૦ને પાર પહોંચી ચૂક્યો છે. આ જ સ્થિતી રહી તો, દિવાળીમાં ફટાકડાં ફુટ્યાં બાદ શહેરમાં હવાની સ્થિતિ વધુ ગંભીર બને તેવી ભીતિ સેવવામાં આવી રહી છે.

ચાંદખેડા, નિકોલ, મણિનગર, રખિયાલમાં AQI ૧૫૦ને પાર, ચીમની-વાહનોનો ધુમાડો,બાંધકામની ધૂળ જવાબદાર


એક બાજુ, અમદાવાદ શહેરને પ્રદુષણમુક્ત બનાવવાના વાયદા-વચન અપાયા છે પણ લાખો કરોડોના ધુમાડા પછી પણ અમદાવાદીઓને હજુ શુધ્ધ હવા નસીબ થઇ નથી. અત્યાર સુધી સ્થિતી કાબુમાં હતી પણ નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં બધાય દિવસોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૫૦ને પાર રહ્યો છે. શહેરમાં પ્રદૂષણની સ્થિતિ કેટલી ગંભીર છે તેનો અંદાજ એર ક્વોલિટી ઈન્ડેક્સના આંકડા પરથી લગાવી શકાય છે જેમકે, નિકોલમાં ૧૫૯, જજીસ બંગલો ૧૫૯, મણિનગર ૧૫૭, ઈસનપુર ૧૫૬, નારણપુરા ૧૫૪, ચાંદખેડા ૧૫૬, રખિયાલ, ૧૫૬, ઘાટલોડિયા ૧૫૪, નારોલ ૧૫૪, શાહીબાગ ૧૫૪ એર ક્વોલિટી ઈન્ડેક્સ રહ્યો હતો. ટૂંકમાં, દિવાળીના તહેવારો સમયે રહેણાંક અને વ્યાપારિક વિસ્તારોમાં પણ શ્વાસ લેવો મુશ્કેલ બન્યો છે.

વટવા, ઓઢવ, નારોલ અને પીપળજ જેવા ઔદ્યોગિક વિસ્તારોની ફેક્ટરીઓમાંથી નીકળતો ધુમાડો હવામાં

(અનુસંધાન છઠ્ઠે પાને)

કાળી ચૌદશના દિવસે અમદાવાદમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ

નિકોલ	૧૫૯	ઘાટલોડિયા	૧૫૪
જજીસ બંગલો	૧૫૯	નારોલ	૧૫૪
મણિનગર	૧૫૭,	શાહીબાગ	૧૫૪
ઈસનપુર	૧૫૬	બિમાનગર	૧૫૨
નારણપુરા	૧૫૪	ફતેવાડી	૧૫૧
ચાંદખેડા	૧૫૬	ગ્યાસપુર	૧૫૧
રખિયાલ	૧૫૬	હેબતપુર	૧૫૧



આસ્થા, ઉમંગ, આજના વ્યસ્ત જીવનમાં પરિવારના સદસ્યો-મિત્રો સાથે ગોષ્ઠી કરવાનો અવસર, સ્વાદનો શંભુમેળો આ તમામ લાક્ષણિકતા જેનામાં છે તેવું પર્વ દિવાળી આવતીકાલ-રવિવારે ગુજરાતભરમાં ઉલ્લાસપૂર્વક ઉજવાશે. મોંઘવારી, સેન્સેક્સમાં અપ-ડાઉન, નોકરી-વ્યવસાયમાં પ્રતિસ્પર્ધા જેવી દરરોજની પળોજણમાંથી દિવાળીનો તહેવાર 'પેઈન કિલર' જેવી ભૂમિકા અદા કરતો હોય છે. ફટાકડા તેમજ મીઠાઈ દ્વારા તહેવારોના રાજા દિવાળીની ઉજવણી કરવા માટે અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. દિવાળી પૂર્વે અમદાવાદના પૂર્વ વિસ્તાર સહિત મોલમાં પણ મોટી સંખ્યામાં લોકો છેલ્લી ઘડીએ ખરીદી માટે ઉમટી પડ્યા હતા. (તસવીર : સુરેશ મિસ્ત્રી)

હવે વર્ષ ૨૦૩૨માં પડતર દિવસ આવશે

'પડતર'ની પળોજણ : છેલ્લા ૧૦ વર્ષમાં ૬ વખત 'ધોકો'

અમદાવાદ,શનિવાર

દિવાળી પછી પડતર દિવસનો ક્રમ સળંગ પાંચમાં વર્ષે યથાવત્ રહ્યો છે.છેલ્લા ૧૦ વર્ષ એટલે કે ૨૦૧૭થી ૨૦૨૬ દરમિયાન દિવાળી અને નૂતન વર્ષ વચ્ચે પડતર દિવસ આવેલો છે. જેમાં ૨૦૨૦ અને ૨૦૨૨થી ૨૦૨૬ સુધીના વર્ષનો સમાવેશ થાય છે. હવે વર્ષ ૨૦૩૨ સુધી પડતર દિવસ વગર દિવાળીના તહેવારોની ઉજવણી થઈ શકશે. વાઘ બારસથી જે દિવાળી પર્વનું ઝુમખું શરૂ થાય છે તેમાં પડતર દિવસે બ્રેક મારે છે કારણ કે ધનતેરસ, કાળી ચૌદસ પછી દિવાળી બેસે છે પરંતુ દિવાળી પછીનો દિવસ નૂતન વર્ષાભિનંદન હોતો નથી. એક ખાલી દિવસ હોય છે આથી બેસતા વર્ષ માટે એક દિવસની રાહ જોવી પડે છે.ધોકા માટે ભારતીય વર્ષની ગણતરી ચંદ્રની

(અનુસંધાન છઠ્ઠે પાને)

એન.એ. ની અરજી નામંજૂર કરવાના વિવાદમાં

અમદાવાદ કલેક્ટરને ઝટકો : રૂપિયા ૧ લાખનો દંડ ચૂકવવા હાઈકોર્ટનો આદેશ

અમદાવાદ, શનિવાર

એક મહિલાની ખેતીની જમીનને બિનખેતીના ઉપયોગમાં ફેરવવા અંગેની એનએની અરજી અમદાવાદ કલેકટરે એક વખત નામંજૂર કર્યા બાદ મહિલાએ હાઈકોર્ટમાં અરજી કરતાં હાઈકોર્ટે અગાઉ કલેકટરને કાયદાનુસાર નિર્ધારિત સમયમર્યાદામાં નવેસરથી નિર્ણય લેવા હુકમ કર્યો હતો.

હાઈકોર્ટના હુકમ બાદ કલેક્ટરના પગારમાંથી દંડની એક લાખ રૂપિયાની રકમ કાપીને રજિસ્ટ્રીમાં જમા કરાવવાની રહેશે

જો કે, અમદાવાદ જિલ્લા કલેકટરે ફરીથી પણ એના એ જ કારણો આગળ ધરી મહિલાની એનએની અરજી નામંજૂર કરી હતી. જેને પગલે અરજદાર હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, અરજદાર મહિલાને લીટીગેશન્સ સહિતની પડેલી હાલાકી અમદાવાદ કલેકટરે ભરપાઇ કરવાની રહેશે અને તેથી દંડની એક લાખ રૂપિયાની રકમ કલેકટરે પોતાના પગારમાંથી એક મહિનામાં હાઈકોર્ટ રજિસ્ટ્રીમાં જમા કરાવવા હુકમ કર્યો

(અનુસંધાન છઠ્ઠે પાને)

કલેક્ટર પોતાને સુપરપાવર ઓથોરિટી માની વર્તી રહ્યા છે : હાઈકોર્ટ

હાઈકોર્ટે અમદાવાદ કલેકટરના વલણને લઈ ટીકા કરતાં જણાવ્યું કે, આ પહેલી ઘટના નથી જ્યાં કલેકટરે એક સુપરપાવર ઓથોરિટી તરીકે કામ કર્યું હોય અને પોતાને એક એવી વ્યક્તિ તરીકે માનતા હોય, જે પોતાની ઈચ્છા અને ઈચ્છા મુજબ કાર્ય કરી શકે છે. કલેકટરને શાણપણ પ્રાપ્ત થાય અને તેઓ કાયદા અનુસાર કાર્ય કરે તેવી અપેક્ષા હેઠળ વાદીઓને સમાન સત્તાઓ આપવામાં આવે છે. આ કોર્ટના મતે, દરેક વ્યક્તિએ કોર્ટના આદેશોનું સન્માન કરવું અને તેનું પાલન કરવું ફરજિયાત છે. સરકારી વિભાગો પણ તેનો અપવાદ નથી. રાજ્યના વિભાગો અથવા સાધનોએ કોર્ટના આદેશો અનુસાર ઝડપથી કાર્ય કરવું જોઈએ, અને જો આવા આદેશો કોઈ સમયપત્રક ઘડે છે, તો તેનું પાલન કરવું જોઈએ. જ્યારે પણ કોર્ટના આદેશોના પાલનમાં કેટલીક અવરોધો અથવા મુશ્કેલીઓ હોય, ત્યારે સરકારી વિભાગો અથવા તેના અધિકારીઓ પાસેથી કાયદા હેઠળ ઉપલબ્ધ યોગ્ય ઉપાયો લઈને તાત્કાલિક કોર્ટનો સંપર્ક કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. જ્યાં સરકારી વિભાગો ન તો આદેશનું પાલન કરે છે કે ન તો સમયસર કોર્ટનો સંપર્ક કરે છે, તો કાયદામાં ફક્ત એ જ શક્ય નિષ્કર્ષ કાઢી શકાય છે કે આવા અધિકારીઓ કોર્ટના આદેશનો અનાદર કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો, ઈરાદાપૂર્વક કોર્ટના આદેશનું પાલન ન કરવું. કોર્ટના આદેશનું સ્પષ્ટ ઉલ્લંઘન એ કોર્ટના અધિકાર, તેની ગરિમા અને ન્યાયના વહીવટને નુકસાન પહોંચાડવાના સંબંધિત અધિકારીના વલણને પ્રતિબિંબિત કરે છે. હાલના કેસમાં, અમદાવાદ જિલ્લા કલેકટરનું વર્તન પણ આવું જ કંઈક(અદાલતી તિરસ્કાર સમાન) છે.

અરજદાર મહિલાની એનએની અરજી નામંજૂર કરવાનો મામલો શું હતો ??

કેસની વિગતો મુજબ, અરજદાર ભૂમિકાબેન પોતાની ખેતીની જમીનને બિનખેતીના ઉપયોગમાં ફેરવવા માટે ગુજરાત જમીન મહેસૂલ સંહિતા, ૧૮૭૯ની કલમ ૬૫ હેઠળ મંજૂરી મેળવવા માગતાં હતાં. આ માટે તેમણે ૧૯ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અરજી કરી હતી. જો કે, અમદાવાદ કલેકટરે ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ તેમની અરજી નામંજૂર કરી હતી.અરજી નામંજૂર કરવા પાછળ જમીનના અગાઉના વ્યવહારોમાં ટેનન્સી એક્ટની કલમ ૬૩ હેઠળ મંજૂરી લેવામાં આવી હતી કે નહીં અને અરજદાર ખેડૂત છે કે નહીં તેવા મુદ્દાઓને આધાર બનાવવામાં આવ્યા હતા. કલેકટરના આ નિર્ણયને પડકારતાં અરજદારે અગાઉ હાઈકોર્ટમાં રિટ અરજી કરતાં હાઈકોર્ટે અરજદારને નવસેરથી એનએની પરવાનગી માટે અરજી કરવાની છૂટ આપી કલેકટરને કાયદામાં નિર્ધારિત સમયમર્યાદામાં નવેસરથી નિર્ણય લેવા જણાવ્યું હતું. જો કે, અમદાવાદ કલેકટરે ફરીથી પણ મહિલાની અરજી નામંજૂર કરી હતી., તેથી મહિલાને ફરીથી હાઈકોર્ટમાં અરજી કરવાની ફરજ પડી હતી.

મહિલાએ ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી કરી સમગ્ર મામલે અદાલતનું ધ્યાન દોરતાં જસ્ટિસ મોક્ષા કે.ઠક્કરે અમદાવાદ કલેકટરના વલણ પરત્વે ભારોભાર નારાજગી વ્યક્ત કરી હતી અને અમદાવાદ કલેકટરને સબક સમાન એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.



1000 થી 1200 વાર ના પ્લોટ
લોંગ લીઝ/ભાડેથી જોઈએ છે
સોલા સિવિલ હોસ્પિટલ પાસે
ગોતા 93270 35615



Hyundai dealerships are open 7 days a week, till 9 PM.

3 Unlimited Kilometer Warranty | 10 Road Side Assistance (RSA)

i20 starts at ₹5.99 Lakh~. ALCAZAR available in 6 & 7 seater. Hy-CNG also available in EXTER, Grand i10 NIOS & AURA. For bulk deals contact: corporatesales@hmil.net Additional benefits for CSD and KPKB customers.^

HYUNDAI

Ahmedabad: Concept Hyundai SG Highway Ph: 8980007060, Narol Ph:9099033012, Vasna Ph: 9099099404, Akhabarnagar Ph: 9825604222, **Gallops Hyundai** Shilaj Ph: 9909991939, Panjrapole / Manav Mandir Ph: 7878381666, S.G. Highway (YMCA) Ph: 8238083636, Vastral Ph: 9374611001, Baraja Ph: 9909992122, Kuha Ph: 9909049602, **Karnavati Hyundai** Sola, Ph: 9825007045, Nikol Ph: 7600330999, **Vtex Hyundai** Chandkheda Ph: 9727588880, **Veda Hyundai** Gota Ph: 9978078040, **Sharma Hyundai** Ashram Road Ph: 40018800, 7574650193, Naroda Ph: 7226079700, 9099938777, **Planet Hyundai** Ph: 9825005590, 66107000, **Pratham Hyundai** Shantipura Ph: 9377808050, **Sanand: Pratham Hyundai** Ph: 9377808050, Bavla Ph: 9925015249, Dholka Ph: 9825064181, Viramgam Ph: 9825018515, **Anand: Downtown Hyundai** Ph: 02692-619191, 9227108694, Borsad Ph:9913558265, Nadiad Ph: 252700/800, 9227108001, **Gandhinagar: Punjab Hyundai** Ph: 7820003300, Kalol Ph:7820003300, Dehgam Ph:7820003300, **Himmatnagar: Bhurawala Hyundai** Ph: 9825146286, Modasa Ph: 6354910513, Idar Ph: 6354910517, Prantij Ph: 9099047544, **Mehsana: SP Hyundai** Ph: 9687788000, Kadi Chhatral Road Ph: 9227702676, Visnagar Ph: 9274683049, Unjha Ph:9227990744, **Palanpur: Shubh Hyundai** Ph: 75758 08003, Deesa Ph: 6358376259, 7573544844, Tharad Ph:7573944944, Patan Ph: 7575030326, **Surendra Nagar: Concept Hyundai** Ph: 9879000042 Limbdi Ph: 6357688045, Dhangadhra Ph: 63578 68008, **Balasinor: President Hyundai**, Ph: 9099095407

Hyundai Okaroklay Scan here | my Hyundai | Hyundai Promise Certified Pre-Owned Car